




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. માનસિક સંતુલન જરૂરી | ૧ | ૧૦. ગહના કર્મણો ગતિ | ૨૪ |
| ૨. બ્રહ્માંડને જાણવવા માટે ચાલી રહેલા દુ:સાહસી પ્રયાસ | ૨ | ૧૧. સફળ અને સંતોષી જીવનની રીતિ-નીતિ | ૨૮ |
| ૩. સંભાળો જીવનની જાગીરને | ૬ | ૧૨. વિચાર ક્રાંતિ યુગે-યુગે | ૩૦ |
| ૪. 'તિલક'નું વિજ્ઞાન તથા દર્શન | ૭ | ૧૩. મતદારો પોતાનું કર્તવ્ય સમજે | ૩૨ |
| ૫. મહત્ત્વ વિદ્વતાનું નહીં, પવિત્ર ભાવનાઓનું | ૧૦ | ૧૪. પરિવારમાં વૃદ્ધોનું સન્માન કરીએ | ૩૫ |
| ૬. જ્ઞાનયજ્ઞ-સંસારનું સૌથી શ્રેષ્ઠ ધર્મકૃત્ય | ૧૨ | ૧૫. વિનાશથી બોધપાઠ લઈએ પ્રકૃતિને માતા માનીએ | ૩૭ |
| ૭. વ્યક્તિગત જીવનની સમસ્યાઓનું સમાધાન | ૧૫ | ૧૬. અવતારી સત્તા કેવી હોય છે ? | ૩૯ |
| ૮. સ્તુતા મયા વરદા વેદમાતા | ૧૮ | ૧૭. પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી | ૪૧ |
| ૯. પરિત્રાણાય સાધૂનામ્ વિનાશાય ચ દુષ્કૃતામ્ | ૨૧ | ૧૮. આત્મીય અનુરોધ | ૪૭ |


# અભિયાન સાધના વર્ષમાં આ નવરાત્રિ પર્વનું મહત્વ અનેરૂ છે

## (૧૭ ઓક્ટોબર થી ૨૫ ઓક્ટોબર)

*આસો નવરાત્રિ સુદ ૧ થી ૯ સુધી હોય છે. આની સાથે દશેરાનો તહેવાર પણ આવે છે. જ્યોતિષશાસ્ત્ર મુજબ નક્ષત્રોની ગણના અશ્વિનિ નક્ષત્રથી થાય છે. આથી આસો મહિનાને જ્યોતિષ વર્ષનો પ્રથમ મહિનો ગણવામાં આવે છે.*

*નવરાત્રિના તહેવાર સાથે દુર્ગાવતરણની કથા પણ જોડાયેલી છે. વર્તમાન સમયને તત્ત્વદર્શીઓએ 'યુગસંધિકાળ' તરીકે ઓળખાવ્યો છે. આ યુગની ભયંકર સમસ્યાઓમાંથી મુક્તિ મેળવવા માટે યુગ શક્તિના અવતરણની ઈચ્છા દરેકના મનમાં જાગે છે. આવી સ્થિતિમાં વ્યક્તિગત સાધના કરતાં સામૂહિક સાધનાનું મહત્ત્વ અનેકગણું છે. યુગ નિર્માણ યોજનાના સૂત્ર સંચાલકે ભાવનાશીલ અને વિવેકવાન લોકો પાસે અપેક્ષા રાખી છે કે નવરાત્રિ પર્વ વખતે સામૂહિક સાધના-અનુષ્ઠાન કરવું જોઈએ. આ જવાબદારી શક્તિપીઠો, પ્રજ્ઞાપીઠો અને શાખાઓને વિશેષ રૂપથી સોંપવામાં આવી છે. જ્યાં બે-ચાર પરિજનો હોય ત્યાં પણ સામૂહિક સાધનાની વ્યવસ્થા કરવામાં આવે. સંજોગોવશાત્ જે લોકો અનુષ્ઠાન પોતાને ઘેર રહીને કરતા હોય તેઓ પણ સાંજની આરતીમાં અને પૂર્ણાહુતિમાં બધાંની સાથે જ જોડાય. આ પ્રકારનો પ્રયત્ન પ્રત્યેક નવરાત્રિ વખતે દરેક વિચારશીલ સાધકે કરવો જોઈએ. અભિયાન સાધના વર્ષમાં જ્ઞાનયજ્ઞનાં પ્રચાર-પ્રસાર માટે પણ પ્રયત્ન કરવો જોઈએ. 'યુગ શક્તિ ગાયત્રી' પત્રિકા માં પૂ. ગુરૂદેવની અમૃતવાણી નિયમિત પ્રકાશિત થાય છે. જેથી પત્રિકાના વધુ સદસ્ય બનાવવા બધા જ પરિજનો સંકલ્પ કરશે એવી અપેક્ષા છે.*

***પૂ. ગુરૂદેવનાં અનન્ય ભક્ત પ્રચારકશ્રી ભગવાનદાસ આહૂજાએ પોતાના કચ્છ જીલ્લામાં યુગ શક્તિ ગાયત્રી પત્રિકાના નવા ગ્રાહક બનનાર પરિજનને માત્ર રૂા-૩૦=૦૦ માં જ સભ્ય બનાવવાની આપિલ કરી છે. (બાકીના રૂા-૨૫=૦૦ જ્ઞાનઘટમાંથી જમા કરાવશે) જેથી માત્ર કચ્છ જીલ્લામાં તદ્દન નવા ગ્રાહક બનનાર પરિજન આ સરનામે રૂા-૩૦=૦૦ જમા કરાવી ગ્રાહક બની શકે છે. શ્રી ભગવાનદાસ આહૂજા, ગાયત્રી પરિવાર શાખા ઝુલેલાલ સોસાયટી નરસિંહજી મંદિર પાસે ભુજ-કચ્છ-૩૭૦૦૦૧***




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫) ૭૩૦૩૯૯, ૭૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર
રૂા. ૬૦૦=૦૦
આજીવન : ૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૨ અંક - ૧૦
પ્રકાશન તિથિ ૨૫-૯-૨૦૦૧
ઓક્ટોબર - ૨૦૦૧

## માનસિક સંતુલન જરૂરી

જો તમે ઈચ્છતા હો કે જીવનમાં તમને અસફળતા, મજબૂરી કે કઠણાઈ ન મળે તો તે અસંભવ છે, તે તમારા હાથની વાત નથી. જીવન કોમળ ભાવનાઓનું ઉપવન છે, તો કાંટા, કાંકરા, કઠણ માર્ગોની શુષ્કતા અને કઠોરતાઓથી પણ ભરેલું છે. આપે બંને ચાખવાનાં છે, મધુરતા પણ અને કડવાશ પણ.

જે દુનિયાને આપ બદલી શકતા નથી તેની સાથે ઝઘડો કરવાથી શું લાભ ? જે પરિસ્થિતિમાંથી આપ બચી શકતા નથી તેને બદલવાની ઈચ્છાથી શું ફાયદો ? જે વ્યક્તિઓનો સ્વભાવ જિદ્દી, ઝઘડાખોર અને કજિયાખોર છે તેમનો વિરોધ કરવાથી અને ક્રોધ કરવાથી શું લાભ ? અસફળતા, નુકસાન અને ભૂતકાળ પર વ્યર્થ વિચારવાથી શું લાભ ? આ બધાં જ આપના મનોબળ અને માનસિક સંતુલનનો નાશ કરનાર છે.

તમારા હાથની વાત શું છે ? તમારો સ્વભાવ, તમારી સારી આદતો, તમારું માનસિક સંતુલન મનની શાંતિ, એવી દિવ્ય વાતો છે જે તમારા હાથમાં છે. એનો સંબંધ તમારી પોતાની સાથે અને તમારા અંગત વ્યક્તિત્વ સાથે છે. ધીમે ધીમે અભ્યાસ કરવાથી તમે આમાંથી દરેકને પ્રાપ્ત કરી શકો છો. એના દ્વારા તમારું જીવન સુખ અને શાંતિથી પરિપૂર્ણ થઈ શકે છે.

આથી જો સંસારમાં સુખ અને શાંતિ ઈચ્છતા હો, તો જે વાતો તમારા હાથમાં છે તેને જ વિકસિત કરો અને જે વાતો તમારા હાથમાં નથી તેના પર વ્યર્થ ચિંતન કે પશ્ચાત્તાપ છોડી દો. સ્વયં પોતાના મસ્તકના માલિક બનો. સંસાર અને વ્યક્તિઓને પોતાના માર્ગે જવા દો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બ્રહ્માંડ રહસ્ય

# બ્રહ્માંડને જાણવા માટે ચાલી રહેલા દુઃસાહસી પ્રયાસ

ભૂખ પેટની હોય કે સંપત્તિની, તે જ્યારે જાગૃત થાય છે, ત્યારે વ્યક્તિને સહજ રહેવા દેતી નથી, એટલી વ્યાકુળ બનાવે છે કે જાણે તેને ક્યાંકથી અજસ્ત્ર તૃપ્તિ મળી જાય અને ક્ષુધા શાંત થાય.

જઠરાગ્નિ શરીરનો સ્વાભાવિક ધર્મ છે. તેની પૂર્તિ તો ક્યાંક ને ક્યાંકથી, કોઈ ને કોઈ રીતે થતી જ રહે છે, પરંતુ સંપત્તિની ભૂખ એવી છે, જેનો કોઈ અંત નથી. તે જ્યારે જાગૃત થાય છે, ત્યારે 'વધુ-વધુ'નું રટણ કર્યા કરે છે અને જીવનપર્યંત ચેન લેવા દેતી નથી.

વ્યક્તિની જેમ જ રાષ્ટ્રોની પણ વૈભવ માટેની લાલસા અપ્રતિમ છે. નિર્ધન દેશો તો તેમની ગરીબી સાથેની લડાઈ લડવામાં લાગેલા છે, પરંતુ અમીર દેશોની ભૂખ અને પેટ વધતાં જ રહ્યાં છે. તેમને માટે ઉપલબ્ધ ધન પર્યાપ્ત નથી, તેમને વિપુલ વૈભવ જોઈએ. આ કેવી રીતે અને ક્યાંથી મળે ? એ માટે એમણે પ્રકૃતિની સંપદાઓનું અતિ શોષણ કર્યું. ધરતીને નીચોવી નાખી. જેટલો રસ નીકળી શકે, તેટલો કાઢી લીધો. પછી સમુદ્રનું મંથન કર્યું. ત્યાં જે કાંઈ પ્રાપ્ત થઈ શક્યું, તે નિર્દયતાથી લૂંટી લીધું. હવે એમને એવું લાગવા લાગ્યું છે કે સમુદ્રો સત્ત્વહીન થઈ ગયા છે અને ધરતી રત્નગર્ભા રહી નથી, તો એમણે આકાશ તરફ દૃષ્ટિ ઉઠાવી અને પૃથ્વીના સમીપવર્તી ખગોળીય પિંડોને પોતાનું પહેલું નિશાન બનાવ્યું. ત્યાં યાન અને ઉપગ્રહો મોકલવામાં આવ્યાં અને ત્યાંના વાતાવરણ અને પરિસ્થિતિની સાથેસાથે તેમની માટીનું વિશ્લેષણ-અધ્યયન થવા લાગ્યું. આ અધ્યયનોથી વૈજ્ઞાનિકો આશ્ચર્યચકિત થઈ ગયા. જ્યારે એમને જાણવા મળ્યું કે આ પિંડોની ધરતી પર તો અબજો-ખરબો ડોલરની લોખંડ, સોનું, પ્લેટિનમ જેવી બહુમૂલ્ય ધાતુઓ છે, તો તેમને પ્રાપ્ત કરવાની યોજનાઓ બનવા લાગી. ધનાઢ્ય દેશો આ દિશામાં સૌથી આગળ છે. તેઓ પોતાના અંતરિક્ષ કાર્યક્રમોને સતત વિકસાવી રહ્યા છે, જેનું અંતિમ લક્ષ્ય એક જ છે કે વધુમાં વધુ ઉપગ્રહો-ગ્રહો પર તેઓ પોતાનું વર્ચસ્વ સ્થાપી તેના પર હક જમાવી શકે. આ અભિયાનને 'ગોલ્ડ રશ ટુ સ્પેસ'નું નામ આપવામાં આવ્યું છે. અમેરિકાની એશફોર્ડ કંપની આ ક્ષેત્રમાં અગ્રણી છે. તેણે આ કામ માટે 'બ્રિસ્ટલ'નામનું એક અંતરિક્ષ યાન તૈયાર કરી રાખ્યું છે, જેને આ વર્ષે કોઈ પણ સમયે છોડવામાં આવશે. યોજના મુજબ આને પૃથ્વી નજીકના કોઈ પિંડ પર મોકલવામાં આવશે. ત્યાં જઈને એનાં ઉપકરણો એ ધરતીનું ખોદકામ કરશે અને એ માટીને પૃથ્વી પર લઈ આવશે. અહીં એ માટીમાંથી ખનિજો શોધી કાઢવામાં આવશે. અનુમાન છે કે આ સ્પેસ શટલ સો કિલોગ્રામ વજન લઈ જવા તથા તેટલો જ માલ પાછો લાવવામાં સક્ષમ હશે. એમાં એક કરોડ ડોલરના વિશુદ્ધ લાભની આશા છે. આ સંપૂર્ણ પરિયોજનામાં પાંચ કરોડ ડોલરના ખર્ચનો અંદાજ આંકવામાં આવ્યો છે.

આવી જ એક પરિયોજનામાં સંલગ્ન પચાસ વર્ષની ઉંમરના કોમ્પ્યુટર વિશેષજ્ઞ અને પરિયોજના અધ્યક્ષ ડૉ. જે. એફ. બેન્સનનું કહેવું છે કે તેમની પરિયોજનામાં ખનિજોને લાવવાનું કામ હાથમાં લેવામાં આવ્યું નથી, પરંતુ તેમના યાનો જુદા જુદા ગ્રહો-ઉપગ્રહોમાં જઈને ખનિજ સંપત્તિઓની શોધ કરશે અને આ સંપત્તિ એ સંપૂર્ણ ગ્રહપિંડમાં વિખરાયેલી પડી છે કે કોઈ વિશેષ ક્ષેત્ર સુધી જ સીમિત છે તેની માહિતી એકત્રિત કરશે. આ માહિતી બીજાઓને વેચીને કંપની ધન કમાશે. આનાથી જ કરોડો ડોલરની કમાણી થઈ જશે. આ સિવાય અંતરિક્ષ ભ્રમણને પર્યટન વ્યવસાયના રૂપમાં વિકસિત કરીને પણ વૈભવ ઊભો કરવાની તેની યોજના છે. આગામી દસ વર્ષોમાં આ વ્યવસાય શરૂ થઈ જશે,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એવો અંદાજ છે.

ગ્રહપિંડોને જાણવા-સમજવાની મનુષ્યની જિજ્ઞાસા કાંઈ નવી નથી. સંપૂર્ણ અંતરિક્ષ જ તેના માટે સદાય કુતૂહલનો વિષય રહ્યો છે. પૂર્વમાં જ્યારે અંતરિક્ષમાં વિજ્ઞાનની દખલગીરી નહોતી ત્યારે બધું જ અનુમાન અને નિષ્કર્ષના આધારે જ ચાલી રહ્યું હતું, પરંતુ પાછલા દશકોમાં જ્યારે તેના યાનો-ઉપગ્રહો આકાશમાં ઊડવા લાગ્યાં, ત્યારે જ ગ્રહો વગેરેની વાસ્તવિક જાણકારી પ્રાપ્ત થઈ શકી. આ સંદર્ભમાં વીતેલી કેટલીક દશાબ્દીઓમાં કેટલાંય યાનો ચંદ્ર અને મંગળ જેવા નિકટના પિંડો પર મોકલવામાં આવ્યાં, પરંતુ જે ઉપલબ્ધિ અમેરિકાના એપોલો અભિયાન દ્વારા પ્રાપ્ત થઈ, અનેક અર્થોમાં મહત્ત્વની હતી. એ પહેલો અવસર હતો, જ્યારે કોઈ બહારના ગ્રહ પર માનવીએ પગ મૂક્યો હતો. એનાથી ચંદ્રની ધરતીની સંરચના સમજવામાં ઘણી મદદ મળી. પહેલી વાર એ જાણવા મળ્યું કે ચંદ્રની અંતઃભિત્તિ (કોર) 'લોખંડ' અને 'નિકલ' જેવી ધાતુઓથી બનેલી છે. એક ચાળીસ કિ.મી. મોટી બાહ્ય દીવાલ 'પેરિડોસાઈસ'થી બનેલી છે. જ્યારે સાઠ કિ.મી. મોટા ભૂપટલ (ક્રસ્ટ) 'એનોથ્રોસાઈટ' તથા 'બૉસાલ્ટ'થી યુક્ત છે. જો કે ત્યાં નથી કોઈ જળથી બનેલા (હાઈડ્રેટેડ) ખનિજ કે નથી કોઈ હાઈડ્રોકસી સમૂહ યુક્ત ખરબચડી સંરચના. જ્યારે પૃથ્વી પર આવા પદાર્થો વિપુલ પ્રમાણમાં છે. તેમ છતાં ચંદ્રની ધરતી પર જે કાંઈ છે, તે ઓછું નથી. એ જોતાં અમીર દેશો વચ્ચે ત્યાં પહોંચવાની, વસવાટ કરવાની અને ત્યાંનાં સંસાધનોને પ્રાપ્ત કરવાની પ્રતિસ્પર્ધા સ્વાભાવિક જ છે. એમાં એક જ મુશ્કેલી સામે આવી રહી છે, તે છે જળની ઊણપ. તેમ છતાં આને અંતિમ નિષ્કર્ષ માની લેવો ન જોઈએ, કારણ કે શોધ-સંશોધન અત્યારે પણ ચાલુ જ છે. આ ક્રમમાં હાલમાં જ 'નાસા'ના વિજ્ઞાનીઓએ ત્યાં પાણી હોવાની સંભાવના વિશે એક ચોંકાવનારી ઘોષણા કરી છે. પરંતુ ઘણી જગ્યાએથી આ ઘોષણાને પડકારવામાં આવી રહી છે. એમાં રાંચી વિશ્વવિદ્યાલયના ભૂગર્ભ વિજ્ઞાનના વૈજ્ઞાનિક તથા 'ઝિયોલોજિકલ સોસાયટી ઓફ ઈન્ડિયા'ના ફેલો ડૉ. નીતિશ પ્રિયદર્શી અગ્રણી છે. એમનું કહેવું છે કે ચંદ્ર વિશેનાં કેટલાંક તથ્યો પર જો આપણે ધ્યાન આપીએ તો આપણને જાણવા મળશે કે પૃથ્વી તથા ચંદ્રનું સૂર્યથી સરેરાશ અંતર એકસરખું જ છે, પરંતુ ચંદ્ર પાસે પૃથ્વીની જેમ વાયુમંડળીય તાપ સંરક્ષણની પ્રક્રિયા નથી, તેથી એની સપાટીનું તાપમાન ૧૨૫ ડિગ્રી સે.ગ્રે. (સૂર્યથી પ્રકાશિત ક્ષેત્રમાં)થી માઈનસ ૧૬૦ ડિગ્રી સે.ગ્રે (રાત્રિના અપ્રકાશિત ક્ષેત્ર) વચ્ચે જ રહે છે. ચંદ્રની આંતરિક સપાટીમાંથી જે ગેસ નીકળે છે, તે બન્યા બાદ તરત જ અંતરિક્ષમાં લુપ્ત થઈ જાય છે, કેમ કે ચંદ્રની ગુરુત્વાકર્ષણ શક્તિ (પૃથ્વીની ૧૬.૫ ટકા) ઘણી ક્ષીણ છે. આ કારણથી તે વાયુમંડળને ટકાવી રાખવામાં અક્ષમ છે. એ જોતાં જળ વિશેની 'નાસા'ની વર્તમાન માન્યતા સાચી લાગતી નથી, તેમ છતાં કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચતાં પહેલાં ચંદ્રની ધરતીનું ભૂગર્ભીય તથા ભૂ-રાસાયણિક વિશ્લેષણ જરૂરી છે.

ડૉ.પ્રિયદર્શીના આ વાંધાને લીધે ત્યાં વસનારાઓને કેટલીક નિરાશા જરૂર થઈ છે, પરંતુ ત્યાંની સંપત્તિ ભેગી કરી લાવવામાં આ કોઈ મોટી બાધા નથી. અત્યાધુનિક સાધનોથી સજ્જ માનવયુક્ત ચંદ્રયાન થોડા દિવસ ત્યાં રોકાઈને ઘણી માટી ખોદીને પૃથ્વી પર લાવી શકે છે. આ અવશેષોમાંથી ધાતુઓ પ્રાપ્ત કરી લેવામાં આવશે.

ડૉ.પ્રિયદર્શીનો મત અત્યારે સ્વીકારી લેવો તે ઉતાવળભર્યું ગણાશે, કારણ કે અમેરિકાનું 'પ્રોસ્પેક્ટર' યાન અત્યારે પણ ત્યાં તેના શોધક યંત્રો અને યંત્રમાનવો દ્વારા ખોદકામ અને શોધકાર્યમાં લાગેલું છે. જળ વિશેની સંભાવનાનું અનુમાન અમેરિકી વિજ્ઞાનીઓએ એના દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલા સૂચનોને આધારે જ લગાડ્યું છે. 'એપોલો' અભિયાન દ્વારા લાવવામાં આવેલા ૩૮૨ ટન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પથ્થરોનું અધ્યયન પણ એની પુષ્ટિ કરે છે. ન્યુટ્રોન સ્પેક્ટ્રોમીટરે એમનામાં રહેલા હાઈડ્રોજન અણુઓને સહેલાઈથી ઓળખી લીધા છે. આનાથી ચંદ્રની સપાટી પર પાણી ભલે ન હોય, પરંતુ તેના ગર્ભમાં, વિશેષતઃ દક્ષિણ ધ્રુવ પ્રદેશની ઊંડી ખીણોમાં બરફની શિલાઓના રૂપમાં પાણી હોવું જોઈએ એ વાતની સંભાવના પ્રબળ બની જાય છે. જો આ સત્ય સાબિત થાય તો ચંદ્રને સ્ટેશનના રૂપમાં વિકસિત કરવાનું સમૃદ્ધ દેશોનું સ્વપ્ન સાકાર થઈ જશે. ત્યારે જળ અને ઓક્સિજન બન્નેની પૂર્તિ બરફ દ્વારા સરળતાથી થઈ જશે. એનાથી બીજા ખગોળીય પિંડોમાં સંપત્તિની શોધયાત્રા પણ સરળ સાબિત થશે. ચંદ્રનું ગુરુત્વાકર્ષણ બળ ખૂબ જ ઓછું છે, તેથી ત્યાંથી બીજા ગ્રહો માટેનું યાન પ્રક્ષેપણ ખૂબ જ ઓછી ઊર્જાથી સફળતાપૂર્વક શક્ય બનશે. મોટા દેશો આ ચંદ્ર-અભિયાનમાં કેટલા સફળ સિદ્ધ થાય છે, એ તો આવનાર સમય જ બતાવશે. અત્યારે તો આ બધી માત્ર સંભાવનાઓ છે.

મંગળ ગ્રહની પરિસ્થિતિઓ પૃથ્વી સાથે ઘણું સામ્ય ધરાવે છે, તેથી વૈજ્ઞાનિકો શરૂઆતથી જ ત્યાં કોઈ ને કોઈ સ્તરના જીવનની સંભાવનાની વાત કરી રહ્યા છે. એ વાત જુદી છે કે અત્યાર સુધી એની પુષ્ટિ થઈ શકી નથી, પરંતુ આ શકયતાને આજે પણ સંપૂર્ણપણે નકારી શકાઈ નથી અને ભલે કમજોર હોય, પરંતુ વૈજ્ઞાનિકોના એક વર્ગે આજે પણ એ આશા જીવંત રાખી છે કે ત્યાં જીવનના પ્રમાણ આજે નહિ તો કાલે જરૂર મળશે. ગયા વર્ષે અમેરિકાનું સોજોર્ન યાન તેના 'પાથફાઈન્ડર' રોબોટ સાથે ત્યાં ઊતર્યું અને ત્યાંની માટી સાથે ઘણા નમૂનાઓ એકત્રિત કર્યાં. એમના અધ્યયનથી જાણવા મળ્યું કે ધરતીની જેમ જ ત્યાંની માટીમાં સિલિકૉન, એલ્યુમિનિયમ અને પોટેશિયમ પ્રચુર માત્રામાં મોજૂદ છે. ત્યાંના વાતાવરણમાં ઓક્સિજન પણ ઉપલબ્ધ છે, પરંતુ ખૂબ જ અલ્પ પ્રમાણમાં છે. ત્યાંની ધરતી પર નદીઓ અને સમુદ્રોનાં ચિહ્ન મળ્યાં છે. વાઈકિંગ-૧ અને ૨ અભિયાનોના પણ આ જ નિષ્કર્ષ હતા.

આથી પહેલાં રશિયન યાનોએ પણ એ ગ્રહની તપાસ કરી હતી. તેઓ પણ કોઈ પ્રકારની જીવનની શોધ તો ન કરી શકયા, પરંતુ ત્યાં રહેલા ખનિજોની પ્રચુરતાની જાણકારી અવશ્ય આપી હતી. આના આધારે તે અભિયાનના આગેવાન રશિયન વૈજ્ઞાનિક વ્લાદિમિર જેરોકોવિચે કહ્યું હતું કે એક સમયે પૃથ્વીની ખનિજ સંપત્તિની ઊણપને પૂરી કરવામાં મંગળની ધરતી ઘણો મહત્ત્વનો ભાગ ભજવશે. કદાચ એ સમયે હવે આવી ગયો છે, જેથી ખગોળીય પિંડો પર એની શોધ કરવામાં આવી રહી છે.

આ સિવાય શનિના ચંદ્રોના અધ્યયન માટે તથા ત્યાંની ધરતી પર કઈ કઈ ખનિજો છે તેની શોધ કરવા માટે અમેરિકાએ પાછલા દિવસોમાં ત્રણસો પચાસ કરોડ ડોલરના ખર્ચે તૈયાર કરવામાં આવેલ 'કાસિની'નામનું અંતરિક્ષ યાન શનિ તરફ મોકલ્યું છે. પૃથ્વીથી ૨.૨ ખર્વ માઈલ દૂર આવેલ શનિની કક્ષામાં તે સન્ ૨૦૦૪માં પહોંચશે અને તેની ૭૪ વખત પરિક્રમા કરશે. એ દરમિયાન તે શનિના ગેસનાં વલયો તથા તેના ઉપગ્રહોનો અભ્યાસ કરશે. અંતે તે શનિના સૌથી મોટા ચંદ્ર 'ટાઈટન'ની ૪૫ પ્રદક્ષિણા કરીને તેની ધરતી પર એક નાનકડું યાન ઉતારશે, જેમાં એક શોધક રોબોટ અને સાથે ગાડી પણ હશે. રોબોટ ત્યાંની માટી-પથ્થરના નમૂના ઉઠાવીને ગાડીમાં ભરતો જશે. પછી એ બધાને ઉપર ચક્કર લગાવતા મુખ્ય યાનમાં બોલાવી લેવામાં આવશે અને ત્યાંથી તેઓ ફરીથી પૃથ્વી તરફ પ્રસ્થાન કરશે. અહીં એ નમૂનાઓનું વિશ્લેષણ કરી એ તપાસ કરવામાં આવશે કે ત્યાં કઈ કઈ ધાતુઓ રહેલી છે.

એ ઉલ્લેખનીય છે કે ટાઇટનની પરિસ્થિતિઓ પૃથ્વી જેવી છે. તે જાણી લેવામાં આવ્યું છે. આજથી લગભગ સાડા ચાર અબજ વર્ષ પૂર્વે ટાઈટન પૃથ્વી જેવો જ હતો તે જાણી લીધું છે. આ સિવાય તેની ચારે તરફ પાણીયુક્ત વાદળાં પણ જોવા મળ્યાં છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેથી વૈજ્ઞાનિકો એ જાણવા માટે ઉત્સુક છે કે પૃથ્વીની ખનિજો અને ત્યાંની ખનિજોમાં કેવી સમાનતા હશે ? શું તદ્દન નવી ધાતુઓ ઉત્પન્ન કરી તેમને પૃથ્વી પર બનાવવાનું શક્ય છે કે કેમ ? એ તો સમય જ બતાવશે કે આમાંથી કઈ સંભાવના સત્ય સાબિત થશે અને પૃથ્વીવાસીઓ માટે ત્યાંની સંપત્તિ કઈ રીતે ઉપયોગી બની શકશે ?

આ તો નિકટના જાણીતા ગ્રહપિંડોમાં સંપત્તિની શોધની ચર્ચા થઈ. સંપૂર્ણ બ્રહ્માંડની શોધ લેવી અને એમાં મોજૂદ પદાર્થોનું અને પરિસ્થિતિઓનું અનુમાન કરવું એ કદાચ માણસના વશની વાત નથી, તેમ છતાં એકવીસ વર્ષ પૂર્વે કેલિફોર્નિયાના પાસડેના જેટ પ્રોપલ્શન પ્રયોગશાળાએ વોયેજર-૧ યાનના રૂપમાં આ પ્રકારનું એક દુઃસાહસભર્યું કાર્ય કરી બતાવ્યું છે. આ યાન ચાળીસ હજાર માઇલ પ્રતિ મિનિટની તેની અતિ તીવ્ર ગતિએ શૂન્ય અંતરિક્ષમાં દોડતું જઈ રહ્યું છે. હવે તે ઘણું દૂર જઈ ચૂક્યું છે, છતાં અત્યારે પણ તેની સૌરમંડળની સીમા પાર કરવાનું બાકી છે. સૂર્ય ધરતીથી જેટલો દૂર છે તેના કરતાં સિત્તેર ગણું વધુ દૂર તે સૂર્યની પેલે પાર જઈ ચૂક્યું છે, પરંતુ તેની યાત્રા હજી અધૂરી છે. તેને તો આપણી આકાશગંગાનો પ્રવાસ ખેડવાનો હજી બાકી છે. એમાં કેટલો સમય લાગશે તે કહેવું મુશ્કેલ છે. તેના અંતરનો અંદાજ એ વાતથી લગાવી શકાય છે કે તેના દ્વારા મોકલવામાં આવેલ સંદેશાઓને પૃથ્વી સુધી પહોંચવામાં દસ કલાક લાગી જાય છે અને બે સંદેશાઓ વચ્ચેનું ધરતીથી તેનું અંતર ચાર લાખ માઈલથી પણ વધુ થઈ જાય છે. કદાચ તે તેના મિશનમાં નિષ્ફળ થઈ જાય અને કોઈ કારણથી લક્ષ્યપૂર્તિ ન કરી શકે, એ આશંકાને ધ્યાનમાં રાખીને વૈજ્ઞાનિકોએ તેના જેવું જ વોયેજર-૨ પણ છોડ્યું છે, જે વોયેજર-૧ કરતાં પાંચ વર્ષ પાછળ ચાલી રહ્યું છે. આ મિશન તેના પ્રયોજનમાં ક્યાં સુધી સફળ થશે, તે જણાવવું મુશ્કેલ છે.

દરેકને વૈભવ જોઈએ, પછી તે વ્યક્તિ હોય, સમાજ હોય કે રાષ્ટ્ર હોય. તેના પર જ એનો ભાવિ વિકાસ આધારિત છે, પરંતુ સંપત્તિની આ શોધયાત્રામાં આપણે એ વાતનો પણ પાકો નિર્ણય કરી લેવો પડશે કે ધનની શોધમાં ક્યાંક આપણે પોતાનું બધું જ ધન ગુમાવી ન બેસીએ અને કંગાળ ન થઈ જઈએ. આ વાત ધ્યાનમાં રાખીને જ કોઈ રાષ્ટ્ર આંતરગ્રહીય વૈભવનું શોધ અભિયાન સફળ-સાર્થક બનાવીશકે છે.આનાથીઓછામાંનહિ.

*રાજા દિલીપ રાજકાજમાંથી સમય કાઢીને દેશના વિભિન્ન આશ્રમો-આરણ્યકોમાં જતા હતા. તેજસ્વી રાજકુમાર રઘુ કિશોર બની ગયા તો એમને પણ સાથે લઈ જવા લાગ્યા.*

*એકવાર રઘુએ સહજ જિજ્ઞાસાવશ પૂછ્યું, ''પિતાજી, આપ મહત્ત્વના રાજકાજની જેમ જ આશ્રમોમાં જવાનું ધ્યાન રાખો છો. ઋષિઓને ઉચ્ચતમ અધિકારીઓ કરતાં પણ વધુ સન્માન આપો છો, જ્યારે પ્રત્યક્ષ રીતે એમની ઉપયોગિતા જણાતી નથી.''*

*રાજાએ કહ્યું, ''વત્સ ! સારો પ્રશ્ન કર્યો. અમે રાજ્યની આદર્શ વ્યવસ્થા ચલાવીએ છીએ. તેનું શ્રેય પણ અમને મળે છે. પરંતુ ઋષિગણ એવાં વ્યક્તિત્વોનું ઘડતર કરે છે, જે આદર્શ વ્યવસ્થાની યોજના બનાવી શકે, તેને કાર્યાન્વિત કરી શકે. જો આવાં વ્યક્તિત્વો ન બને, તો લાખ પ્રયત્નો કરવા છતાં પણ વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ જાય. જેમને કારણે આ તંત્ર વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું છે, તેના નિર્માતાઓનું જેટલું સન્માન કરવામાં આવે, તેમના પર જેટલું ધ્યાન આપવામાં આવે, તેટલું ઓછું છે. મારું ચિંતન અને સામર્થ્ય તથા તમારું વ્યક્તિત્વ પણ ઋષિગણો દ્વારા જ આ રૂપમાં ઘડાયું છે.''*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# (ત્યાગ) સંભાળો જીવનની જાગીરને

તર્કશાસ્ત્રના મહાન પંડિત શ્રી રામનાથજી નવદ્વીપ પાસેના નિર્જન વનમાં વિદ્યાલય સ્થાપીને અવિરતપણે વિદ્યાનું દાન કરવા લાગ્યા. એ અઢારમી સદીનો સમય હતો. તે વખતે કૃષ્ણનગરમાં મહારાજ શિવચંદ્રનું શાસન હતું. મહારાજ શિવચંદ્ર નીતિકુશળ શાસક હોવાની સાથોસાથ વિદ્યાપ્રેમી પણ હતા. એમણે પણ પં.શ્રી રામનાથજીની કીર્તિ સાંભળી. પરંતુ સાથે જ એમને એ જાણીને ભારે દુઃખ થયું કે આવો મહાન તથા પ્રખર વિદ્વાન ગરીબીમાં દુઃખદ દિવસો વિતાવી રહ્યો છે. મહારાજે સ્વયં જઈને સ્થિતિનું અવલોકન કરવાનો વિચાર કર્યો. પરંતુ જ્યારે તઓ પંડિતજીની ઝૂંપડીએ પહોંચ્યા ત્યારે, પંડિતજીને ખૂબ જ શાંત ભાવે વિદ્યાર્થીઓને ભણાવતા જોઈને હેરાન થઈ ગયા.

મહારાજને જોઈ પં. રામનાથજીએ તેમનું ઉચિત સ્વાગત કર્યું. ક્ષેમકુશળ પૂછયા બાદ કૃષ્ણનગર નરેશે એમને પૂછ્યું, ''પંડિત પ્રવર ! આપની શું મદદ કરી શકું ?'' પંડિત રામનાથજીએ કહ્યું, ''રાજન્! ભગવદ્કૃપાએ મારા બધા અભાવો મિટાવી દીધા છે. હવે હું પૂર્ણ છું.'' રાજા શિવચંદ્ર કહેવા લાગ્યા, ''હે વિદ્વાન ! હું ઘરખર્ચ વિશે પૂછી રહ્યો છું. શક્ય છે કે ઘરખર્ચમાં કોઈ મુશ્કેલી પડી રહી હોય ?''

પંડિત રામનાથજીએ રાજા શિવચંદ્ર તરફ એક ઉપલક દૃષ્ટિ નાખી અને પછી સ્મિત કર્યું. તેમની દૃષ્ટિ અને સ્મિતનો આ સમન્વિત પ્રકાશ બ્રાહ્મણત્વનો વૈભવ વિખેરી રહ્યો હતો, પરંતુ કૃષ્ણનગર નરેશ એનાથી અજાણ હતા. તેમનો પ્રશ્ન યથાવત્ હતો. તેમની જિજ્ઞાસા પૂર્વવત્ હતી. તેઓ પંડિતજીને કંઇક આપવા માટે ઉત્સુક-ઉતાવળાં હતા.

મહારાજ શિવચંદ્રની મનઃસ્થિતિ ઓળખી લઈ રામનાથજી કહેવા લાગ્યા, ''રાજન્ ! ઘર વિશે અને ઘરના ખર્ચ વિશે ગૃહસ્વામિની મારા કરતાં વધુ જાણે છે. જો આપને કંઇ પૂછવું હોય તો એમને જ પૂછી લો.''

કૃષ્ણનગર નરેશ પંડિતજીના ઘેર ગયા અને પં.રામનાથજીની સાધ્વી ગૃહિણીને પૂછ્યું, ''માતાજી, ઘરખર્ચ માટે કાંઈ જોઈતું તો નથી ને ?''

અનુસૂયા, મદાલસાની પરંપરામાં નિષ્ણાત એ પરમ સાધ્વીએ કહ્યું, ''મહારાજ ! ભલા સર્વસમર્થ પરમેશ્વર હોય ત્યારે તેમના ભક્તોને શું ખોટ હોઈ શકે ?''

''તેમ છતાં માતાજી !'' એવું લાગી રહ્યું હતું કે રાજા શિવચંદ્ર કંઈક વધુ જાણવા માટે ઉત્સુક છે.

''મહારાજ ! કોઈ કમી નથી. પહેરવા માટે કપડાં છે, સૂવા માટે પથારી છે. પાણી રાખવા માટે માટીનો ઘડો છે. ખાવા માટે વિદ્યાર્થી સીધું લઈ આવે છે. ઝૂંપડીની બહાર ઊગેલી ચોળીનું શાક થઈ જાય છે. પછી ભલા આનાથી વધારે જરૂર પણ શું છે ?'' આ કારણે જ અમને ક્યારેય કોઈ ઊણપ હોય તેમ લાગતું નથી.

એ વૃદ્ધ નારીનાં આ વચનો સાંભળી મહારાજ મનોમન શ્રદ્ધાથી ઝૂકી ગયા. તેમ છતાં પ્રગટમાં એમણે આગ્રહ કર્યો, ''દેવી ! અમે ઈચ્છીએ છીએ કે આપને કેટલાંક ગામોની જાગીર આપી દઈએ. એનાથી થતી આવકમાંથી ગુરુકુળ પણ સારી રીતે ચાલી શકશે અને આપના ગૃહજીવનમાં પણ કોઈ અભાવ નહિ રહે.''

તે વૃદ્ધ બ્રાહ્મણીએ ઉત્તરમાં સ્મિત કર્યું અને કહેવા લાગી, ''રાજન્ ! દરેક મનુષ્યને પરમાત્માએ જીવનરૂપી જાગીર પહેલાંથી જ આપી રાખી છે. જે આ જીવનની જાગીરને સારી રીતે સંભાળી રાખવાનું શીખી જાય છે, તેને પછી કોઈ વસ્તુનો અભાવ રહેતો નથી.''

આ સંતુષ્ટ અને શ્રુત સાધક દંપતીનાં ચરણોમાં નરેશનું મસ્તક શ્રદ્ધાથી ઝૂકી ગયું.

***બુદ્ધને એક નાગરિકે પૂછ્યું, ''ભગવાન ! આપના અનુયાયીઓમાં શારીરિક શણગારની આકાંક્ષા કેમ નથી જાગતી ?'' તથાગત બોલ્યા - ''હે શ્રેષ્ઠ ! જ્યારે અંતઃકરણ શણગારી લેવામાં આવે છે તો શરીરની સજાવટ નિરર્થક લાગવા માંડે છે. શરીર પર તો નિર્વાહ માટે જેટલું જરૂરી છે, તેટલું જ ધ્યાન જાય છે.''***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

संस्कृति

# 'તિલક'નું વિજ્ઞાન તથા દર્શન

હિંદુ પરંપરામાં મસ્તક પર તિલક કરવાનું ધાર્મિક કાર્યો સાથે જોડાયેલું છે. દરેક શુભ અવસરે આવું કરવાનું પ્રસન્નતાનું, સાત્ત્વિકતાનું, સફળતાનું ચિહ્ન માનવામાં આવે છે. કોઈ મહત્ત્વના કાર્ય કે વિજય અભિયાનમાં જતી વખતે અબીલ, હળદર, ચંદન કે કંકુનું તિલક કરવામાં આવે છે. ઉપાસનામાં ષટ્કર્મનું આ એક અભિન્ન અંગ છે. તીર્થોમાં દેવદર્શન માટે જઈએ ત્યાં માથે તિલક કરીને શુભકામના કરવામાં આવે છે. પર્વ-તહેવારોમાં અને મહેમાનોનું આગમન થાય છે ત્યારે એમને તિલક કરીને એમનું સ્વાગત કરવામાં આવે છે તથા મંગલકામના વ્યક્ત કરવામાં આવે છે. આ બધું એક સામાન્ય અને ઔપચારિક કૃત્ય જેવું લાગતું હોવા છતાં એનું અસામાન્ય મહત્ત્વ છે. એના દાર્શનિક અને વૈજ્ઞાનિક પાસાંઓ પર વિચાર કરવાથી આશ્ચર્યચકિત રહી જવું પડે છે.

ભારતીય સંસ્કૃતિમાં કર્મકાંડો, પરંપરાઓ અને પ્રથાઓ નિર્માણ કરનારા આપણા પ્રાચીન ઋષિ એકસાથે વૈજ્ઞાનિક પણ હતા અને મહાન દાર્શનિક પણ હતા. તેથી કોઈ પણ શુભ પ્રચલનની સ્થાપનામાં એમણે આ બન્ને દૃષ્ટિકોણ ધ્યાનમાં રાખ્યા હતા કે જેથી કોઈ એક પાસુ સર્વથા ઉપેક્ષિત અને ગૌણ ન રહે તથા બીજાના દુરુપયોગની સંભાવના ન વધે. આની પાછળ સંતુલન-સમીકરણનું પ્રયોજન જ મુખ્ય હતું, જેથી બન્ને વર્ગના અનુયાયીઓ સંતુષ્ટ થઈ શકે અને સ્થાપનાને સમાન મહત્ત્વ આપી શકે.

સૌપ્રથમ એના વિજ્ઞાન પક્ષને લઈએ. લલાટ પર જે સ્થાને તિલક કરવામાં આવે છે, તે ભ્રૂમધ્ય કે આજ્ઞાચક્ર છે. શરીરશાસ્ત્રની દૃષ્ટિએ આ સ્થાન પીનિયલ ગ્રંથિનું છે. પ્રયોગો દ્વારા એ સિદ્ધ થઈ ચૂક્યું છે કે પ્રકાશ સાથે તેનો ઊંડો સંબંધ છે. પ્રયોગોમાં જ્યારે કોઈ વ્યક્તિની આંખો પર પટ્ટી બાંધીને માથાને સંપૂર્ણપણે ઢાંકી દેવામાં આવ્યું, ત્યારે તેના મસ્તકની અંદર પ્રકાશની અનુભૂતિ થઈ. આ એ વાતને પ્રમાણિત કરે છે કે ધ્યાનધારણાના માધ્યમથી સાધકમાં જે પ્રકાશનું આજ્ઞાચક્રમાં અવતરણ થાય છે, તેનો આ સ્થૂળ અવયવ સાથે કોઈ ને કોઈ સંબંધ અવશ્ય છે. ઋષિઓને આ તથ્યની સંપૂર્ણ જાણકારી હતી, માટે એમણે તિલક કરવાની પ્રથાને પૂજા-ઉપાસનાની સાથેસાથે દરેક શુભ કાર્ય સાથે જોડી તેને ધાર્મિક કર્મકાંડનું એક અભિન્ન અંગ બનાવી દીધું, જેથી નિયમિત રૂપે તે સ્થાનના સ્પર્શથી તેને ઉદ્દીપન મળતું રહે અને તેની સાથે સંબંધિત સ્થૂળ-સૂક્ષ્મ અવયવો જાગરણની પ્રક્રિયા સાથે જોડાઈ શકે. આમ તો અતીંદ્રિય શક્તિઓના વિકાસ માટે સાધના વિજ્ઞાનમાં ચોક્કસ વિધિ-નિયમો અને અભ્યાસ બતાવવામાં આવ્યાં છે, પરંતુ આવા કઠિન અભ્યાસ બધાને મનગમતા હોતા નથી, તેમજ દરેકને એના પ્રત્યે સહજ આકર્ષણ પણ હોતું નથી. આવી સ્થિતિમાં શું મનુષ્યને લાંબા સમય સુધી પછાત અને અવિકસિત દશામાં પડયો રહેવા માટે છોડી દેવામાં આવે ? ના. જેને માનવતા અને સમાજ પ્રત્યે થોડી પણ લાગણી હશે, તે બીજાના વિકાસ માટે અવશ્ય વિચારશે. ઋષિ તો કરુણા અને સંવેદનાની પ્રતિમૂર્તિ હતા. તેઓ આ ભૂલ કેવી રીતે કરી શકે ! આથી, એમણે તિલક અને ચાંલ્લાના માધ્યમથી જ્યાં સર્વસાધારણ લોકોની રુચિને ધાર્મિકતા તરફ વાળવાનું વિચાર્યું, ત્યાં તેમની આત્મિક પ્રગતિની દિશામાં પ્રથમ ચરણનું દ્વાર પણ ખોલી આપ્યું. વાસ્તવમાં તિલક ધારણ કરવું એ તૃતીય નેત્ર ખોલવાની દિશામાં એક આધ્યાત્મિક પગલું છે. કોઈ જન્મમાં આ રૂપે એનો મજબૂત પાયો નંખાયા બાદ આગળના જન્મોમાં તેના પર ભવ્ય ભવનની શરૂઆત થઈ શકે છે.

આ એક વૈજ્ઞાનિક તથ્ય છે કે બન્ને ભ્રમરોની વચ્ચે કંઈક વિશેષ સંવેદનશીલતા હોય છે. તેને પરીક્ષા દ્વારા જાણી શકાય છે. જો આપણે આંખો બંધ કરીને બેસી જઈએ અને કોઈ વ્યક્તિ આપણી ભ્રમરોની મધ્યમાં એકદમ નિકટ લલાટ તરફ તર્જની આંગળી લઈ આવે, તો ત્યાં આપણને કોઈ વિચિત્રિ અનુભવ થશે. આ જ તૃતીય નેત્રની પ્રતીતિ છે. આ સંવેદનાને આપણે પોતાની આંગળી ભ્રમરોની વચ્ચે લાવીને પણ અનુભવી શકીએ છીએ. તેથી જ આ કેન્દ્ર પર જ્યારે તિલક અથવા ચાંલ્લો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરવામાં આવે છે, ત્યારે તેનાથી આજ્ઞાચક્રને નિયમિત રૂપે ઉત્તેજના મળતી રહે છે. આ બાબતે આપણે જાગૃતપણે ભલે તેના જાગરણ વિશે અજાણ રહીએ, પરંતુ અનાવરણનો આ ક્રમ સતતપણે ચાલતો રહે છે.

તંત્રમાર્ગમાં માત્ર પરંપરાવશ તિલક કરવામાં આવતું નથી, ત્યાં એનું પ્રયોજન વધુ ગહન છે. આ માથા પરનું ઈષ્ટનું પ્રતિક છે. ઈષ્ટની સ્મૃતિ સદા રહેવી જોઈએ, પછી શરીર સંપૂર્ણ રીતે ભલે વિસરાઈ જાય. આ ધારણાને કારણે મન સતત એ જ કેન્દ્રબિંદુ તરફ લાગેલું રહે છે. એનું પરિણામ એ આવશે કે શરીરવ્યાપી ચેતના ધીરે ધીરે આજ્ઞાચક્ર પર એકત્રિત થવા લાગશે. તિલકબિંદુ પર ચેતનાનું એકત્રિત થવું એ સૂર્યકિરણોને બિલોરીકાચ વડે કાગળના એક બિંદુ પર કેન્દ્રીભૂત કરવા જેવું છે. આ એકત્રીકરણથી કાગળમાં આગ લાગી જાય છે. જે કિરણો અત્યાર સુધી તાપના રૂપમાં વિખરાયેલાં હતાં, તે જ ભેગાં થઈને આગ ઉત્પન્ન કરી દે છે. અહીં પણ એ જ વાત છે. ચેતના જ્યારે શરીરમાં ફેલાયેલી રહે છે, ત્યારે શરીરચર્યા માટે તેનો ઉપયોગ થતો રહે છે, પરંતુ એ જ્યારે આજ્ઞાચક્ર પર તિલકના માધ્યમથી એકત્રિત થાય છે, ત્યારે ત્રીજા નેત્રના જાગરણનો માર્ગ પ્રશસ્ત કરે છે. પછી આપણે સ્થૂળ સંસારથી જુદી એક એવી દુનિયા સાથે જોડાઈ જઈએ છીએ, જેને અધ્યાત્મની ભાષામાં 'પારલૌકિક જગત' અને વિજ્ઞાનની ભાષામાં 'પરામાનસિક જગત' કહે છે.

યોગવિજ્ઞાન અનુસાર પેડુમાં કંદ સ્થાનથી બોત્તેર હજાર નાડીઓ નીકળીને શરીરના બધા ભાગોમાં ફેલાઈ જાય છે. એમાં ત્રણ મુખ્ય છે, ઈડા, પિંગલા અને સુષુમ્ણા. આ ત્રણે મેરુદંડ માર્ગથી ઉપરની તરફ આવી મસ્તકના ત્રણે ભાગોનો જુદો જુદો સ્પર્શ કરે છે, તે પછી ત્યાંથી ત્રણ નાડીઓ દોરડાંની જેમ પરસ્પર ગૂંથાઈને કપાળ પ્રદેશથી ઉપરથી નીચે તરફ જાય છે. તે પછી ભ્રૂમધ્ય પર છૂટી પડી જાય છે. સુષુમ્ણા આજ્ઞાચક્ર કે ત્રીજા નેત્રના સ્થાને તેની યાત્રા સમાપ્ત કરી દે છે, જ્યારે ઈડા અને પિંગલા બન્ને નેત્રોની કર્ણિકાઓનો સ્પર્શ કરી તેમની રક્તવાહિની તંતુઓના રૂપમાં ફેરવાઈ જાય છે. આ બન્ને નાડીઓનો સંબંધ બન્ને આંખોના માધ્યમથી જાગૃત અને સ્વપ્નાવસ્થા સાથે છે. આથી વિપરીત સુષુમ્ણાનો સંબંધ ત્રીજા નેત્રના માધ્યમથી સુષુપ્તિ, તુરીય અને તુરીયાતીત અવસ્થા સાથે છે. યોગીજન ભ્રૂમધ્યમાં ચિત્તને એકાગ્ર કરી સુષુમ્ણા માર્ગે આ અવસ્થાઓ દ્વારા જ અંતર્જગતમાં પ્રવેશ કરે છે. આ બિંદુ પર તિલક ધારણ કરવાથી એક પ્રકારની માનસિક સજગતા પેદા થાય છે, જેને એકાગ્રતાની પ્રારંભિક સ્થિતિ કહી શકાય છે એટલે કે જે કાર્ય સાધક નિયમિત અભ્યાસ દ્વારા સંપન્ન કરે છે, તે તિલકના પ્રયોગથી કેટલેક અંશે સ્વયં સંપાદિત થઈ જાય છે. આ રીતે તિલક આત્મોકર્ષનો એક આધાર બની જાય છે. આ આધાર પછીના જન્મોમાં વધુ મજબૂતાઈ ધારણ કરી સંસ્કારનું રૂપ ધારણ કરી લે છે. પછી જે શુભારંભ તિલકના પ્રતીક રૂપે થયો હતો, તે સાધના-અભ્યાસના રૂપમાં પરિપુષ્ટ થવા લાગે છે. આ ક્રમ ક્રિયા પૂરી ન થાય, એટલે કે આજ્ઞાચક્રનું જાગરણ થાય, ત્યાં સુધી આ પ્રયાસ-યાત્રા ચાલતી રહે છે.

સાધનાવિજ્ઞાનના આચાર્યોએ પૂર્વના આ અભ્યાસોની ઓળખ મસ્તક પર એક નાનકડા ખાડાના રૂપમાં બતાવી છે. જો કોઈ વ્યક્તિ પોતાના ભ્રૂમધ્યના ભાગને આંગળીથી તપાસીને જુએ, તો એનો સ્પષ્ટ અનુભવ થશે. ખાડાની બન્ને બાજુએ બે ઉપસેલા ભાગ જણાશે. જો એને દર્પણમાં જોઈએ તો તે એક અર્ધચંદ્રાકાર ઉપસેલ ભાગના રૂપમાં દેખાશે.

આ વિજ્ઞાન પક્ષ થયો. તિલકનું તત્ત્વદર્શન અનેક પ્રેરણાઓ સાથે જોડાયેલું છે. તિલક એ ત્રિપુંડ મોટે ભાગે ચંદનનું હોય છે. ચંદનની પ્રકૃતિ શીતળ હોય છે. શીતળ ચંદન જ્યારે મસ્તક પર લગાડવામાં આવે છે, તો તેની પાછળ એ ભાવ હોય છે કે ચિંતનનું જે કેન્દ્રીય તંત્ર મસ્તિષ્કના રૂપમાં માથાની અંદર વિરાજમાન છે, તે હંમેશાં શીતળ રહે, તેના વિચાર અને ભાવ એટલા શ્રેષ્ઠ હોય કે પોતાની જેમ બીજાને પણ તે શીતળતા, શાંતિ અને પ્રસન્નતા પ્રદાન કરતું રહે.

જનજીવનમાં તિલકનું એટલું વધારે મહત્ત્વ છે કે જ્યારે પણ કોઈ મહત્ત્વની, સન્માનસૂચક કે ખુશીની ઘટના ઘટે છે, ત્યારે માથા પર તિલક કરવામાં આવે છે.લગ્ન થઈ રહ્યું હોય ત્યારે તિલક થાય છે, કોઈ યુદ્ધ પર જઈ રહ્યું હોય ત્યારે તિલક થાય છે. કોઈ યુદ્ધમાં વિજયી થઈને આવતું હોય ત્યારે તિલક થાય છે. એટલે કે કોઈ પણ સુખમય ઘટના હોય તેની સાથે તિલકને અભિન્ન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રીતે જોડી દેવામાં આવે છે. આવું એટલા માટે કે તે આનંદ ચિરસ્મરણીય રહે. માનવી ચિત્તનો આ એક વિચિત્ર સ્વભાવ છે કે તે સુખને, ખુશીને, આનંદને હંમેશાં યાદ રાખવા માંગે છે, જ્યારે કટુ પ્રસંગોને, દુઃખને ભૂલી જવા ઈચ્છે છે. તેથી આપણને પાછલા દિવસો સુખમય ભાસે છે. વૃદ્ધજનો મોટેભાગે કહેતા સાંભળવા મળે છે કે બાળપણ સુખદ અને સુંદર હતું. આ સ્વાભાવિક જ છે, કારણ કે મન દુઃખને છોડી દે છે અને સુખની શૃંખલાને ટકાવી રાખે છે. કોઈ બાળક એવું ક્યારેય કહેતું નથી કે બાળપણ સુખદ છે, તે મોટો થવા માંગે છે. મોટાઓની જેમ રહેવું, ફરવું, પહેરવું, ખાવું અને વાતચીત કરવાનું ઈચ્છે છે. એમાં તેમને આનંદ મળે છે. તેથી તેઓ ઘણીવાર તેમની નકલ કરે છે. કોઈને પૂજા કરતા જુએ તો તેઓ પણ તેવું કરવા લાગે છે, કોઈને હુક્કો પીતા જોઈ તે તેનો અભિનય કરે છે, કેમ કે તે જાણે છે કે આ મોટા થવાનાં લક્ષણો છે. એમાં તે પ્રસન્નતા અનુભવે છે. આ જ પ્રસન્નતાના પ્રતીક રૂપે માથા પર તિલક વિરાજમાન થાય છે.

તિલકની સાથે સુખને જોડવાનું ભારતીય સંસ્કૃતિનું આગવું પ્રયોજન છે, જ્યારે કલ્પનામાં સુખ મોટું થઈ જાય તો તેની સાથે તિલક પણ મોટું થઈ જાય છે. સુખની યાદ આવે તો સાથેસાથે તિલકની સ્મૃતિ પણ જાગૃત થઈ જાય છે. સ્મરણનો પ્રભાવ ધીરે-ધીરે આજ્ઞાચક્ર સાથે જોડાઈ જાય છે. જ્યારે આવું થઈ જાય ત્યારે સમજવું જોઈએ કે ત્રીજી આંખને જગાડવા માટે સુખનો ઉપયોગ થયો. આપણે સુખની ધારાનો ઉપયોગ તેને ચોટ કરવા માટે કરીએ છીએ. આ ચોટ જેટલા માર્ગે મળી શકે, તેટલી ઉપયોગી છે.

પરિણીત સ્ત્રીઓ સેંથીમાં સિંદૂર અને કપાળે બિંદી લગાડે છે. બિંદી તિલકનું રૂપ છે, તેવી જ રીતે માંગનું સિંદૂર તિલકનું પ્રતીક છે. પરંતુ અહીં તેમને પરિણીતાના સુહાગ સાથે જોડી દેવામાં આવે છે. આ અક્ષત સુહાગનાં ચિન્હો છે. સિંદૂર અને બિંદીમાં સમર્પણ અને નિષ્ઠાનો ભાવ છુપાયેલો છે. તે એ વાતના પ્રતીક છે કે હવે પરિણીતાનો અનુગત ભાવ પૂર્ણપણે પતિતરફી છે. તે એની સમર્પિતા છે. હવે તેના નારીત્વ પર કોઈ બાધ નહિ આવે, તેથી પત્નીને પતિ જીવિત હોય ત્યાં સુધી સિંદૂર અને બિંદી ધારણ કરવાં પડે છે. તેનું મૃત્યુ થતાં જ એમને હટાવી દેવાનો નિયમ છે. આવું એટલા માટે કે હવે કોઈ પ્રત્યે તેના અનુગત અને સમર્પણ ભાવનો પ્રશ્ન જ નથી. તે વિધવા થઈ ગઈ, આ કારણથી એવું કરવામાં આવ્યું છે, એમ સમજવામાં આવે છે. ના, એવી વાત નથી. એની પાછળ ઊંડું પ્રયોજન છે. હવે તે કોને અનુગત થાય? અનુગત થવાનો પ્રશ્ન જ નથી. સચ્ચાઈ તો એ છે કે હવે તેને સ્ત્રીની જેમ નહીં, પુરુષની જેમ જીવવું પડશે. એક વિધવાનું જીવન પુરુષના જીવન જેવું જ હોય છે, એમાં શંકા નથી. તેથી વૈધવ્યમાં એમને મિટાવી દેવામાં આવે છે.

તિલકદ્રવ્યના રૂપમાં ભિન્ન-ભિન્ન પ્રકારની વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે. સફેદ અને લાલ ચંદન ભક્તિનાં પ્રતીક છે.ભજનાનંદી લોકો તેનો ઉપયોગ કરે છે. કેસર તથા ગોરોચન જ્ઞાન તથા વૈરાગ્યના પ્રતીક છે. જ્ઞાની તત્ત્વચિંતક અને વિરક્ત હૃદયના લોકો એનો ઉપયોગ કરે છે. કસ્તૂરી જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, પ્રેમ, સૌંદર્ય, ઐશ્વર્ય બધાંનું પ્રતીક છે. પરમ અવસ્થાને પ્રાપ્ત યોગીગણ એનો ઉપયોગ કરે છે.

તિલક ધારણ કરવા માટે ભિન્ન-ભિન્ન ઉદ્દેશ્યો માટે જુદી-જુદી આંગળીઓના ઉપયોગનું વિધાન છે. જ્ઞાનની ઉપલબ્ધિ માટે તર્જની, ઐશ્વર્ય માટે મધ્યમા, ધનવૈભવ, સુખશાંતિ માટે અનામિકા આંગળી યોગ્ય છે. તર્જની વડે લાલ કે સફેદ ચંદનનું તિલક, મધ્યમા વડે સિંદૂરનું, અનામિકા વડે કેસર, કસ્તૂરી અને ગોરોચનનું તિલક કરવું જોઈએ. તે માટે ક્રમશઃ પૂર્વ દિશા, ઉત્તર દિશા અને પશ્ચિમ દિશા નિર્ધારિત છે. એ દિશા તરફ મોઢું રાખીને જ તિલક ધારણ કરવું જોઈએ. અંગૂઠા વડે પણ તિલક કરવાની પરંપરા છે. જેઓ બધા ધર્મ અને સંપ્રદાય પ્રત્યે સમાન દૃષ્ટિ રાખે છે, તેઓ જ આવું કરે છે. કાળા તિલકનો પ્રયોગ કાપાલિક લોકો કરે છે.

આ રીતે તિલક કે ચાંલ્લો એક ધાર્મિક પ્રતીક હોવા છતાં પણ એમાં વિજ્ઞાન અને દર્શનનો એકસાથે સમાવેશ છે, તે સમજી શકીએ અને તેમની શીખોને આત્મસાત્ કરી શકીએ તો જ તેની સાર્થકતા છે, આથી ઓછામાં નહીં.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભાવજગત્

# મહત્ત્વ વિદ્વતાનું નહીં, પવિત્ર ભાવનાઓનું

મહારાજ વિવેકનિધિ રાજા હોવા છતાં અતિશય ધર્મપરાયણ તથા ઈશ્વરભક્ત હતા. તેમની પુત્રીનું નામ સુપ્રજ્ઞા હતું. રાજકુમારી પણ પોતાના પિતાની જેમ ખૂબ ધર્મપરાયણ હતી. રાજા પણ પોતાની આ પુત્રી પ્રત્યે અતિ પ્રેમ રાખતા હતા. એકવાર એમણે રાજકુમારીના જન્મદિવસ પ્રસંગે એક ભવ્ય પ્રીતીભોજનનું આયોજન કર્યું. આ આયોજનમાં એમણે રાજ્યના મોટા મોટા લોકોને આમંત્રિત કર્યા. પ્રીતિભોજન શરૂ થાય તે પહેલાં રાજકુમારી સુપ્રજ્ઞાએ ધાર્મિક પરંપરા અનુસાર વિશિષ્ટ અતિથિઓનો આદરસત્કાર કરવાનું વિચાર્યું. તે પૂજાની થાળી લઈને ઊભી રહી ગઈ અને ચારે તરફ બેઠેલા અતિથિઓને ધ્યાનથી નિહાળવા લાગી. એક તરફ નગરના મુખ્ય વિદ્વાન તથા ધનાઢ્ય લોકો કીમતી વસ્ત્રોથી સુશોભિત હતા, તો બીજી તરફ એક ખૂણામાં કેટલાક સાધુ-મહાત્મા આંખો બંધ કરી તેમની મસ્તીમાં બેઠા હતા. રાજકુમારી વિદ્વાનો અને ધનિક લોકોની લાઈન છોડી સાધુ-મહાત્માઓ તરફ વધી અને તેમને ખૂબ આદર-સન્માન સહિત પુષ્પહારની ભેટ આપી. તે પછી રાજકુમારી મહાત્માઓનું પૂજન કરવા લાગી. ફૂલોના હાર પહેર્યા પછી મહાત્મા દેવતાઓ સમાન ભાસી રહ્યા હતા.

રાજાને એ જોઈને ખિન્નતા થઈ કે રાજકુમારીએ નગરના પ્રતિષ્ઠિત વિદ્વાનોનો યોગ્ય આદર ન કર્યો અને તેમને ફૂલહાર પહેરાવ્યા નહિ. તેમની પૂજા ન કરી. રાજકુમારી દ્વારા ફક્ત સાધુ-મહાત્માઓનું સ્વાગત અને પૂજન રાજાની ધારણા અનુસાર વિદ્વાન પંડિતો તથા શ્રીમંતોનું અપમાન હતું. પરંતુ રાજા મૌન રહ્યા. જ્યારે રાજકુમારી દ્વારા મહાત્માઓની પૂજા પૂર્ણ થઈ ગઈ ત્યારે તેમણે આદરપૂર્વક બધા આમંત્રિત અતિથિઓને ભોજન ગ્રહણ કરવા માટે પ્રાર્થના કરી. બધાએ ભોજન-પ્રસાદ ગ્રહણ કર્યો.

આ દરમિયાન રાજાએ રાજકુમારી સુપ્રજ્ઞાને એક તરફ બોલાવીને પોતાના મનની વાત કહી. ''પુત્રી! તેં રાજ્યના પ્રતિષ્ઠિત વિદ્વાનો તથા પંડિતોનો આદરસત્કાર ન કર્યો, તેમની પૂજા ન કરી, તેમને પુષ્પહાર ન આપ્યા અને ફક્ત સાધુ-મહાત્માઓનું પૂજન કર્યું. આ વાત મને ન સમજાઈ. બેટા, આનો ખુલાસો કરી મારા ઉદ્વિગ્ન મનને શાંત કર.''

સુપ્રજ્ઞા મહાન વિદુષી હતી. તે બોલી, ''પિતાજી ! આપ કાલે રાજદરબાર બોલાવો. હું રાજદરબારમાં જ આપના પ્રશ્નનો યોગ્ય અને સંપૂર્ણ ઉત્તર આપવાનો પ્રયત્ન કરીશ.''

રાજા જાણતા હતા કે તેમની પુત્રી ખૂબ ધર્મપરાયણ, વિવેકશીલ અને વ્યવહારકુશળ છે. તેમણે કોઈ સંકલ્પ-વિકલ્પ વિના તેની વાત માનતાં રાજદરબારનું આયોજન કર્યું.

> ***દૈવી કૃપાના અવતરણ માટેની એક શરત છે સાધકની પાત્રતા, પવિત્રતા અને પ્રામાણિકતા.***

બીજા દિવસે રાજદરબારમાં બધા આમંત્રિત લોકોને તેમના પદ તથા અધિકાર અનુસાર પૂર્ણ આદર-સન્માન સાથે બેસાડવામાં આવ્યા. સાધુ-મહાત્મા પણ દરબારમાં પધાર્યા. રાજકુમારીએ સ્વયં બધા લોકોનું યોગ્ય સન્માન કર્યું. તેણે સાધુ-મહાત્માઓને ઉચ્ચ આસનો પર બેસાડ્યા. રાજકુમારીએ બે કાગળ આપ્યા અને બન્ને પર ઈશ્વરનું નામ લખી દીધું. તે પછી રાજકુમારીએ એક કાગળ વિદ્વાનોને બતાવ્યો અને બીજો સાધુ-મહાત્માઓને. તેણે એમને પૂછ્યું કે ઈશ્વરનું નામ બરાબર લખવામાં આવ્યું છે કે કેમ ? આ વિશે જેને જે કાંઈ કહેવું હોય તે કાગળ પર લખીને આપે.

વિદ્વાનોએ જ્યારે કાગળ જોયો ત્યારે આપસમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વાદવિવાદ કરવા લાગ્યા કે ઈશ્વર છે અથવા નહીં. ઈશ્વર છે તો તેનું શું સ્વરૂપ છે અને તેનાં કેટલાં નામ છે, એમાંથી કયું નામ સર્વશ્રેષ્ઠ છે ? બધાએ પોતપોતાનો મત શાસ્ત્રોના પ્રમાણ સહિત કાગળ પર લખી આપ્યો.

બીજી તરફનું દશ્ય વિચિત્ર હતું. સાધુ-મહાત્માઓએ જ્યારે કાગળ પર ઈશ્વરનું નામ લખેલું જોયું તો તેઓ તેને પ્રણામ કરવા લાગ્યા. તેઓ ઈશ્વરનું નામ ઉચ્ચારતા ઉચ્ચારતા આનંદમગ્ન બની ગયા. તેમના ચહેરા પર એક અલૌકિક સ્મિત તરવરવા લાગ્યું. તેમની આંખોમાં દિવ્ય ચમક આવી ગઈ, મસ્તીમાં ઝૂમી ઉઠ્યા. રાજા અને રાજકુમારી આ બધું જોઈ રહ્યાં હતાં. રાજા તેમના હૃદયના પવિત્ર ભાવોને સમજી ગયા. થોડા સમય બાદ રાજાએ નોકર દ્વારા કાગળ પાછા મગાવી લીધા. રાજાએ જોયું કે વિદ્વાનોએ ઈશ્વરના નામ પર જાતજાતની ટિપ્પણીઓ લખીને બન્ને બાજુએથી આખો કાગળ ભરી દીધો હતો. જ્યારે મહાત્માઓએ કાગળ જોઈને ફક્ત પ્રણામ કર્યાં હતાં. તેમણે તેના પર કશું જ લખ્યું ન હતું. એમના કાગળમાંથી તેમના પવિત્ર હૃદયની ભાવનાઓ મુજબ 'હે ઈશ્વર ! હે ઈશ ! હે પરમાત્મા ! હે રામ !'નો અવાજ પ્રતિધ્વનિત થઈ રહ્યો હતો. રાજાને તેમના પ્રશ્નનો ઉત્તર મળી ગયો. તેઓ સમજી ગયા કે વાસ્તવમાં મહાત્મા લોકો જ ઈશ્વરના સાચા ભકત છે. તેઓ રાજકુમારીની સૂઝબૂજ પર અતિ પ્રસન્ન થયા.

પરંતુ રાજાની જિજ્ઞાસુ વૃત્તિ હજી શાંત થઈ ન હતી. એમણે રાજકુમારીને પૂછયું, ''બેટા બતાવ, આ મહાત્માઓમાં સર્વશ્રેષ્ઠ કોણ છે?'' રાજકુમારીએ રાજાને પોતે જ તેની પરીક્ષા લઈ પોતાના પ્રશ્નનો ઉત્તર શોધવા માટે પ્રાર્થના કરી.

રાજાએ મહાત્માઓની પરીક્ષા લેવાનો નિર્ણય લીધો. તેઓ રાજસિંહાસન પરથી ઊતરીને પહેલાં મહાત્મા પાસે ગયા અને કહ્યું, ''હે પૂજ્યવર ! આપ જ. ઈશ્વરના સર્વશ્રેષ્ઠ ભકત છો. હું આપને મારા સિંહાસન પર બેસાડવા માંગુ છું.'' રાજાનાં આ વચનો સાંભળી મહાત્મા હસવા લાગ્યા. એમણે ઉત્તર આપ્યો કે રાજન્ ક્ષમા કરશો. આપના નિર્ણયમાં થોડી કચાશ છે. સર્વશ્રેષ્ઠ મહાત્મા હું નથી, પણ મારી પાસે બેઠેલા મહાત્મા સર્વશ્રેષ્ઠ છે. તેઓ જ આ સન્માનને યોગ્ય છે. આમ કહી તે મહાત્મા ચૂપચાપ ઊઠીને રાજદરબારમાંથી બહાર જતો રહ્યો. આ જ રીતે બીજા, ત્રીજા તથા બધા મહાત્માઓએ પોતાનાથી આગળના મહાત્માને સર્વશ્રેષ્ઠ બતાવી રાજદરબારમાંથી ઊઠીને બહાર પ્રસ્થાન કર્યું. અંતે એક મહાત્મા રહ્યા. એમણે ખૂબ વિનમ્રતાથી કહ્યું કે હે રાજન્ ! જે સર્વશ્રેષ્ઠ મહાત્મા હતા તે બધા જતા રહ્યા. હું તો સામાન્ય વ્યક્તિ છું. હું આ રાજગાદીનો હકદાર નથી. આટલું કહી તે મહાત્મા પણ રાજદરબારથી બહાર ચાલ્યા ગયા.

મહાત્માઓના આવા નિસ્પૃહ ભાવને જોઈ રાજા અલૌકિક આનંદથી પરિપૂર્ણ થઈને ભાવવિભોર બની ગયો. હવે એ તથ્ય એમની સમજમાં આવી ગયું કે સૌથી વધારે મહત્ત્વ ધન, પદ તથા વિદ્વતાનું નહિ, પવિત્ર ભાવનાઓથી ઓતપ્રોત હૃદયનું છે. જેનું સન્માન કરવું જોઈએ તે પવિત્ર તથા નિષ્કપટ અંતઃકરણ છે. આ જ તે યોગ્યતા છે, જે સામાન્ય માનવીને ઈશ્વરનો પ્રીતિપાત્ર બનાવી દે છે. આ તથ્ય સમજીને જ રાજા વિવેકનિધિ તે દિવસથી ભગવાનના ભક્તોના ભક્ત બની ગયા.

*જાપાનના એક બૌદ્ધ ભિક્ષુએ પોતાના મતના ધર્મગ્રંથોને પ્રકાશિત કરવા માટે ધન ભેગું કર્યું. તે વરસે વરસાદ ન થયો. ભિક્ષુએ એ ધન પીડિતોની સેવામાં ખર્ચી નાખ્યું. બીજા વર્ષે પૂર આવ્યું. આ વખતે સંગ્રહ કરેલી રકમ એમાં ખર્ચવામાં આવી. ત્રીજી વારના સંગ્રહથી ગ્રંથ છપાયો. તેના પર 'ત્રીજી આવૃત્તિ' લખવામાં આવ્યું હતું. તેનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે બતાવવમાં આવ્યું કે બે આવૃત્તિઓ તો જેમને પ્રેમ અને સેવાની આંખો મળી હાય તેઓ જ જોઈ શકે એમ છે.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જ્ઞાનયજ્ઞ-સંસારનું સૌથી શ્રેષ્ઠ ધર્મકૃત્ય

વ્યક્તિગત જીવનની બધી જ કઠણાઈઓ અને સામાજિક જીવનની બધી જ વિકૃતિઓનું એક માત્ર કારણ મનુષ્યની વિચાર પ્રક્રિયાના સ્તરની અનિચ્છનીય રુપે અધોગતિ થવી એ જ છે. આથી જ્યારે પણ તેનું સમાધાન નીકળશે ત્યારે તેનો આધાર માનવીય ચિંતનશૈલીમાં સુધારો-પરિવર્તન જ હશે. બધી જ જગ્યાએ નરકની આગ ફેલાવનારી ડાકણ દુર્બુદ્ધિ જ છે. એને જ્યાં પણ આશ્રય મળશે, ત્યાં નરક ઊભું થઈ જશે.

વ્યક્તિગત જીવનમાં આપણે જેટલા પણ અવરોધ જોઈએ છીએ, તેનું કારણ દુર્બુદ્ધિ રુપી કરોળિયા દ્વારા ગૂંથવામાં આવેલ જાળ જ સાબિત થાય છે. સમસ્ત સમસ્યાઓ એ દુર્બુદ્ધિ વડે જ ઉત્પન્ન થાય છે, જે ડગલે ને પગલે દુષ્ટતા પેદા કરે છે. જો સુધારા માટેના ઉપાયની વાત વિચારવી હોય, વિકાસ અને વૈભવ વધારવા હોય, સુખ અને શાંતિ જોઈતી હોય તો આપણે દુર્બુદ્ધિના વિનાશક ચક્રને જાણવું જોઈએ અને એવો રસ્તો વિચારવો જોઈએ જેના વડે માનવીય ચિંતનમાંથી દુષ્ટતાના તત્ત્વોનો નિકાલ થાય અને આદર્શોમાં વધારો શક્ય બને. આજે અથવા આજથી હજાર વર્ષ પછી પણ વ્યક્તિ અને સમાજને સુખ-ચેનની સ્થિતિ ત્યારે જ મળશે, જ્યારે આજના ચિંતનમાં વિકૃતિના જુવાળને રોકવામાં આવશે.

જો આપણામાં વિવેક બચ્યો હોય, તો માનવજીવનની એક જ સર્વશ્રેષ્ઠ સંપત્તિ માનવી જોઈએ - જે છે સદ્‌વિચાર. બધી જ સમસ્યાઓનું એક જ સમાધાન વિચારવું જોઈએ - ચિંતનમાં પ્રગતિ. જો કોઈ નક્કર વાસ્તવિક પરમાર્થ કરવાની ઈચ્છા હોય, તો એક જ કાર્ય હાથમાં લેવું જોઈએ - વિચારોમાં પરિવર્તન. સમાજનું સૌથી મહત્ત્વપૂર્ણ નિર્માણ ભાવનાત્મક નવનિર્માણ જ હોઈ શકે છે. આ પ્રયત્નોમાં લાગેલા એન્જીનિયરો, વૈજ્ઞાનિકો, કલાકારો અને શિલ્પીઓને જ સાચા અર્થમાં માનવજાતિના ભાગ્યવિધાતા કહી શકાય છે. એમને જ ધરતીના દેવતા કહેવા જોઈએ.

યુગનિર્માણ યોજનાએ વિચારશીલ વ્યક્તિઓનું ધ્યાન ભાવનાત્મક નિર્માણ તરફ આકર્ષિત કર્યું છે. યુગ પરિવર્તન અને તેની કાર્યપદ્ધતિને ટૂંકાણમાં કહેવી હોય તો વિચાર-પરિવર્તન શબ્દમાં બધી જ યોજનાઓ આવી જાય છે. વિચારક્રાંતિ જ એવો પ્રવાહ છે, જેના વડે દરેક જગ્યાએ ફેલાયેલી ગંદકીને હટાવવી શક્ય બની શકે છે. જ્ઞાનયજ્ઞ આ યુગનું સૌથી મહાનમાં મહાન ધર્મકૃત્ય છે. તેની ઉપયોગિતા આસ્તિકોથી માંડીને નાસ્તિકો સુધી બધાએ સમાનરૂપે સ્વીકારવી પડશે. સ્વતંત્ર, નિષ્પક્ષ, સત્યનિષ્ઠ, દૂરદર્શી, ન્યાયપૂર્ણ અને વિવેકસંમત ચિંતનનો આધાર લઈને જ આપણે સુખ-શાંતિનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ. આ આહ્‌વાનનું મહત્ત્વ જેમને સમજાઈ રહ્યું છે, તેઓ જ્ઞાનયજ્ઞની લાલ મશાલ નીચે એકત્રિત થઈ રહ્યા છે અને તેમનાં પગલાં નવનિર્માણનો મહાન પ્રયત્ન સંપન્ન કરવા માટે આગળ વધી રહ્યાં છે. જેમણે, જ્યારે પણ મનુષ્યજીવનને ધન્ય બનાવનારું સૌભાગ્ય મેળવ્યું છે, તેમણે આદર્શવાદી વિચારધારાને, દૂરદર્શિતા અને વિવેકશીલતાને અપનાવ્યાં છે. જે લોકોમાં આદર્શો ધારણ કરવાની હિંમત નથી, તેઓ સ્વપ્ન ભલે સ્વર્ગના જોતા રહે, પરંતુ તેમણે રહેવું તો નરકમાં જ પડશે.

ગાયત્રીમંત્રના જપનું પહેલું ચરણ પોતાની મનોભૂમિને ચિંતનપ્રક્રિયાને શુદ્ધ કરવાનું છે. સ્વાધ્યાયના જુદા-જુદા માધ્યમ રજૂ કરતાં આત્મનિરીક્ષણ, આત્મચિંતન, આત્મસુધાર તથા આત્મવિકાસ માટે જરા ઊંડાણપૂર્વક વિચારવાની અને મેળવેલ નિચોડને સાહસપૂર્વક અપનાવવાની વારંવાર પ્રેરણા આપવામાં આવી રહી છે. આ જ ગાયત્રીમંત્રનો આત્મા છે.

ગુરૂદેવ પોતાની સાથે જોડાયેલા પ્રત્યેક પ્રિય પરિજનોને વારંવાર એક જ વિનંતી કરતા રહ્યા કે જ્ઞાનયજ્ઞના મહાન ધર્માનુષ્ઠાનમાં સામેલ થઈને વિચાર શુદ્ધિ માટે હૃદયપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. સ્વાધ્યાયથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પોતાની મનોભૂમિને પ્રખર અને પ્રકાશવાન બનાવવામાં આવે અને તે અનુદાનને જેટલા વ્યાપક ક્ષેત્રમાં ફેલાવી શકાય ત્યાં ફેલાવવામાં આવે. યુગને અનુરૂપ વિચારધારા તેઓ સ્વયં નિર્મિત કરતા હતા, કરી રહ્યા છે અને કરતા રહેશે. દેશ, કાળ, પાત્રના બંધનોથી તેઓ મુક્ત છે. એમનું કર્તવ્ય કોઈપણ સ્થિતિમાં રોકાવાનું નથી. જે કામ તેઓ શરીરથી કરતા હતા તે વગર શરીરે પણ કરતા રહ્યા છે અને કરી રહ્યા છે. આજના સાર્વભૌમ ચિંતનને કેવી રીતે કયા સ્તર પર સુધારવામાં આવે, તે માટે અત્યાર સુધી તેમણે ખૂબ કરી લીધું. આગળ જે બાકી છે, તેને પણ તેઓ પૂરું કરશે. યુગને અનુરૂપ શુદ્ધ વિચારોનું નિર્માણ તેઓ અનેક શરીરો દ્વારા સંપન્ન કરાવી રહ્યા છે. જ્યાં સુધી પ્રયોજન પૂરું થવા યોગ્ય સામગ્રી એકઠી થશે નહિ, ત્યાં સુધી આ ક્રમ ચાલતો રહેશે.

નવનિર્માણ માટે સંપન્ન થઈ રહેલ જ્ઞાનયજ્ઞના આપણે સૌ ભાગીદાર છીએ. એમનો સંકલ્પ, એમના સમગ્ર પરિવારનો છે. એની સફળતા-અસફળતાની મોટાભાગની જવાબદારી એમના પરિવાર પર છે, તેથી તેની ઉપેક્ષા ન કરવી જોઈએ. એમની વિનંતીને નાનીસૂની વાત માનવી ન જોઈએ. જો તે નાની વાત હોત, તો પૂજ્ય ગુરુદેવ તેનો નિર્દેશ કરત નહિ. તેઓ સામાન્ય ન હતા, સામાન્ય વાતો વિચારતા ન હતા કે સામાન્ય કામો કરતા ન હતા. એમનું મહાન વ્યક્તિત્વ ફક્ત મહાન કાર્યોને જ સ્પર્શ કરતું રહ્યું છે. જ્ઞાનયજ્ઞ માટે એમણે એટલા ત્યાગ, તપ, શ્રમ, પુરુષાર્થ, આગ્રહ, વિનંતી કરેલાં છે કે તે જોઈને એ વાત સ્પષ્ટ થઈ જવી જોઈએ કે આ યુગનું આ જ સૌથી મહાન કાર્ય છે. આના કરતાં પણ વધારે ઉપયોગી અને જરૂરી કોઈ બીજું કાર્ય તેમને જણાયું હોત તો તેને જ હાથ ધર્યું હોત, પરંતુ તેઓ અનેક વખત એક જ વાત દોહરાવતા હતા કે લોકમંગલની આધારશિલા વિચારક્રાંતિ પર જ નિર્ભર છે. આજની પરિસ્થિતિઓમાં આનાથી શ્રેષ્ઠ પુણ્યકાર્ય બીજું હોઈ જ ન શકે. ગાયત્રી ઉપાસના અને અગ્નિહોત્રની ઉચ્ચસ્તરીય સાધના શીખવતાં તેમણે પોતાના દરેક પરિજનને કહ્યું કે, જ્ઞાનયજ્ઞ માટે જે પોતાને જેટલો વધારે હોમી દેશે, તે એટલાં જ મોટાં વરદાન મેળવશે.

જ્ઞાનયજ્ઞનું એક યજ્ઞપાત્ર દરેક ઘરમાં હોવું જોઈએ. આ આવશ્યકતાને પ્રત્યેક પરિજન પૂરી ગંભીરતાથી અનુભવે ત્યારે જ કામ ચાલશે. વિચારક્રાંતિ માટે યુગ નિર્માણ યોજના જે સાહિત્ય રજૂ કરતી આવી રહી છે, તેમાં ૯૯ ટકા પૂજ્ય ગુરુદેવનું જ લખાણ છે. કહેવું જરૂરી નથી કે તે કેટલું ઉત્કૃષ્ટ, ગંભીર, સરળ, મહત્ત્વપૂર્ણ અને આકર્ષક હોઈ શકે છે. આ પ્રકાશન તેમના ગયા પછી પણ નિયમિતરૂપે ચાલતું જ રહ્યું છે અને ચાલતું રહેશે. તેઓ જે લખીને મૂકી ગયા છે તે સામયિકો, પુસ્તકો, લઘુ પુસ્તિકાઓ રૂપે વર્ષો સુધી પ્રકાશિત થતા રહેવા માટે પૂરતાં છે. આ સાહિત્ય સોના, ચાંદીનાં આભૂષણો કરતાં વધારે મહત્ત્વપૂર્ણ અને ઘર-ઘરમાં રાખવા યોગ્ય છે, જેથી દરેક પરિવારનો દરેક સભ્ય તેને વાંચીને કે સાંભળીને નિયમિતપણે પ્રેરણા પ્રાપ્ત કરતો રહે. પ્રત્યેક ઘરમાં દેવમંદિરની સ્થાપનાની જેમ જ એક જ્ઞાનમંદિર હોવું પણ જરૂરી છે. જેમાં પૂજ્ય ગુરુદેવનો પ્રસાદ નિયમિતરૂપે પહોંચતો રહે.

*ભીષ્મ પિતામહે રાજકુમારોને શિક્ષાદીક્ષા માટે સમાન સુવિધાઓ આપી હતી. એમાંથી પાંડવોએ શાલીનતા અને સહયોગનો માર્ગ પસંદ કર્યો તો કૌરવોએ ઉદંડતા અને દ્વેષનો. બન્નેએ માર્ગ અનુસાર ગતિ મેળવી. ભગવાન શ્રીકૃષ્ણે બન્નેને પસંદગીનો સમાન અધિકાર આપ્યો હતો. એકે સાધન-વૈભવ અને સેનાની ઈચ્છા દર્શાવી તો બીજાએ માર્ગદર્શનની. જે માર્ગ પસંદ કરવામાં આવ્યો, તેને અનુરૂપ ગતિ મળી.*

આ જ હેતુ માટે જ્ઞાનઘટ બનાવવામાં આવ્યા છે અને પ્રત્યેક સભ્યને વિનંતી કરવામાં આવી છે કે રોજ એક રૂપિયો એમાં નાંખે. આ રીતે મહિનામાં ત્રીસ રૂપિયા થઈ જશે. આ પૈસાથી યુગનિર્માણ યોજના દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા, યુગચેતના સાહિત્ય, પુસ્તકો,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્ટીકર, ચિત્ર, બેનર વગેરે મંગાવતા રહેવું જોઈએ. આ પ્રક્રિયાથી નવું પ્રકાશિત સાહિત્ય તરત જ નિયમિતપણે પહોંચતું રહે એવી વ્યવસ્થા ઊભી થઈ જશે. એને જાતે વાંચવું, ઘર-પરિવારના સભ્યોમાંથી દરેકને વંચાવવું કે સંભળાવવું, એ પ્રત્યેક પરિજનનું કર્તવ્ય છે. એક રૂપિયો અને એક કલાક નિત્ય જ્ઞાનયજ્ઞ માટે આપતા રહેવાની શરત હવે ગાયત્રી પરિવાર માટે અનિવાર્ય થઈ ગઈ છે. જેઓ તેનું પાલન કરશે તેમને જ ગુરુદેવના સાચા શિષ્ય માનવામાં આવશે. કર્મઠતાની શ્રદ્ધા, સહાનુભૂતિ આખરે કોઈ તો કસોટી હોવી જ જોઈએ, તેથી રજૂ કરી દીધી છે. તેને પૂરી કરવા માટે પરિજનોએ ઉદાસીનતા, આળસ અને કંજૂસાઈ છોડીને તત્પરતા બતાવવી જોઈએ. એક કલાકનો સમય પોતાના પાડોશી, પરિચિતો, નોકરીના સ્થળ, દુકાન, સહપ્રવાસીઓ તથા અપરિચિતોને આ સાહિત્ય વંચાવવા-સંભળાવવામાં ગાળવો જોઈએ.

આદર્શ વાક્યોથી આપણું ઘર સજાવેલું હોવું જોઈએ. જ્ઞાનમંદિર નાનું હોય તો શું, તેનાં જ્યોતિકિરણો એક દિવ્ય દીપકની જેમ આજુબાજુના લોકો સુધી પહોંચવાં જોઈએ. જો જનસંપર્ક કરવાનો અને જાગરણ માટે સાહિત્ય લોકોને વાંચવા આપવા અને પાછું લેવાનો ક્રમ નિયમિતપણે ચલાવવામાં આવે, એક દિવસમાં એક વ્યકિતને આ પ્રકાશના સંપકમાં લાવી શકાય, તો એક વર્ષમાં ૩૬૫ વ્યક્તિઓ સુધી આ પ્રકાશ પહોંચાડી શકાય. આ માટે જરૂરી સાહિત્યનો જથ્થો તો એક રૂપિયો નિત્યવાળા જ્ઞાનઘર આપતાં જ રહેશે.

જ્ઞાનઘરની સ્થાપનાની વાત નાની છે, પરંતુ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. એવી વાત ન હોત, તો પૂજ્ય ગુરુદેવ તેના પર આટલો ભાર ન આપત. એક વખત તો તેમણે એટલે સુધી જણાવ્યું હતું - જેવી રીતે નિશાળે જતાં પોતાના બાળકોને એક રૂપિયો ખિસ્સા ખર્ચ આપીએ છીએ, એ જ રીતે જ્ઞાનયજ્ઞના આપણાં સૂત્રધારને માની લેવામાં આવે અને એટલું ખર્ચ આ પુણ્ય પ્રયોજનમાં કરતા રહેવા માટે જ્ઞાનઘટ સ્થાપિત કરવામાં આવે. વસ્તુતઃ મનના નાના-મોટાપણાની વાત છે. એક રૂપિયાની બહુ કિંમત નથી, એટલું ખર્ચ નિયમિત કરી શકાય છે. ગરીબ પણ એટલું ખર્ચ કરી શકે છે. અડધાં પાનની કિંમત, અડધી ચાની કિંમત કે અડધી રોટલીનું ખર્ચ મોટી રકમ નથી હોતી, જે પોસાય નહિ કે જેથી તેના માટે આનાકાની કરવી પડે. આપણું હૃદય એટલું ક્ષુદ્ર ન હોવું જોઈએ કે જ્ઞાનયજ્ઞ જેવા સંસારના સર્વશ્રેષ્ઠ પરમાર્થ માટે આટલી નાની ઉદારતા રાખવામાં પણ વિચાર કરવો પડે કે આનાકાની કરવી પડે.

ભાવનાત્મક નવનિર્માણના પ્રયત્નોને સ્વાર્થ અને પરમાર્થના સૌથી શ્રેષ્ઠ સમન્વયના રૂપે જોવા-સમજવા જોઈએ. દાનની ધર્મ-પરંપરાની જરૂરિયાત અનુભવાય તો તેને કુરીતિઓમાં વેડફી ન દેતાં જ્ઞાનયજ્ઞના પુણ્ય-પ્રયોજનમાં જ કેન્દ્રિત કરવી જોઈએ. એ વિશ્વાસ રાખવો જોઈએ કે જેટલું પુણ્યફળ અન્ય કોઈ ધર્મકૃત્યથી મળી શકે છે, એના કરતાં અનેકગણું વધારે સત્પરિણામ જ્ઞાનયજ્ઞ માટે આપેલી આહુતિનું મળી શકે છે. જો આપણાં પ્રયત્નોથી એક જીવન પણ સુધરી જાય, એકને પણ દિશા મળી જાય તો પછી એ બીજાના વેલા ફેલાતાં-ફેલાતાં કોણ જાણે ક્યાંના ક્યાં પહોંચી જાય છે અને કોણ જાણે એ શૃંખલા સાથે જોડાયેલ વ્યક્તિ પોતાનું અને બીજાઓનું કેટલું વધારે કલ્યાણ કરી શકે છે. શાસ્ત્રોમાં બ્રહ્મજ્ઞાન અને બ્રહ્મયજ્ઞનો ખૂબ મહિમા ગાયો છે અને પુણ્ય બતાવ્યું છે. પ્રાચીનકાળમાં જેને બ્રહ્મયજ્ઞ કે બ્રહ્મદાન કહેતા હતા તેને જ શબ્દફેરે 'જ્ઞાનયજ્ઞ' કહેવામાં આવ્યો છે. બંનેય શબ્દોમાં પ્રયોજન અને સ્વરૂપ એક જ છે.

યુગ નિર્માણ પરિવારનું સભ્યપદ આપણામાંના દરેક માટે ગૌરવની વાત છે. વિશ્વમાનવની એક અતિ આવશ્યક સેવા-સાધના આ પ્રક્રિયા દ્વારા સંપન્ન થાય છે. દેવસેનામાં ભરતી થવા માટે આટલો ત્યાગ તો કરવો જ જોઈએ. સૌથી ઉપર છે ગુરુદેવનો આગ્રહ. એમના વ્યક્તિત્વ, એમની વિનંતીનું પણ કંઈક કારણ અને મહત્ત્વ હોઈ શકે. તેથી આપણે તે સમજવું જોઈએ. જ્ઞાનઘટની સ્થાપના માટે આપણે જરાપણ આનાકાની કર્યા વગર તે શક્ય તેટલા જલદી સ્થાપિત કરી દેવા જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વ્યક્તિગત જીવનની સમસ્યાઓનું સમાધાન

સ્વાસ્થ્યની સમસ્યાની જેમ જ માનસિક ઉદ્વિગ્નતા મનુષ્યજીવનની બીજી સૌથી મોટી સમસ્યા છે. શાંત, સંતુષ્ટ, સંતુલિત અને પ્રસન્ન રહેનાર વ્યક્તિ કોઈક જ જોવા મળે છે. મોટાભાગની વ્યક્તિઓનાં ભવાં ચઢેલાં હોય છે, આંખોમાં નિસ્તેજતા, ચહેરા પર ઉદાસીનતા, વાણીમાં નિરાશા, મસ્તકમાં અસ્થિરતા અને હૃદયમાં અશાંતિના ઘટાટોપ વાદળો છવાયેલાં હોય છે. નિરાશા, ક્ષોભ, અસંતોષ અને નિસ્તેજતાની છાયા મન-મસ્તકમાં અંધકાર ફેલાવી રાખે છે અને પરમાત્માના જયેષ્ઠ પુત્ર અને સૃષ્ટિના સર્વશ્રેષ્ઠ પ્રાણી હોવાના નાતે જે ઉલ્લાસનાં દર્શન થવાં જોઈએ તે થતાં નથી. માનસિક અશાંતિ માટે બીજાઓના વ્યવહાર અને પરિસ્થિતિઓને પણ સર્વથા દોષિત તો ન જ કહી શકાય, પરંતુ એ સ્વીકારવું પડશે કે આનું બહુ મોટું કારણ પોતાના ચિંતન તંત્રની નિર્બળતા જ હોય છે. આપણે આપણી જ ઈચ્છાની પૂર્તિ ઈચ્છીએ છીએ, દરેકને આપણા જ શાસનમાં રાખવા માગીએ છીએ અને દરેક પરિસ્થિતિ આપણી મરજી પ્રમાણે ચાલે એવી અપેક્ષા કરીએ છીએ. એ ભૂલી જઈએ છીએ કે આ સંસાર આપણા માટે જ નથી બન્યો, એમાં વ્યક્તિઓનો વિકાસ પોતાની રીતે થઈ રહ્યો છે અને પરિસ્થિતિઓ પોતાના પ્રવાહમાં વહી રહી છે. આપણે તેની સાથે તાલમેળ બેસાડવાની કુશળતા મેળવવી જોઈએ.

આપણે પ્રસન્ન અને પ્રફુલ્લિત રહેવા માટે તો ખૂબ પ્રયત્ન કરીએ છીએ એમ કહી શકાય. દુઃખ અને ઉદાસીને કોણ પસંદ કરે અને જાણીજોઈને ચિંતિત રહેવાનું કોણ પસંદ કરે ? પરંતુ, પરિસ્થિતિઓ જ એવી બની જાય છે કે આપણને ચિંતા અને દુઃખ થવા લાગે છે. બીજા લોકો આપણને ખુશ જોવા માગતા નથી, તેથી તેઓ આપણી સમક્ષ જાત-જાતની સમસ્યાઓ ઊભી કરી દે છે. વાચ સાચી પણ લાગે છે અને મનુષ્યએ પરિસ્થિતિઓ તથા બીજાઓના વ્યવહારથી એક હદ સુધી પ્રભાવિત થવું પણ પડે છે. પરંતુ સૌથી મોટું કારણ આપણી ત્રુટિપૂર્ણ ચિંતનશૈલી છે. આ તથ્યને સમજવા માટે કેટલાંક ઉદાહરણો જોવાં જોઈએ. પહેલાં પરિસ્થિતિઓને કારણે ઉત્પન્ન થતા અસંતોષને જ લઈએ. આપણી તુલના જો આપણા કરતાં સારી સ્થિતિવાળી વ્યક્તિ સાથે કરવામાં આવે, તો સ્થિતિ ગરીબો જેવી લાગશે જ અને ચિત્ત દુઃખી રહેશે. જો આપણાં કરતાં નિમ્ન સ્થિતિવાળી વ્યક્તિ સાથે સરખામણી કરવામાં આવે તો સ્થિતિ બીજી કેટલીય વ્યક્તિઓ કરતાં સારી દેખાશે. વાસ્તવમાં ગરીબી અને અમીરી સાપેક્ષ શબ્દ છે. અધિક સંપન્ન વ્યક્તિની તુલનામાં દરેક વ્યક્તિ પોતે ઓછા સંપન્ન હોવાનું અનુભવશે. જો આપણા દષ્ટિકોણને આ સિદ્ધાંત પ્રમાણે ઢાળવામાં આવે તો પરિસ્થિતિઓના કારણે થનાર અસંતોષ અને મૂંઝવણમાંથી બચી શકાય છે.

સુખદ પરિસ્થિતિઓમાં જ માનસિક શાંતિ ટકાવી રાખવાનું સંભવ છે. સુખોની પોતાની ઉપયોગિતા છે. સાધન-સંપન્નતાના સહારે પ્રગતિક્રમમાં સુવિધા મળે છે એ સર્વવિદિત છે, પરંતુ એ પણ ભૂલવું ન જોઈએ કે કઠણાઈઓની આગમાં તપીને જ સાચાં અને સુદઢ બની શકાય છે. સોનાની અગ્નિપરીક્ષામાં અને હીરાને ઘસવાની ઘંટી પર ચઢવામાં કઠણાઈનો સામનો તો કરવો જ પડે છે, પરંતુ એનું મૂલ્યાંકન આનાથી ઓછી પરિસ્થિતિમાં થઈ નથી શકતું. કઠણાઈઓને કારણે મનુષ્યમાં ધૈર્ય, સાહસ, કૌશલ્ય, પરાક્રમ જેવા કેટલાય સદ્ગુણો વિકસિત થાય છે, જાગરૂકતા વધે છે અને બહુમૂલ્ય અનુભવ એકત્રિત થાય છે. અભાવો અને સંકટોમાં દુર્બળ મનઃસ્થિતિના લોકો ભાંગી પડે છે, પરંતુ જેમનામાં જીવન છે તેઓ ચારગણી, સોગણી શક્તિ સાથે ઊભરી આવતા જોવા મળે છે. સંપન્નતાની પોતાની ઉપયોગિતા છે અને વિપન્નતાનું પોતાનું મહત્ત્વ છે. જો બંનેનો સમુચિત લાભ ઉઠાવી શકાય, તો આ દ્વિપક્ષીય અનુદાન પ્રગતિના માર્ગે અગ્રેસર થવામાં પોતપોતાની રીતે મદદ કરતા જોવા મળશે.

મીઠું (ખારાશ) અને ગળપણ પરસ્પર વિરોધી છે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તો પણ તેનાથી સ્વાદ સંતુલિત બને છે. તાણા અને વાણા એકબીજાથી વિરુદ્ધ દિશામાં ચાલે છે, પરંતુ તેની ગૂંથણી ઉપયોગી વસ્ત્રના રૂપમાં બહાર આવે છે. રાત્રિ અને દિવસની સ્થિતિમાં ભિન્નતા જ નહિ વિપરીતતા પણ છે, પરંતુ તેના સમન્વયથી જ સમયચક્ર ફરે છે. પ્રતિકૂળતા અને અનુકૂળતાઓનો સમન્વય જ સંસાર છે. જીવનશૃંખલા આ વિચિત્રતાઓની કડીઓ ભેગી મળીને જ બનેલી છે. આપણે બંનેની ઉપયોગિતા સમજવી જોઈએ.

પુણ્યાત્માઓ પાસેથી ઘણુંબધું શીખી શકાય છે અને પાપીઓને સુધારવાની નીતિ અપનાવીને આત્મપરિષ્કાર ધારા પોતાની કરુણા, સહૃદયતા, સેવા-ભાવનાને વિકસિત થવાની તક મળી શકે છે. બેરંગી દુનિયાની વિચિત્રતાથી દુઃખી થવા કરતાં તેના આધારે ખાટા-મીઠા અનુભવો પ્રાપ્ત કરવા અને આ પરસ્પર વિરોધી પરિસ્થિતિઓમાં જુદાં જુદાં પ્રકારના લાભ લેવા એ બુદ્ધિયુક્ત છે. જેઓનું ચિંતન આધ્યાત્મિક સ્તરનું હશે તેઓ સમુદ્રમાં આવતાં ભરતી-ઓટથી પણ ભયભીત થશે નહિ, પરંતુ એટલું જ વિચારશે કે કેવી સ્થિતિનો કઈ રીતે સામનો કરવો જોઈએ અને તેમાંથી શું લાભ મેળવવો જોઈએ ?

માનસિક સંતુલન જળવાઈ રહે તો નુકસાન, શોક, વિરોધ, અભાવ જેવી પ્રતિકૂળતાઓ પણ વિચલિત કરી શકશે નહિ. ક્રાંતિકારી શહીદો હસતે મુખે ફાંસીના માંચડે ચડ્યા હતા. ઉચ્ચ ત્યાગ, બલિદાન કરનારા મહામાનવોના ચહેરા પર વિષાદની એક લહેર પણ ઉત્પન્ન થતી નથી. જો ઘટનાઓમાં જ બધી શક્તિ રહેતી હોત તો તેનો પ્રભાવ બધા પર એકસરખો પડતો હોત. પરંતુ એક જ સ્થિતિમાં એક વ્યક્તિ હેરાન પરેશાન થઈ જાય છે તો બીજી સહેજ પણ પરેશાની વગર કામ કરે છે એવું જોવા મળે છે. આ માનસિક સ્તરનો જ પરિચય છે.

સંસારમાં કોઈ વ્યક્તિ એવી નથી જેને બધાં સુખ મળે, એને કોઈ વાતનો અભાવ ન હોય. તમામ પરિસ્થિતિઓ તેને અનુકૂળ હોય, કોઈ કષ્ટ ન હોય એવાં મનુષ્ય આ પૃથ્વી પર શોધવા છતાંય મળશે નહિ. ભગવાને મનુષ્યને એક તરફ સુખ-શાધન આપ્યા છે તો થોડા અભાવો પણ આપ્યા છે. વિવેકશીલ વ્યક્તિઓ જીવનમાં ઉપલબ્ધ સુખ-સુવિધાઓનું વધારે ચિંતન કરે છે અને તે ઉપલબ્ધિઓ પ્રત્યે સંતોષ વ્યક્ત કરીને પ્રસન્ન રહે છે તથા આ કૃપા બદલ ભગવાનને ધન્યવાદ આપતા રહે છે.

આથી ઊલટું, અનેક લોકો ઉપલબ્ધ સુખ-સાધનોને તુચ્છ ગણે છે અને થોડાં દુઃખ કે અભાવને પર્વત જેવા મોટાં માનીને પોતાને ભારે વિપત્તિમાં ફસાઈ પડેલા અનુભવે છે. આવાં લોકો હંમેશાં અસંતુષ્ટ રહે છે, પોતાના સંપર્કના તમામ લોકો પર દોષારોપણ કરે છે. ઈશ્વરને ગાળો આપે છે કે તેણે અમને આ પ્રકારના અભાવ કેમ આપ્યા ? પોતાના ભાગ્યને ભાંડે છે કે તે આટલું દુર્ભાગ્યપૂર્ણ કેમ છે ? માતા-પિતા અને શુભેચ્છકોને ગમે તેમ બોલે છે કે તેમણે અમુક સાધનો મેળવી ન આપ્યાં, જેનાથી અમે પ્રગતિકારક સ્થિતિમાં હોત. મિત્રો અને ઓફિસરોને ભાંડે છે કે તેમણે પ્રગતિ માટે અસાધારણ સહયોગ આપીને મોટા કેમ ન બનાવ્યાં ? પરિસ્થિતિ, ગ્રહદશા, દુનિયાની બેવફાઈ, કળિયુગનો જમાનો વગેરે જે પણ તેમની સમજમાં આવે છે તેમને ખરું-ખોટું કહે છે અને કઠણાઈઓનો દોષ તેમના માથે નાખતા રહે છે.

આવા લોકોની મોટાભાગની માનસિક શક્તિ આવા રોદણાં રડવામાં જ ચાલી જાય છે. એમના કીમતી સમયનો મોટો ભાગ આવી ફરિયાદો કરવાની પ્રક્રિયામાં જ નષ્ટ થઈ જાય છે. તેઓ પોતાની કઠણાઈઓ દૂર કરવા માટેના ઉપાયો અને પ્રયત્નો કરવામાં જે સમયનો ઉપયોગ કરી શક્યા હોત તેને તેઓ પોતાની દુઃખજનક સ્થિતિ ઊભી કરવામાં તથા તેમાં વધારો કરવામાં વાપરે છે. પોતાનો સમય અને બળને નષ્ટ કરવાની આ જ રીત છે, એમાં લાભ કાંઈ નથી, ઊલટું એવી કીમતી શક્તિઓ નષ્ટ થવાનું નુકસાન જ છે, જેને બરબાદ થવાથી બચાવી લીધી હોત તો તે કઠણાઈનો એક બહુ મોટો ભાગ સહેલાઈથી દૂર કરી દેત.

જીવનને શાંતિપૂર્ણ રીતે વ્યતીત કરવાની રીત એ છે કે આપણે પોતાની કઠણાઈઓનું મૂલ્ય વધારે પડતું ન આંકીએ, પરંતુ વાસ્તવમાં જેટલું હોય તેટલું જ ગણીએ, તો આપણી અનેક ખોટી ચિંતાઓ સહેલાઈથી નષ્ટ થઈ જાય છે.

એક વિદ્યાર્થી પરીક્ષામાં નાપાસ થાય છે. આ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમાચારથી તેનું માનસિક સંતુલન ડગમગી જાય છે. તે આ અસફળતાને વ્રજપાત જેવી માને છે, વિચારે છે કે આખી દુનિયા મને ધિક્કારશે, મૂર્ખ કે આળસુ સમજશે, મિત્રોની સામે મારી બધી જ પ્રતિષ્ઠા ધૂળમાં મળી જશે. શુભેચ્છકો કડવા શબ્દો બોલીને મારો તિરસ્કાર કરશે. આ કલ્પના તેને અસહ્ય લાગે છે. ચિત્તમાં ખૂબ ક્ષોભ ઉત્પન્ન થાય છે અને રેલગાડીની આગળ કપાઈને, નદીમાં કૂદીને કે ગમે તે રીતે તે આત્મહત્યા કરી લે છે. ઘરમાં રોકકળ મચી જાય છે. વૃદ્ધ માતા-પિતા રડી-રડીને આંધળાં થઈ જાય છે. એક ઉલ્લાસપૂર્ણ હસતા રમતા ઘરનું વાતાવરણ શોક, ક્ષોભ અને નિરાશામાં ફેરવાઈ જાય છે. આ દુઃખદાયક સ્થિતિ ઉત્પન્ન કરવામાં બધો જ દોષ પેલા ખોટા દષ્ટિકોણનો છે, જેના અનુસાર એક નાની અસફળતાનું મૂલ્ય આટલું બધું વધારે આંકવામાં આવ્યું હતું.

એક બીજો વિદ્યાર્થી પણ એ જ વર્ગમાં નાપાસ થાય છે. તેને પણ દુઃખ થાય છે, તે વસ્તુસ્થિતિનું સાચું મૂલ્યાંકન કરી લે છે અને વિચારે છે કે આ વર્ષે પરીક્ષાનું પરિણામ ૪૩ ટકા જ છે તો મારી માફક નાપાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૫૭ ટકા છે. વર્તમાન પરિસ્થિતિઓમાં નાપાસ થવું એક સાધારણ શી વાત છે. એમાં હંમેશાં વિદ્યાર્થી જ દોષિત નથી હોતા, પરંતુ મોટેભાગે શિક્ષકોની ઉદાસીનતા, ભણાવ્યા ન હોય તેવા વિષયોના પ્રશ્ન પૂછવા અને નંબર આપનારાઓની બેકાળજી પણ એનું કારણ હોય છે. આ વર્ષે નાપાસ થયા તો આવતા વર્ષે વધારે મહેનત કરવાથી સારા ટકાથી પાસ થવાની આશા રહેશે, વગેરે વાતોથી પોતાના મનને સમજાવી લે છે અને નાપાસ થયાના દુઃખને જલદી મનમાંથી હટાવીને આગળના કાર્યક્રમમાં લાગી જાય છે.

બંને વિદ્યાર્થીઓ એક જ સમયે એક જ વર્ગમાં નાપાસ થયા હતા. એક વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી, બીજાએ તે વાતને સામાન્ય ગણી પોતાનો દૈનિક ક્રમ ચાલુ રાખ્યો. તફાવત ફક્ત સમજદારીનો હતો, પરિસ્થિતિનો નહિ. જો પરિસ્થિતિ જવાબદાર હોત તો બંનેને સરખું દુઃખ થવું જોઈતું હતું અને બંનેએ આત્મહત્યા કરવી જોઈતી હતી, પણ આમ બનતું નથી, તેથી સ્પષ્ટ છે કે પરિસ્થિતિઓના મૂલ્યાંકનમાં ગરબડ થવાથી માનસિક સંતુલન બગડ્યું અને એથી દુર્ઘટના સર્જાઈ.

આપણે આપણી કઠણાઈઓને વધુ પડતી મોટી કરીને ન જોઈએ, પણ આપણા કરતાં વધારે આપત્તિમાં ફસાયેલા લોકો સાથે સરખામણી કરીને, પોતાને ઓછા દુઃખી અનુભવીએ. આપને આર્થિક તંગી રહે છે, સભ્ય સમાજના અન્ય લોકોની જેવું જીવન જીવવામાં આર્થિક સ્થિતિ નબળી લાગે છે. આર્થિક અભાવ અનુભવાય છે અને ચિંતા રહે છે. આ સ્થિતિમાંથી મુક્ત થવાના ઘણા ઉપાય હોઈ શકે છે. એક એ છે કે વધારે આવક મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે. વર્તમાન સમયમાં જેટલો શ્રમ, સમય અને મનોયોગ વ્યવસાયમાં જોડવામાં આવે છે તેનાથી વધારે જોડવામાં આવે. બીજો કોઈ સહાયક ધંધો શોધવામાં આવે અથવા વર્તમાન ધંધામાં જ આવક વધારવાના સંભવિત ઉપાય હોય તો દોડધામ કરી તેમાં વધારો કરવો જોઈએ. બીજો ઉપાય એ હોઈ શકે કે પોતાનું ખર્ચ ઓછું કરવામાં આવે. દુનિયામાં બધા જ પ્રકારના અમીરગરીબ રહેતા હોય છે. પોતપોતાની આવક પ્રમાણે જીવન જીવવાની યોજના બનાવે છે. જો આપણી આવક ઓછી હોય તો ઓછા ખર્ચનું બજેટ બનાવી કામ કેમ ન ચલાવી શકાય? ખર્ચ ઘટાડી દેવાથી કેટલીક સુવિધાઓ ઓછી થઈ જશે, પરંતુ તે ઘટાડાનું દુઃખ એ વધારાના ખર્ચને પહોંચી વળવા માટે દિવસ-રાત ચિંતિત રહેવાને કારણે થાય છે એટલું નહિ હોય.

જો બંને પ્રકારના પ્રયત્નો કરવા છતાં પણ સમસ્યા ઉકલે નહીં તો ગમે તે રીતે કામચલાઉ રસ્તો કાઢીને તેમાં પ્રસન્ન અને સંતુષ્ટ રહેવાની કોશિશ કરવી જોઈએ. પોતાના કરતાં વધુ દુઃખી લોકો સાથે સરખામણી કરવાથી મનુષ્ય એવો અનુભવ કરી શકે છે કે થોડુંક દુઃખ હોવા છતાં પણ ભગવાનની પોતાના પર મોટી કૃપા છે કે તેણે આપણને બીજા જેટલા દુઃખી ન બનાવ્યા. હોસ્પિટલોમાં પડેલા બીમાર, હાડકાં તૂટેલી, સાધનવિહીન, સંકટ સમસ્યાઓમાં ફસાયેલી, પારિવારિક ગૂંચવાડાઓમાં ખરાબ રીતે અટવાઈ ગયેલી અનેક વ્યક્તિઓ આ સંસારમાં ખૂબ દયનીય સ્થિતિમાં જીવન જીવે છે. તેમની સાથે પોતાની સરખામણી કરવામાં આવે તો જણાશે કે તેમના કરતાં આપણી સ્થિતિ હજારગણી સારી છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્તુતા મયા વરદા વેદમાતા

આદર્શ માતા પોતાનાં બાળકોનો એકાંગી વિકાસ પસંદ કરતી નથી. તે તેને સંસારમાં ભટકવા દેવા માગતી નથી કે સંસાર મિથ્યા છે કહીને તેને પલાયનવાદી બનાવવા માગતી નથી. કુંતીએ પાંડવોને પરાક્રમી પણ બનાવ્યા, સંતોષી અને ચરિત્રનિષ્ઠ પણ. સીતાના લવકુશ, શકુંતલાનો ભરત, મદાલસાનો સુબાહુ, અલર્ક વગેરે પુત્ર સાંસારિક તથા આધ્યાત્મિક બંનેય દૃષ્ટિએ સક્ષમ અને સંપન્ન હતા. વેદમાતા ગાયત્રી પણ પોતાના વરદ પુત્રોને બધી જ વિભૂતિઓથી સંપન્ન બનાવે છે. અથર્વવેદમાં વેદમાતાનું મહત્ત્વ બતાવતાં ઉલ્લેખ કર્યો છે - "ૐ સ્તુતા મયા વરદા, વેદમાતા પ્રચોદયન્તાં પાવમાની દ્વિજાનામ્ । આયુઃ પ્રાણં પ્રજાં પશું કીર્તિં દ્રવિણં બ્રહ્મવર્ચસં મહ્યં દત્વા વ્રજત બ્રહ્મલોકમ્ ।" - અથર્વ ૧૯/૭૧/૧.

અર્થાત્ વેદમાતા ગાયત્રી પોતાના સાધકોને પવિત્ર કરે છે. તેમને આયુષ્ય, પ્રાણ, પ્રજા, પશુ, યશ, ધન અને બ્રહ્મવર્ચસ્ પ્રદાન કરીને બ્રહ્મલોકના અધિકારી બનાવે છે.

આ અભિવ્યક્તિને સમજીને કોઈપણ વ્યક્તિએ ઉપાસનાને એકાંગી માનીને તિરસ્કૃત ન કરવી જોઈએ. લોકોમાં એવો ભ્રમ છે કે ઉપાસનાથી મનુષ્ય ફક્ત પારલૌકિક દિશામાં વધે છે, લૌકિક ઉન્નતિ સાથે તેનો કોઈ સંબંધ નથી. સંસારને છોડીને જ ઉપાસનાની દિશામાં વધી શકાય છે, એ માન્યતા ખોટી છે. સંસારથી વિરક્ત થવાની વાત એટલા માટે કહેવામાં આવતી રહી છે કે તેમાં વ્યક્તિ જરૂરિયાત કરતાં વધારે મગ્ન બનીને પોતાના વિકાસના અન્ય માર્ગોની ઉપેક્ષા કરવા માંડે છે. મા ગાયત્રી પોતાના સાધકોને આશ્વાસન આપે છે અને દિશા પણ બતાવે છે. મનુષ્ય માટે જરૂરી દરેક વિભૂતિ તેની કૃપાથી પ્રાપ્ત કરી શકાય છે. શરીર છૂટયા પછી "બ્રહ્મલોક"ની પ્રાપ્તિની વાતની સાથેસાથે તેના પહેલાં આયુ, પ્રાણથી માંડીને ક્રમાનુસાર બ્રહ્મવર્ચસ્ સુધીની પ્રાપ્તિ કરવાના ઔચિત્યનું સમર્થન આ મંત્રમાં છે. શરીર હોય ત્યારે બ્રહ્મવર્ચસ્ અને શરીર છૂટયા પછી બ્રહ્મલોકની પ્રાપ્તિ એ પૂર્ણપણે આધ્યાત્મિક ઉપલબ્ધિઓ છે, પરંતુ મા ગાયત્રીનું પયપાન કરીને મનુષ્યમાં જે ક્ષમતાઓ ઉત્પન્ન થાય છે તેના દ્વારા અને માતાનાં સીધા જ અનુદાન રૂપે આયુ, પ્રાણ, પ્રજા, પશુ, કીર્તિ અને ધન-વૈભવ. આ છ લૌકિક લાભ પ્રાપ્ત થાય છે.

**'આયુ'** મનુષ્યની સાહજિક આકાંક્ષા છે. કોઈને પૂછવામાં આવે કે આપ કેમ જીવવા માગો છો ? તો પ્રશ્ન જરા અટપટો લાગે છે. મનુષ્ય ઘણું બધું કેમ કરવા માગે છે એ પ્રશ્નનો સહજ ઉત્તર એ જ છે કે તે તેની આકાંક્ષા છે. મા ગાયત્રીનો સાધક ઉચિત આયુષ્ય પ્રાપ્ત કરી લે છે, એ તેની પ્રથમ ઉપલબ્ધિ છે.

**'પ્રાણ'** મનુષ્યની હિંમતને, તેજસ્વિતાને કહે છે. જીવનના દિવસો જેમ તેમ પૂરા કરનારાઓને પ્રાણહીન વ્યક્તિ કહેવામાં આવે છે. તેઓ કોઈની કૃપાની આશા રાખીને ગમે તે રીતે જીવન પૂરું કરે છે. આથી ઊલટું પ્રાણસંપન્ન વ્યક્તિઓ જ્યાં જાય છે ત્યાં નવાં પરિવર્તનો પેદા કરતા જાય છે. તેઓ પોતાના માનવોચિત શૌર્યનું પ્રદર્શન કરીને સંસારની સુવિધાઓથી માંડીને ભગવાનનો પ્રેમ સુધ્ધાં પ્રાપ્ત કરી લે છે. કવિવર રવિન્દ્રની પંક્તિઓ "એકલો જાને રે" આવી જ સંપન્ન વ્યક્તિઓએ દ્વારા ચરિતાર્થ થાય છે. એકલો અભિમન્યુ ચક્રવ્યૂહને ભેદતો નીકળી જાય છે. એકલા હનુમાન અજેય રાવણની લંકામાં કૂદી પડે છે. એકલા વિવેકાનંદ ભારતીય સંસ્કૃતિનાં દુંદુભિ વગાડતા વિશ્વ ધર્મ સંમેલનમાં જઈ પહોંચે છે. એકલા શંકરાચાર્ય આખા દેશની સાંસ્કૃતિક ભ્રાંતિઓને એક ઝાડૂ વડે સાફ કરીને મૂકી દે છે. કઠિયારાનો છોકરો અબ્રાહમ લિંકન અમેરિકાનો રાષ્ટ્રપતિ અને ગરીબ નોકરાણીનો દીકરો મહાન વૈજ્ઞાનિક એડીસન બની શકે છે. આ બધાની પરિસ્થિતિઓ એવી હતી કે તેમનું ઉદાહરણ લઈને કોઈપણ સામાન્ય વ્યક્તિ સંતોષ માની લે, પરંતુ પ્રાણવાન વ્યક્તિ માછલીની જેમ પ્રવાહને ચીરીને આગળ વધવામાં જ આનંદ અનુભવે છે. દરેક મનુષ્ય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પોતે પ્રાણસંપન્ન હોય એવું પણ ઈચ્છે છે.

મનુષ્યની એક બીજી આકાંક્ષા છે કે તે એકલો રહેવા નથી માંગતો. તે પોતાનાઓની વચ્ચે રહેવા માગે છે. પોતાના સમર્થકો અને આશ્રિતોની સંભાળ લઈને તેમની વચ્ચે રહેવાનું મનુષ્યને વધારે ગમે છે. આ પણ એક સાહજિક આકાંક્ષા છે. પોતાના સમર્થક અન આશ્રિત વર્ગને 'પ્રજા-પશુ'ની ઉપમા આપવામાં આવી છે. માની કૃપાથી આ 'વિભૂતિ' પણ સાધક પ્રાપ્ત કરે છે.

સાંસારિક જીવનમાં યશની પણ ઉપયોગિતા છે અને એનું ઔચિત્ય પણ છે. લોકેષણા તો નિંદનીય છે, પરંતુ 'યશ' હોવો એ ખરાબ નથી કે અનુચિત પણ નથી. શ્રેષ્ઠ વ્યક્તિઓની કીર્તિ ફેલાય છે ત્યારે એમની વિશેષતાઓનો લાભ તથા તેઓ પાસેથી પ્રેરણા પામવાની તકો પણ અગણિત વ્યક્તિઓને પ્રાપ્ત થાય છે. ભગવાનના જન્મના ઉદ્દેશ્યોમાં પણ 'રામચરિત માનસ'માં 'જગ વિસ્તારહિં વિશદ જસ, રામ જન્મ કર હેતુ' પણ સામેલ છે.

સત્પુરુષોને થોડીક વ્યક્તિઓ જ જોઈ શકે છે, પરંતુ એમના યશનો લાભ અગણિત વ્યક્તિઓ ઉઠાવે છે. હરિશ્ચંદ્રના યશ થકી જ ગાંધીજી સત્યના સાધક બનવા પ્રેરાયા હતા. રામ, કૃષ્ણ, ગૌતમ, વિવેકાનંદ વગેરેના પવિત્ર યશથી જ લોકો પ્રેરણા લઈ રહ્યા છે. અને લેતા રહેશે. ગાયત્રી સાધકને કીર્તિના રૂપમાં આવો જ પવિત્ર યશ પ્રાપ્ત થાય છે.

પાંચમી વિભૂતિના રૂપમાં ધનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આજના યુગમાં કોઈને ધનનું મહત્ત્વ બતાવવાની જરૂર નથી. ધન મેળવવા માટે આજના સભ્ય કહેવાતા નાગરિકો પણ શું શું નથી કરતા ? ધન મેળવવા માટેના જો ઉચિત અને સરળ માધ્યમો શોધવામાં આવે, તો તેના કારણે થતા અનેક દુરાચારો તથા અપરાધો સહેલાઈથી રોકી શકાય. અન્ય મતોએ ધનને માયા કહીને ત્યાજ્ય ભલે ગણ્યું હોય, પરંતુ વેદમાતા ઉચિત મર્યાદા સુધી ધનને યોગ્ય પણ માને છે, તથા પોતાના સાધકોને તેની પ્રાપ્તિનું આશ્વાસન પણ આપે છે.

આ પાંચ વિભૂતિઓ મેળવીને મનુષ્ય નિશ્ચિતપણે શ્રેષ્ઠ સંતુલિત જીવન જીવી શકે છે, પરંતુ માતા ગતિને અહીં સુધી રોકતી નથી. શરીર હાલતું-ચાલતું રહે ત્યાં સુધી એક દુર્લભ વિભૂતિ પ્રાપ્ત કરવાનું પ્રોત્સાહન પણ આપે છે અને તે છે 'બ્રહ્મવર્ચસ્'. શરીર ધારણ કરીને પણ મનુષ્ય સર્વશક્તિમાન બ્રહ્મ ચેતના સાથે પોતાને જોડી શકે છે. આવી સ્થિતિ આવી જાય ત્યારે મનુષ્ય મહામાનવ, દેવમાનવ રૂપે વિકાસ પામે છે. સંસારમાં જાણી શકાયેલી બધી જ શક્તિઓમાં આ સૌથી મોટી શક્તિ માનવમાં આવે છે.

**નચિકેતાના પિતાએ યજ્ઞ કર્યો અને દેખાવ કરવા માટે નિરર્થક વસ્તુઓનું દાન કરવા લાગ્યા. નચિકેતાને આ ખરાબ લાગ્યું. સાહસપૂર્વક પિતાને સાચી રીતે દાન કરવાનો આગ્રહ કર્યો. તેમણે ભય બતાવવા માટે કહ્યું, 'તું જ ખૂબ ઉપયોગી છે તને જ દાનમાં આપી દઈશ.' નચિકેતા વિચલિત ન થયા, પૂછયું- 'મને કોને દાનમાં આપી દેશો ?' પિતાએ ખીજાઈને કહ્યું - 'યમને'. લોકોએ ખૂબ મનાવ્યો છતાં નચિકેતા ન માન્યો. જાતે જ યમરાજા પાસે પહોંચી ગયો અને સંજીવની વિદ્યાનો અધિકારી બન્યો. ઠોકર વાગતાં એના પિતાએ પણ દેખાવ છોડીને સાચો માર્ગ અપનાવ્યો.**

શ્રેષ્ઠ કાર્યો, શ્રેષ્ઠ પ્રવૃત્તિઓ પ્રત્યે જેમની અનન્ય નિષ્ઠા છે, તેમને સાંસારિક માધ્યમો દ્વારા સહયોગ સમર્થન, પારિતોષિક મળી નથી શકતાં તો માતાના વરદાન દ્વારા તેમને તે મળી જાય છે. આપણા શાસ્ત્રોમાં વરદાનોની શૃંખલા શાપ કરતાં લાંબી છે. આ બધાં બ્રહ્મવર્ચસ્‌ના જ વિભિન્ન રૂપો છે. મા ગાયત્રી પોતાના પુત્રોને શરીર હોય ત્યારે અનેક લૌકિક વિભૂતિઓની સાથે સાથે આ દિવ્ય વિભૂતિ પણ પ્રાપ્ત કરાવવા માગે છે.

સામાન્ય વ્યક્તિ જે શક્તિના આધારે તેનું કામ કરવા માટે ગભરાયા વગર મોટાં મોટાં સાહસો કરવા તૈયાર થઈ જાય છે, તે આ જ શક્તિનો પ્રભાવ છે. ગઈકાલ સુધી જે લોકો યુગનિર્માણ અભિયાનની મશ્કરી કરતા હતા તેઓ આજે સમર્થક-સહયોગી બનીને આગળ આવી રહ્યા છે. આ કામ કોઈ લૌકિક શક્તિથી શક્ય નથી. ગાયત્રીને આ બધી જ કસોટીઓમાં ચકાસવામાં આવી છે અને જ્યારે જોવા મળ્યું કે આ મહિમામય તત્ત્વ એક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉચ્ચકોટિનો રત્નભંડાર છે ત્યારે તેને આમજનતા માટે પ્રકાશિત કરવામાં આવી છે. જેવી રીતે ભોજનને અનેક કોળિયાઓ દ્વારા વારંવાર ખાવામાં આવે છે, તેવી જ રીતે ગાયત્રીને પણ અમુક સંખ્યામાં વારંવાર રટવામાં આવે છે.

ભોજનની જેમ ગાયત્રી ઉપયોગી એટલા માટે છે કે તેમાં આત્મિક બળનું કેન્દ્ર છે. પેટની શુદ્ધિ કરતાં બુદ્ધિની શુદ્ધિ વધારે જરૂરી છે. ગમે તેટલાં મોંઘા ભોજનો ખાયા કરીએ છતાં પેટમાં મળ ભરાયેલો હોય, ઝેરી પદાર્થો જામી ગયા હોય, તો શરીરની તંદુરસ્તી દિવસે-દિવસે બગડતી જ જશે. એવી જ રીતે જો બુદ્ધિ અશુદ્ધ હોય, વિકૃત હોય, હલકાં તત્ત્વોમાં લીન હોય તો કોઈ ગમે તેટલા મોંઘા કર્મકાંડ કરે છતાં તે બુદ્ધિથી આત્મકલ્યાણ થઈ શકતું નથી. સુખ-શાંતિનાં દર્શન થઈ શકતાં નથી. પેટશુદ્ધિ પછી કરેલું ભોજન શુદ્ધ લોહી બનાવે છે અને બળ-વીર્યમાં વધારો કરે છે. તેવી જ રીતે શુદ્ધ બુદ્ધિથી કરેલાં કાર્ય તથા વિચાર જ આત્મબળને વધારનાર અને આત્મકલ્યાણ તરફ લઈ જનાર હોય છે.

બુદ્ધિને શુદ્ધ કરવી, એને સાત્ત્વિક બનાવવી તે આત્મનિર્માણનું સર્વપ્રથમ કાર્ય છે. ગાયત્રી એનું શિક્ષણ આપે છે અને સફળતા પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવે છે. આ એટલો મોટો લાભ છે કે જેની સરખામણી બીજા કોઈ લાભ સાથે ન થઈ શકે. બુદ્ધિની શુદ્ધતા પ્રાપ્ત થયા પછી આત્મિક આનંદના સમુદ્રમાં ભરતી આવે છે અને સાથે જ ભૌતિક જગતમાં જે ઉન્નતિ થાય છે તે સ્થાયી, સુદૃઢ અને પ્રતિષ્ઠિત હોય છે. આવી સમૃદ્ધિને ભોગવવાથી મનુષ્યને તે ભોગવવાનો સાચો આનંદ મળે છે.

આ જ વાત અશુદ્ધ બુદ્ધિ વડે એકત્રિત કરેલી સંપત્તિની બાબતમાં છે. તે મેળવીને કોઈ આત્મા સુખી થઈ શકતો નથી. તેના વડે તો વિપત્તિ, અશાંતિ તથા ઉદ્વિગ્નતા જ વધે છે. સુખ તો એવા જ ભોગ દ્વારા મળી શકે છે, જે સદ્‌બુદ્ધિ દ્વારા પેદા કરવામાં આવ્યા હોય. ગાયત્રી આપણી બુદ્ધિને શુદ્ધ કરે છે. તેથી તે આત્મિક આનંદ ઉપરાંત, સાચા ભૌતિક સુખો પણ આપે છે. આથી જ તેને ''ભુક્તિ-મુક્તિ પ્રદાયિની'' કહેવામાં આવી છે. તેના દ્વારા ભોગ અને યોગ બંનેની પ્રાપ્તિ થાય છે.

ગાયત્રીની સવિતા શક્તિ નિરંતર સદ્‌પ્રેરણાઓ આપતી રહે છે. સત્ય અને અસત્યનો નિર્ણય કરીને સત્યને ગ્રહણ કરવાનો અને અસત્યને છોડવાનો આદેશ આપતી રહે છે. ગાયત્રીની મંત્ર-શક્તિ સાધકની તમામ બુરાઈઓ, નબળાઈઓ અને અયોગ્ય પ્રવૃત્તિઓનો નાશ કરે છે. સંસારના જન્મ-મૃત્યુ વગેરે દુઃખોના કારણરૂપ મૂળભૂત પાપોનો નાશ કરે છે. તેથી તેને ''પાપનાશિની'' કહે છે.

વેદ ભગવાને જાહેર કર્યું છે કે ગાયત્રી માતા આશીર્વાદના રૂપમાં પોતાના પુત્રોને આયુષ્ય, પ્રાણ, પ્રજા, પશુ, કીર્તિ, ધન, બ્રહ્મવર્ચસ્ આપે છે. વિશ્વમાનવ માટે આ જ સૌથી મોટી સંપત્તિ છે. તેની પ્રાપ્તિથી અભાવ, અશક્તિ અને અજ્ઞાન ત્રણેય પ્રકારના દુઃખો છૂટી જાય છે. જે દેશમાં દીર્ઘાયુષી, બળવાન પ્રાણધારકો, સારી સંતતિ, સુદૃઢ અને યોગ્ય રીતે વિકસિત પશુઓ, યશપૂર્ણ ધનવાનો તથા બ્રહ્મવર્ચસ્ ધરાવતા નવયુવકો ઉત્પન્ન થાય તેઓ રાષ્ટ્રને ઉન્નતિના ઉચ્ચ શિખર પર પહોંચાડી દે છે. તે લાભોની પ્રાપ્તિનું મૂળ કારણ સદ્‌બુદ્ધિની પ્રાપ્તિ જ છે. સદ્‌બુદ્ધિનું ઉદ્‌ગમ કેન્દ્ર ગાયત્રી છે. આથી ઉપર બતાવેલ ફળોને પ્રત્યક્ષ મેળવવા માટે ગાયત્રી માતાના ખોળામાં બેસીને તેના શક્તિમય દૂધનું પાન કરવું જોઈએ.

*ભીમને પોતાની શક્તિનો અહંકાર થઈ ગયો. કૃષ્ણ ભગવાને વિચાર્યું કે આનું અભિમાન દૂર નહીં કરું તો અનિષ્ટ થશે. આથી હનુમાનજીને સમજાવીને મોકલ્યા. તેઓ રસ્તામાં વૃદ્ધનો વેશ લઈને આડા પડી ગયા. ભીમ આવ્યા, અને રસ્તો રોકવા માટે તેમને અહંકારપૂર્વક શબ્દો કહેવા માંડયા. હનુમાનજીએ વિનયથી કહ્યું કે હું અશક્ત છું, આપ જ મને એક તરફ ખસેડી દો. ભીમે તિરસ્કારપૂર્વક પ્રયત્ન કર્યો, પછી બધું જ બળ લગાડયું, પરંતુ તેમને હલાવી પણ ન શક્યા. એમનો અહંકાર ઓગળી ગયો, એટલે હનુમાનજીએ પોતાનું રૂપ બતાવીને તેમને નમ્ર બની રહેવાનો ઉપદેશ આપ્યો.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રીમદ્ ભાગવત કથા

# પરિત્રાણાય સાધૂનામ્ વિનાશાય ચ દુષ્કૃતામ્

(ગતાંકથી આગળ)

શ્રી શુકદેવજીએ કહ્યું-પરીક્ષિત ! લોકહિત માટે કરેલો તમારો આ પ્રશ્ન ખૂબ ઉત્તમ છે. મનુષ્યો માટે જેટલી વાતો સાંભળવા કે યાદ રાખવા યોગ્ય છે, તે બધા કરતાં આ શ્રેષ્ઠ છે. આત્મજ્ઞાની મહાપુરુષ આવા પ્રશ્નને ખૂબ આદર આપે છે.

એ સમયે મનુષ્ય રૂપે અવતાર લઈને રાક્ષસોએ અત્યાચારી રાજાઓના રૂપમાં સમગ્ર પૃથ્વી પર પોતાનું પ્રભુત્વ સાબિત કર્યું હતું. કંસ, જરાસંઘ, શિશુપાલ, દંતવક્ર, ભૌમાસુર, દુર્યોધન વગેરે અનેક રાજાઓ જેઓ પોતાને ક્ષત્રિય કહેતા હતા તેઓ પૃથ્વીના શોષણમાં મગ્ન હતા. આ લોકોના અત્યાચારોને કારણે માનવતા કણસી રહી હતી. તેઓનું સંગઠન ખૂબ મજબૂત હતું તથા તેઓ મનફાવે તેવા અત્યાચાર કરતા હતા. ધાર્મિક ગતિવિધિઓ લગભગ સમાપ્ત થઈ ગઈ હતી, સન્માર્ગ પર ચાલનારી વ્યક્તિઓને કારણ વિના દંડ આપવામાં આવતો હતો, આવા અનાચારોથી પૃથ્વી અકળાઈ ઊઠી.

પરીક્ષિત ! એ સમયે લાખો દૈત્યોની સેનાએ ઘમંડી રાજાઓનું રૂપ ધારણ કરી પોતાના ભારથી પૃથ્વીને ત્રાસ બનાવી રાખી હતી. તેમાંથી છૂટકારો મેળવવા માટે પૃથ્વી બ્રહ્માજીના શરણમાં ગઈ.

પૃથ્વીએ બ્રહ્માજીને પોતાની વ્યથા-કથા સંભળાવી. બ્રહ્માજીએ સહાનુભૂતિપૂર્વક તેની વ્યથા-કથા સાંભળી . ત્યાર પછી તેઓ પૃથ્વી, અન્ય દેવતાઓ અને ભગવાન શંકરને સાથે લઈને ક્ષીરસાગરના કિનારે ગયા. ત્યાં સૌએ સમૂહમાં પુરુષ-સૂક્ત દ્વારા ભગવાનને પ્રાર્થના કરી. પ્રાર્થના કરતા-કરતા બ્રહ્માજી સમાધિસ્થ બની ગયા. સમાધિની અવસ્થામાં એમણે આકાશવાણી સાંભળી અને પ્રાર્થના સમાપ્ત થયા પછી દેવતાઓને સંબોધન કરતાં એમણે કહ્યું-

ભગવાનને પૃથ્વીના કષ્ટની જાણકારી પહેલેથી જ છે. તેઓ ઈશ્વરના પણ ઈશ્વર છે, તેથી પોતાની કાળશક્તિ દ્વારા પૃથ્વીનો ભાર ઓછો કરવા માટે જ્યાં સુધી તેઓ પૃથ્વી પર લીલા કરે ત્યાં સુધી તમે બધા પોતપોતાના અંશો સાથે પૃથ્વી પર જન્મ લઈને એમનાં કાર્યમાં સહયોગ આપો.

દેવતાઓને આદેશ અને પૃથ્વીને આશ્વાસન આપીને બ્રહ્માજી પોતાના લોકમાં ચાલ્યા ગયા. એમના આદેશ પ્રમાણે દેવતાઓએ તરત જ પૃથ્વી પર જન્મ ધારણ કર્યા તથા આ રીતે ભગવાનના અવતારની પૂર્વભૂમિકા બની.

પ્રજાપતિ કશ્યપ અને એમનાં પત્ની અદિતિએ શ્રેષ્ઠ સંતાન મેળવવા માટે તપસ્યા કરી હતી. તેઓની લાંબા સમયની તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાને તેમને ત્યાં પુત્ર રૂપે જન્મ લેવાનું વરદાન આપ્યું હતું. તે કશ્યપ વસુદેવ રૂપે મથુરા ખાતે નિવાસ કરતા હતા. કંસના પિતા ઉગ્રસેનના નાનાભાઈનું નામ દેવક હતું. દેવકી એમની જ પુત્રી હતી. દેવકીનું લગ્ન વસુદેવ સાથે થયું હતું. વિદાય વખતે સ્નેહવશ કંસ પોતાની પિતરાઈ બહેનનો રથ જાતે જ ચલાવતો હતો. રસ્તામાં તેને આકાશવાણી દ્વારા ખબર પડી કે દેવકીના આઠમા પુત્ર દ્વારા જ તેનો વધ થવાનો છે. ત્યારે તેણે દેવકીનો વધ કરવા માટે તલવાર ઉગામી. એ સમયે કંસને આવું અનુચિત કાર્ય કરતો રોકતાં વસુદેવે કહ્યું કે -

"વીરવર, જે જન્મ લે છે એમના શરીર સાથે જ મૃત્યુ પણ નિશ્ચિત હોય છે. આજે હોય કે સો વર્ષ પછી, જે પ્રાણી છે તેનું મૃત્યુ નિશ્ચિત છે."

વસુદેવે સમજાવ્યું, "હે કંસ ! મૃત્યુ તો દેવકીનું પણ નિશ્ચિત છે, આપ એને મારવાનું કલંક શા માટે લો છો? દેવકી આપની પુત્રી જેવી છે, હજુ તેણે સંસારનું સુખ નથી જોયું. તેથી તેને થોડા દિવસ જીવવાની તક આપો. આપ જેવા વીરને સ્ત્રી અને તે પણ બહેનની હત્યા જેવું ખોટું કાર્ય શોભતું નથી. આ રીતે વસુદેવે અનેક રીતે કંસને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ કંસ ન માન્યો. ત્યારે એમણે વિચાર્યું -

બુદ્ધિશાળી પુરુષોએ જ્યાં સુધી તેમની બુદ્ધિ અને બળ સાથ આપે ત્યાં સુધી મૃત્યુને ટાળવાનો પ્રયત્ન



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરવો જોઈએ. પ્રયત્ન કરવા છતાં પણ તે ન ટાળી શકાય તો પછી પ્રયત્ન કરનારનો દોષ રહેતો નથી, તેથી પ્રયત્ન કરવો જોઈએ.

આમ વિચારીને વસુદેવે કંસને કહ્યું - આપને દેવકીના પુત્રથી જ ભય છે, તેથી હું પુત્રનો જન્મ થતાં જ તે આપને સોંપી દઈશ. કંસ જાણતો હતો કે વસુદેવ સત્યવાદી છે. આથી એણે દેવકીને છોડી દીધી. જ્યારે દેવકીને પ્રથમ પુત્ર જન્મ્યો, તો વસુદેવ તેને લઈને કંસની પાસે પહોંચ્યા, પરંતુ કંસે એમ કહીને પુત્ર પાછો આપ્યો કે મને તો આઠમા પુત્રથી જ ભય છે. જ્યારે એને ખબર પડી કે દેવતાઓ તેને મારવાની યોજના બનાવી રહ્યા છે ત્યારે તેણે વસુદેવ-દેવકીને જેલમાં પૂરી દીધાં અને બધા જ પુત્રોને મારતો ગયો. તેણે બધા જ યાદવકુળના લોકોને સતાવવાનું શરૂ કરી દીધું. એના પિતા ઉગ્રસેને તેની અનીતિઓનો વિરોધ કર્યો તો તેમને કેદ કરી દીધા અને જાતે જ રાજ્યસંચાલન કરવા લાગ્યો, અન્ય દુષ્ટોએ તેને સાથ આપ્યો. જરાસંઘ જેવા અનેક અત્યાચારી રાજાઓનો સહયોગ મેળવીને કંસે મનમાન્યા અત્યાચાર કરવાનું શરૂ કરી દીધું. એ જ સમયે પોતાના અગાઉ જણાવેલા આશ્વાસન પ્રમાણે ભગવાન દેવકીના ગર્ભમાં આવ્યા.

જે પ્રભુ સમગ્ર સંસારના આધાર છે, એમના નિવાસનું સ્થાન દેવકી બની ગઈ. પરંતુ ઘડાની અંદર મૂકેલા દીપકનો અને પોતાની વિદ્યા બીજાને ન આપનારની શ્રેષ્ઠ વિદ્યાનો પ્રકાશ જેમ ચારે બાજુ ફેલાતો નથી એવી જ રીતે કંસના કારાવાસમાં કેદ દેવકીની પણ એટલી બધી શોભા ન દેખાઈ. ગર્ભકાળ પૂરો થતાં જેલની અંદર જ શ્રાવણ માસના કૃષ્ણપક્ષની અષ્ટમીની ઘોર અંધારી રાત્રે ભગવાનનો જન્મ થયો. વસુદેવે જોયું કે એક અદ્‌ભુત બાળકનો જન્મ થયો. ખુશીના કારણે એમણે તરત જ ગાયનું દાન આપવાનો સંકલ્પ કર્યો કેમ કે સાક્ષાત્ ભગવાન જ મારે ત્યાં પધાર્યા છે. એમણે હાથ જોડીને કહ્યું, ''હું સમજી ગયો છું આપ પ્રકૃતિથી અતીત સાક્ષાત્ પુરુષોત્તમ છો. આપનું સ્વરૂપ કેવળ અનુભવની જ બાબત છે. આપ સમસ્ત બુદ્ધિઓના એકમાત્ર દ્રષ્ટા છો.''

ભગવાન એમની સામે દિવ્ય રૂપમાં પ્રગટ થયા ત્યારે વસુદેવે ભગવાનની સ્તુતિ કરી, ત્યાર પછી દેવકીએ પણ પોતાના હૃદયની વેદના ભગવાન સમક્ષ રજૂ કરી. ભગવાને બંનેને હૈયાધારણ આપતાં વસુદેવજીને કહ્યું -

''આપ કશ્યપજી છો અને તપસ્યાના પ્રભાવથી અત્યારે મારા પિતા વસુદેવ છો. આ ઉત્તમ તપસ્યાવાળાં દેવમાતા અદિતિ જ અત્યારે પોતાના અંશ થકી મારી માતા દેવકીના રૂપમાં પ્રગટ થયાં છે. પછી ભગવાને દેવકીને સંબોધીને કહ્યું-''પુણ્યમયી દેવી ! એ સમયે હું તમારા બંને પર પ્રસન્ન થયો હતો, કારણ કે તમે બંનેએ તપશ્ચર્યા, શ્રદ્ધા અને પ્રેમમય ભક્તિ વડે આપનાં હૃદયમાં નિત્ય નિરંતર મારી ભાવના કરી હતી.''

*દ્રોણાચાર્ય બ્રાહ્મણ હતા. રાજા દ્રુપદ એમને સહાય કરવાનું વચન આપીને ફરી ગયા તેથી તેમને થોડા સમય સુધી ખૂબ અભાવમાં રહેવું પડ્યું. બાળકોની દૂધની જગ્યાએ ચોખા દળીને પીવડાવ્યા પરંતુ ભીખ ન માગી. ભીષ્મ પિતામહના આગ્રહથી તેમણે રાજકુમારોને શિક્ષણ આપવાના બદલામાં જ થોડી સહાય લેવાનું સ્વીકાર્યું.*

*ભીખ માગવી એ હલકું કામ છે. સ્વયં ભગવાનને પણ રાજા બલિ પાસેથી કાંઈક માગવું પડ્યું તો તેઓ વામન (નાના) બનીને રહી ગયા. આ ભિક્ષાવૃત્તિના હલકાપણાનું જ અલંકારિક પ્રદર્શન છે.*

*સુદામાને તેમની પત્નીએ કહ્યું કે અભાવ દૂર કરવા માટે કોઈની પાસે કશુ માગી કેમ નથી લેતા. સુદામાએ ઉત્તર આપ્યો, ''બ્રાહ્મણનું કામ સમાજને આપવાનું છે, તેની પાસેથી લેવાનું નહિ. બ્રાહ્મણની યોગ્યતાનો લાભ સમાજ વધારે લેવા માગે તો જાતે જ તેને સહયોગ કરે એવી મર્યાદા છે.'' તેઓ કૃષ્ણને મળવા ગયા, એમના કાર્યનું મહત્ત્વ સમજીને કૃષ્ણએ તેમને ખૂબ મદદ કરી, પરંતુ સુદામાજીએ ત્યાં પણ કશું માગ્યુ નહીં.*

આ રીતે બંનેને સમજાવીને ભગવાન ફરી બાળસ્વરૂપ બની ગયા. તરત જ વસુદેવે પોતાના કર્તવ્ય તરફ ધ્યાન આપ્યું. આ દિવ્ય બાળકને કંસના હાથમાંથી બચાવવા માટે તેને પ્રસૂતિના ઓરડામાંથી બહાર લઈ જવાના વિચાર કર્યો. પરિસ્થિતિઓ અવરોધક હતી, પરંતુ વસુદેવજીની અંદર ઈશ્વરીય પ્રેરણા કાર્ય કરી રહી હતી, તેમણે આત્મવિશ્વાસપૂર્વક પોતાનું કાર્ય શરૂ કર્યું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેઓ જેલની વિકટ પરિસ્થિતિઓમાંથી માર્ગ કાઢવામાં સફળ થયા. તેમણે કૃષ્ણને ઊંચકી લીધા અને ચાલી નીકળ્યા.

એ સમયે દ્વારપાળ અને સમગ્ર નગરવાસીઓની ઈંદ્રિયવૃત્તિઓની ચેતના હરી લેવામાં આવી, તે બધા જ ચેતનહીન બની સૂઈ ગયા. જેલના બધા જ દરવાજા બંધ હતા. તેનાં તોતિંગ બારણાંઓમાં લોખંડની સાંકળો તથા તાળાં મારેલાં હતાં. આ સ્થિતિમાં બહાર નીકળવું મુશ્કેલ હતું, પરંતુ વસુદેવજી ભગવાન શ્રીકૃષ્ણને લઈને જેવા નજીક પહોંચ્યા કે તરત જ સૂર્યોદય થતાં જ અંધકાર દૂર થઈ જાય છે તેમ બધા જ દરવાજા જાતે જ ખૂલી ગયા.

વસુદેવ જેલથી નીકળીને ગોકુળ જવા માટે યમુના કિનારે પહોંચ્યા. ઘોર અંધકાર હતો, વરસાદ વરસી રહ્યો હતો. વચ્ચે વચ્ચે વીજળી ચમકારા મારતી હતી. યમુનામાં ભયંકર પૂર આવ્યું હતું. વસુદેવજીએ સાહસપૂર્વક યમુના પાર કરી.

એ દિવસોમાં વારંવાર વરસાદ થતો હતો, તેથી યમુનામાં પાણી ખૂબ વધી ગયું હતું. એનો પ્રવાહ ઊંડો અને તેજ ગતિવાળો થઈ ગયો હતો. તરતાં મોજાંઓને કારણે પાણી પર ફીણ જ ફીણ દેખાતું હતું. સેંકડો ભયાનક વમળો થઈ રહ્યાં હતાં. જેવી રીતે સીતાપતિ ભગવાન શ્રીરામજીને સમુદ્રએ માર્ગ આપ્યો હતો, તેવી જ રીતે યમુનાજીએ વસુદેવજીને માર્ગ આપી દીધો.

કૃષ્ણને લઈને વસુદેવજી ગોકુલ પહોંચ્યા. ત્યાં નંદબાબાના ઘરમાં બધા ઊંઘતા હતા. તેમણે યશોદાના પડખાંમાં પોતાના પુત્રને સુવાડી દીધો અને એમની નવજાત કન્યાને લઈને કારાવાસમાં પાછા આવી તેને દેવકીની પાસે સુવાડી દીધી. કન્યાના રડવાનો અવાજ સાંભળીને ચોકીદારોની ઊંઘ ઊડી ગઈ. એમણે કંસને જાણ કરી. કંસ દોડતો આવ્યો તથા દેવકીની ગોદમાંથી કન્યાને છીનવી લઈને પથ્થર પર પટકી. તે કન્યા કંસના હાથમાંથી છટકીને આકાશમાં ચાલી ગઈ અને કહ્યું - અરે મૂર્ખ ! તને મારનાર બીજે ક્યાંક જન્મી ચૂક્યો છે, તું નિર્દોષ બાળકોની હત્યા ન કર.

આ વાત સાંભળી કંસને ખૂબ આશ્ચર્ય થયું. તેણે વસુદેવ-દેવકીની ક્ષમા માગીને તેમને જેલમાંથી મુક્ત કરી દીધાં. ત્યાર પછી કંસે પોતાના મંત્રીઓને બોલાવી, દેવો સંદેશ સંભળાવીને અભિપ્રાય માગ્યો.

મંત્રીઓ પણ કંસ જેવા જ દુષ્ટ હતા. દેવતાઓ આપણને મારવાનો પ્રયાસ કરે છે, તેથી આપણે પણ દેવતાઓને ખતમ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આપણે દેવશક્તિઓનું પોષણ કરનારી બધી જ સત્પ્રવૃત્તિઓને ખતમ કરી દઈશું. બ્રાહ્મણ, ગાય, વેદ, તપશ્ચર્યા, સત્ય, ઈન્દ્રિયદમન, મનોનિગ્રહ, શ્રદ્ધા, દયા, તિતિક્ષા અને યજ્ઞ વિષ્ણુનાં શરીર છે. આ રીતે બધાએ ભેગા મળીને નિર્ણય કરીને કંસને આશ્વાસન આપ્યું કે અમે લોકો જઈએ છીએ અને જ્યાં પણ સારાં કાર્યો થતાં દેખાશે, તેને અમે નષ્ટ કરી દઈશું. કંસને મારનારો ક્યાં પેદા થયો છે તે ખબર ન હોવાથી રાક્ષસોએ બધાં જ નવજાત બાળકોની હત્યા કરી નાખવાની યોજના બનાવી.

*રાજા દશરથ રામનો વિયોગ સહન કરી શકતા નહતા. લોકોએ સલાહ આપી કે આપને આપનો નિર્ણય બદલવાનો હક છે. કૈકેયીની વાત ન માનશો. રાજાએ કહ્યું કે મને રામના પિતા બનવાનું સૌભાગ્ય જે સત્યઆચરણના પ્રભાવથી મળ્યું છે, તેનો ત્યાગ કરીને હું મારા સ્તરથી નીચે ઊતરવા નથી માગતો. મારે સમજી વિચારીને વચન આપવું જોઈતું હતું, પરંતુ હવે સત્યની મર્યાદાનો ભંગ કરીને જીવનનો મોહ રાખવો મને સ્વીકાર્ય નથી. આથી જ સત્યનિષ્ઠ રાજા જીવન્મુક્તની ગતિ પામી શક્યા.*

શુકદેવજી કહે છે - પરીક્ષિત ! એક તો કંસની બુદ્ધિ પહેલેથી જ બગડેલી હતી અને તેને મંત્રીઓ એવા મળ્યા હતા જેઓ એનાં કરતાં પણ વધારે દુષ્ટ હતા. આ રીતે તેમની સલાહ લઈને કાળના ફંદામાં ફસાયેલા અસુર કંસે એ જ યોગ્ય માન્યું કે શ્રેષ્ઠ પ્રવૃત્તિઓને જ ખતમ કરી દેવી. રાક્ષસોની એ સભા સમાપ્ત થઈ. કંસ પોતાના મહેલમાં ચાલ્યો ગયો અને પેલા રાક્ષસોએ જાત-જાતના ઉત્પાત મચાવવાનું શરૂ કરી દીધું.

(ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યુગગીતા-૨૯ કર્મ વિવેચન

# ગહના કર્મણો ગતિ

**(ગીતાનો ચતુર્થ અધ્યાય જ્ઞાનકર્મસંન્યાસયોગની યુગાનુકુળ વ્યાખ્યાની-આઠમી કડી)**

**આપણે પાછલા અંકમાં કર્મ, અકર્મ અને વિકર્મ તથા કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મની વ્યાખ્યા વાંચી છે. ભગવાન કહે છે કે જે મનુષ્ય અકર્મમાં કર્મને તથા કર્મમાં અકર્મને જોઈ તેનો મર્મ સમજી લે છે, તે બુદ્ધિશાળી છે. આવી વ્યક્તિ જ વાસ્તવિક યોગમાં સ્થિત થઈને બધાં કર્મો પૂર્ણ કરે છે તથા સાચા અર્થોમાં સમજદાર છે. જો કે જ્ઞાનીજન પણ કર્મ કરતાં કરતાં શું કરવું અને શું ન કરવું એ વિષયમાં ભ્રમમાં પડી જાય છે, તેથી એ જાણવું જરૂરી છે કે સંકલ્પિત થઈને કર્મ કેવી રીતે કરવામાં આવે, વિકર્મોથી બચવામાં આવે તથા અકર્મને સમજીને કર્મ કરવામાં આવે. જે કર્મ અંતરાત્માને ભગવાન સાથે જોડીને કરવામાં આવશે, તે જ કર્મ ભગવાનના મતાનુસાર સાચાં કર્મ છે. તુલસીદાસજીએ પણ એ જ કહ્યું છે કે ભગવાન પર પૂર્ણ વિશ્વાસ રાખીને ગુણો અને શ્રેષ્ઠ ઉપલબ્ધિઓને ઈશ્વરે આપેલી તથા દોષોને પોતે કર્યા છે તેમ માનવું જોઈએ, જેથી વ્યક્તિત્વનો યોગ્ય વિકાસ થાય છે અને મુક્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે. જે કર્મ કરતાં રહી અભિમાનનો ત્યાગ કરીને ભગવાનને શ્રેય આપે, તે સાચા અર્થમાં કર્મમાં અકર્મને જુએ છે. અકર્મની સ્થિતિમાં જ ઈતિહાસને પલટાવી નાખતી એવી ઘટનાઓ ઘટી જાય છે, જે યુગાંતરકારી હોય છે. આ બધો મર્મ સમજવો એ માટે જરૂરી છે કે કર્મની ગતિ ખૂબ ગહન હોય છે તથા ભગવાન તેની જ વ્યાખ્યા કરી રહ્યા છે. હવે આગળ.**

### આ વિષયમાં મહાપુરુષો શું કહે છે ?

ગત બે માસથી અત્યાર સુધી ત્રણ શ્લોકોની જ વિસ્તૃત વ્યાખ્યાનો ક્રમ ચાલી રહ્યો છે. આ વિષય જટિલ છે, સારી રીતે સમજી લેવાથી આપણને ગીતાના મર્મ સુધી લઈ જાય છે, તેથી આટલો વિસ્તાર જરૂરી પણ છે. ઉપર્યુક્ત સાર-સંક્ષેપમાં ત્રણ શ્લોકોના ભાવનું નિરૂપણ કરવામાં આવ્યું. આ જ શ્લોકોની વ્યાખ્યા કરતાં સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે જે કર્મ કરીને પણ તેમાં પોતાના ચિત્તને શાંત સ્થિતિમાં રાખી શકે છે અને બહારથી કોઈ કર્મ ન કરવા છતાં જેના અંતરમાં આત્મચિંતનનો પ્રવાહ ચાલતો રહે છે, તે જ મનુષ્યોમાં બુદ્ધિશાળી છે, યોગી છે અને તેનાં બધાં જ કર્મો સંપન્ન થઈ ગયાં છે. એક ચર્ચામાં કોઈ વખતે એમણે પોતાના શિષ્યને કહ્યું હતું,''ભગવાન કૃષ્ણ કેવા હતા તે જાણો છો ? સમગ્ર ગીતા મૂર્તિમાન (પર્સોનીફાઈડ) છે. જ્યારે અર્જુનનું મન અજ્ઞાન અને કાયરતાથી ભરાઈ ગયું હતું, ત્યારે એમણે ગીતા સંભળાવી. તે સમયે તેનો મુખ્ય ભાવ કર્મનો મર્મ, તેમના શરીરના કણ-કણથી નીકળી રહ્યો હતો. કર્મ, કર્મ, અનંત કર્મ તથા તેના ફળ તરફ ધ્યાન ન આપી 'મમબુદ્ધિ'ને તેમનાં જ ચરણકમળોમાં સંલગ્ન રાખી કર્મ કરવાં એ જ કર્મયોગ છે. ચારેય યોગોને સમજવા જરૂરી છે, નહિ તો મન-બુદ્ધિને તું તેમાં જ કેવી રીતે ટકાવી રાખી શકે. આ રીતે વૈદિક ધર્માનુષ્ઠાન, સાધન, ભજન, ધ્યાન વગેરે પણ જે દિવસરાત કરવામાં આવે છે, પ્રત્યેક શ્વાસમાં, પ્રત્યેક ચેષ્ટામાં કરવામાં આવે છે, તે બધાં જ કર્મ છે.''

ત્રણ શ્લોકોની કેવી સુંદર, સરળ, સચોટ અને સ્પષ્ટ વ્યાખ્યા છે ! એવી જ રીતે વિનોબાએ પણ કર્મ અને અકર્મની ખૂબ અનોખી અને સુંદર વ્યાખ્યા કરી છે. તેઓ કહે છે, ''સૂર્ય ઉગે છે, પરંતુ તેના મનમાં શું ક્યારેય એવો ભાવ આવે છે કે હું અંધકાર મિટાવીશ, પક્ષીઓને ઊડવાની પ્રેરણા આપીશ. તે તો બસ ઊગે છે. તેનું અસ્તિત્વ માત્ર વિશ્વને ગતિ આપે છે. તેનું કર્મ સહજ સ્વભાવનું હોવાથી અકર્મ થઈ જાય છે, એમાં તેને કષ્ટ કે ત્રાસ થતાં નથી. ત્યારે જ ગીતામાં ભગવાન કૃષ્ણે કહ્યું છે કે મેં કર્મયોગનું આ રહસ્ય સૌપ્રથમ વિવસ્વાનને શીખવાડ્યું. વિવસ્વાનનો અર્થ છે - 'સૂર્ય'. સૂર્ય કર્મ કરે છે તે અકર્મ થઈ જાય છે. સૂર્યએ મનુને શીખવાડ્યું એટલે કે આ 'કરવા ન કરવાનો' હુન્નર સૂર્ય પાસેથી મનુષ્ય શીખ્યો, કેમ કે મનુ માનવનું પ્રતીક છે. મનુએ આ જ્ઞાન ઈક્ષ્વાકુ-સૂર્યવંશી રાજાને અને પછી સંપૂર્ણ જગતને આપ્યું. કોઈ પણ જ્ઞાની જો એમ કહે કે હું ઉપકાર નહિ કરું, તો તેને માટે એ અશક્ય છે. તે કર્મ કરતા કરતા અકર્મની દિશામાં પહોંચી ગયો છે, આ તેના સ્વભાવનું એક અંગ બની ગયું છે. તે ઉપકાર કર્યા વિના રહી શકતો નથી. સંત પુરુષ સૂર્ય પ્રકાશ આપે છે એ જ રીતે કર્મ કરે છે. કર્મ ત્યારે કર્મ લાગે જ્યારે તેમાં ભાર હોય. મેં કર્મ કર્યું તેની ખબર જ ન પડે તથા તે સ્વભાવનું એક અંગ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બની જાય તો કર્મ અકર્મ થઈ જાય છે.'' વિનોબા ગીતાને ગીતાઈ-ગીતા માતા કહેતા હતા. તેમણે ખૂબ સુંદર ઉક્તિઓ સાથે જટિલ વિષયની વ્યાખ્યા કરી છે. એમણે અકર્મમાં કર્મને પણ દૃષ્ટાંત દ્વારા સમજાવ્યું છે. તેઓ કહે છે, ''માની લો કે આપણને ગુસ્સો આવી ગયો. જેની ભૂલથી ગુસ્સો આવ્યો છે, તે નજીક આવે ત્યારે આપણે તેની સાથે વાત કરતા જ નથી. આ અબોલાનું, ત્યાગના કર્મનું કેટલું પ્રચંડ પરિણામ મળે છે, એ સમજી શકાય છે. બાળકોની ભૂલ થાય ત્યારે મા-બાપ બોલવાનું બંધ કરી દે, તો તેનું જબરદસ્ત પરિણામ જોઈ શકાય છે. આ છે અકર્મમાં છુપાયેલું કર્મ.''

અષ્ટાવક્ર ગીતા (૧૮, ૬૧) કહે છે -

**નિવૃત્તિરપિ મૂઢસ્ય પ્રવૃત્તિરુપજાયતે ।**
**પ્રવૃત્તિરપિ ધીરસ્ય નિવૃત્તિફલદાયિની ॥**

અર્થાત્ મૂર્ખોની નિવૃત્તિ એક પ્રકારની પ્રવૃત્તિ છે અને ધીરવૃત્તિની વ્યક્તિની પ્રવૃત્તિનું ફળ પણ નિવૃત્તિ જેવું હોય છે. કદાચ આ જ કારણે શ્રીકૃષ્ણે સત્તર-અઢારમા શ્લોકમાં કહ્યું છે કે કર્મ, અકર્મ-વિકર્મમાં ખૂબ ગૂંચવણભરેલી વાતો છે. કર્મમાં અકર્મ તથા વિકર્મ અને અકર્મમાં કર્મ તથા વિકર્મ આવી મળે છે. સામાન્ય માનવીએ કર્મ કરતા રહેવાનું છે, સતત નિષ્કામ કર્મ કરતા રહેવાનું છે, અકર્મ અને વિકર્મથી બચવાનું છે. અકર્મ ક્યારે વિકૃત રૂપ લઈ લે તેની ખબર નથી. જે કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મને સમજી લે છે, તે મનુષ્યોમાં બુદ્ધિશાળી બની પરમાત્મચેતનામાં સ્થિત થઈ પોતે મહાપુરુષોની શ્રેણીમાં આવી જાય છે.

### કર્મની ગતિ અતિ ગહન

ઉપર્યુક્ત વિવેચનોને આત્મસાત્ કરી લીધા પછી 'ગહના કર્મણો ગતિઃ'ને સમજવાનો પ્રયાસ કરીશું. આ વિશે ગોસ્વામી તુલસીદાસજીની એક ચોપાઈ દ્વારા આને સારી રીતે સમજી શકાય છે. તેઓ લખે છે -

**ઔરુ કરૈ અપરાધુ કોઉ ઔર પાવ ફલ ભોગુ ।**
**અતિ બિચિત્ર ભગવંત ગતિ કો જગ જાનૈ જોગુ ॥**

પરમપિતા પરમાત્માની ગતિને કોણ સમજી શકે છે ? કર્મની ગતિ એટલી ગહન છે કે અપરાધ કોઈ બીજો કરે છે અને ફળ કોઈ બીજાને ભોગવવું પડે છે. ભગવવાનની આ ન્યાય વ્યવસ્થા પણ ખૂબ અનોખી છે. અર્જુન જેવો મનીષી વિદ્વાન મહારથી પણ એક અતિ આવશ્યક કર્મને ઘોર યુદ્ધ સમજી બેઠો છે તથા ભગવાનને ઠપકો આપતાં કહી રહ્યો છે કે આપ મને આ ઘોર યુદ્ધમાં કેમ પ્રવૃત્ત કરી રહ્યા છો. કર્મની ગતિ અતિ ગહન હોવાથી તે આ મહાભારતના મર્મને સમજી શકતો નથી.

ભગવાન કહે છે કે દીપકના બળતા ધુમાડાના આવરણમાં કર્મની જાળ ફસાયેલી રહે છે. તેને સામાન્ય માનવી સમજી શકતો નથી. ભારતીય પૌરાણિક ઈતિહાસમાં નૃગ નામક એક મહારાજા થઈ ગયા. તેઓ ખૂબ દાની અને યશસ્વી રાજા હતા. ગૌદાનમાં તેમણે એક બ્રાહ્મણને સેંકડો ગાયો આપી. આ ગાયોમાં એક ગાય એવી હતી, જે કોઈએ રાજાને દાનમાં આપી હતી. હવે રાજા દ્વારા જ્યારે પણ કોઈને દાન આપવામાં આવતું હતું, તે વિશુદ્ધ રૂપે તેમના દ્વારા ખરીદેલી ગાયોનું જ આપવામાં આવતું હતું. ત્રુટિવશ આ ગાય એમાં ભળી ગઈ. જે વ્યક્તિએ મહારાજને દાનમાં ગાય આપી હતી, તે રાજા પાસે પહોંચી અને ફરિયાદ કરી કે આપે મારા દ્વારા કરવામાં આવેલ દાન કોઈ બીજાને કેવી રીતે આપી દીધું. રાજાએ કહ્યું, ભાઈ ! કર્મચારીઓથી ભૂલ થઈ ગઈ. હું તો જાણતો પણ ન હતો. તેણે કહ્યું કે આપને ચોક્કસ દંડ ભોગવવો પડશે. કર્મચારીઓની ભૂલ આપની ભૂલ છે. આપ સર્વોચ્ચ પદ પર છો, દાન જેવાં કાર્યમાં આપે સાવધાની રાખવી જોઈતી હતી.

ખેર ! મૃત્યુ પછી ધર્મરાજને ત્યાં ન્યાય થયો. ધર્મરાજે કહ્યું, રાજા નૃગ આપની પાસે પુણ્ય ઘણાં છે. આપનું જીવન ધર્મપ્રધાન રહ્યું છે પરંતુ આપની સાથે એક નાનું પાપ પણ જોડાયેલું છે. આપ દાનના પ્રકરણમાં બન્ને બ્રાહ્મણોનું સમાધાન ન કરી શક્યા અને અજાણતાં જ આપનાથી ભૂલ થઈ ગઈ. આપ પહેલાં પાપનું ફળ ભોગવવા ઈચ્છો છો કે પુણ્યનું. રાજ નૃગના આત્માએ કહ્યું, ''પહેલાં પાપનું ફલ ભોગવવા દો.'' એમને કાચિંડાની યોનિમાં જન્મ લેવો પડ્યો. દ્વારકામાં એક મોટા કાચિંડાના રૂપમાં તેઓ કૂવામાં રહેતા હતા. ભગવાન કૃષ્ણ ક્રીડા માટે સાથીઓ સાથે તે તરફ આવ્યા. તેમણે જોયું કે કેટલાંક યાદવપુત્ર તેને કૂવામાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે. બહાર નીકળતાં જ તેણે ભગવાનનાં જ્યોતિ રૂપે દર્શન કરી લીધાં તથા તેમની જ્યોતિમાં જ શરીરનો ત્યાગ કરીને સમાઈ ગયા. પાપનું ફળ પણ ભોગવી લીધું તથા પુણ્યોને લીધે થોડી જીવનાવધિમાં ભોગ પૂર્ણ કરી પરમસત્તાની સાથે એકાકાર થઈ ગયા.

### કરમ ગતિ ટારે નાહિં ટરૈ

કથા તો પૌરાણિક છે, પરંતુ કર્મની ગતિ કેટલી ગહન, ટાળ્યે ટળતી નથી, એ તથ્યને સ્પષ્ટ કરે છે. આપણે ક્યારેક ગડમથલમાં ફસાઈ જઈએ છીએ. આપણાં ક્યાં પુણ્ય હતાં કે જેને કારણે આ જન્મમાં ભૌતિકતાની જંજાળમાંથી નીકળીને આપણે ભગવદ્કાર્યમાં જોડાઈ ગયા. ગાયત્રી પરિવાર સાથે જોડાઈને જે સત્કર્મમાં, જ્ઞાનયજ્ઞમાં જોડાઈ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગયા, જ્યાં આપણને ચારે તરફ ભગવાન જ ભગવાન દેખાય છે, આ બધું આપણા વિગત જન્મોનાં પુણ્યોનું ફળ છે. કેટલાક લોકો જોડાયા પછી પણ સ્વરૂપને સમજી શકતા નથી, પછી ભૌતિકવાદમાં, લૌકિક દુનિયાની ઝાકઝમાળમાં ફસાઈ જાય છે, તેમનાં પુણ્ય ક્ષીણ થતાં જાય છે. આ જન્મની સાધનાના અભાવે તેઓ કશું મેળવી શકતા નથી, તેથી દુર્બુદ્ધિનું વર્ચસ્વ વધી જાય છે અને એવાં કર્મ કરાવવા લાગે છે જેની કલ્પના પણ કરી ન હોય. કર્મની ગતિ ખૂબ ગહન છે. કર્મફળ એ વિધાતાનો અટલ સિદ્ધાંત છે.

પરમપૂજ્ય ગુરુદેવ એક સ્થળે લખે છે કે અમે લોકોને જીવનભર જે અનુદાન વહેંચ્યાં છે, તેના બદલામાં જો અમને અને માતાજીને બીમાર થઈને શરીર છોડવું પડે તો કોઈ આશ્ચર્યની વાત નથી. ગુરુદેવ અને માતાજીએ સચેત સ્થિતિમાં બધું જ ભોગવીને શરીર છોડ્યું, મહાસમાધિ લીધી. રામકૃષ્ણ પરમહંસે ગળાના કેન્સરથી પીડાઈને શરીર છોડ્યું. જ્યારે આમાં મહાપુરુષ પણ અપવાદ નથી, તો આપણે કેવી રીતે બચી શકીએ. હા, પરમાત્મચેતનામાં સ્થિત થઈને આજથી જ શ્રેષ્ઠ કર્મ કરતા રહી પોતાનાં પુણ્યોના 'એકાઉન્ટ'માં વૃદ્ધિ કરવા માટે સંકલ્પિત થઈ જવું જોઈએ. નિષિદ્ધ કર્મોથી બચવું જોઈએ તથા નિષ્કામ કર્મમાં લિપ્ત થઈ જવું જોઈએ.

પરમપૂજ્ય ગુરુદેવ એક પુસ્તક લખ્યું છે, 'ગહના કર્મણો ગતિ'. એની ભૂમિકામાં તેઓ લખે છે, ''નિઃસંદેહ કર્મની ગતિ ખૂબ ગહન છે. ધર્માત્માઓને દુઃખ, પાપીઓને સુખ, આળસુઓને સફળતા, ઉદ્યોગશીલોને નિષ્ફળતા, વિવેકવાનો પર વિપત્તિ, મૂર્ખાઓને ત્યાં સંપત્તિ, દંભીઓને પ્રતિષ્ઠા અને સત્યનિષ્ઠોને તિરસ્કાર પ્રાપ્ત થવાનાં અનેક ઉદાહરણો આ દુનિયામાં જોવા મળે છે. કોઈ જન્મથી જ વૈભવ લઈને પેદા થાય છે, તો કોઈને જીવનભર દુઃખો જ દુઃખો ભોગવવાં પડે છે. સુખ અને સફળતાના જે નિયમો નિર્ધારિત છે, તે પૂરેપૂરા ફલિત થતા નથી. આ બધી બાબતોને જોતાં ભાગ્ય, ઈશ્વરની મરજી, કર્મની ગતિ વિશે પ્રશ્ન અને શંકા ઊભી થાય છે. વૈજ્ઞાનિક અને આધુનિક દૃષ્ટિએ જ કર્મની ગહન ગતિ પર વિચાર કરવામાં આવે તો એ પ્રતિપાદિત થઈ શકે છે કે જે કાંઈ પણ ફળ પ્રાપ્ત થાય છે, તે આપણાં કર્મોને કારણે જ છે.''

## સાચી દૃષ્ટિ વિકસિત કરીએ

આ પુસ્તકમાં એમણે પંચાધ્યાયીના માધ્યમથી વાચકોને ચિત્રગુપ્તનો પરિચય કરાવ્યો છે. દૈહિક, દૈવિક અને ભૌતિક તાપોનું વર્ણન કર્યું છે, તે કયા કારણે આવે છે, તે બતાવ્યું છે. કર્મોનાં સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ એમ ત્રણેય સ્વરૂપોની વ્યાખ્યા કરી છે તથા લખ્યું છે કે આપ સત્કર્મો દ્વારા પોતાની દુનિયા સ્વયં બનાવી શકો છો. આ પુસ્તકના સમાપન પૃષ્ઠોમાં તેઓ લખે છે, ''મોજમજા કરનાર દરેકને પૂર્વજન્મનો ધર્માત્મા અને મુશ્કેલીમાં રહેતી દરેક વ્યક્તિને પૂર્વજન્મનો પાપી કહેવું ઉચિત નથી. સત્પુરુષોને ડગલે ને પગલે કષ્ટો સહન કરવાં પડે છે. આ દુઃખો પુણ્યસંચયના, તપસ્યાના તથા પોતાની સત્યતાની પરીક્ષા દ્વારા સુવર્ણની જેમ ચમકાવનારાં છે. જ્યારે પણ કોઈ વિપત્તિ આવે ત્યારે એમ ન વિચારવું જોઈએ કે આપણે પાપી છીએ, અભાગિયા છીએ અને ઈશ્વરની આપણા ઉપર કોપદૃષ્ટિ છે. શક્ય છે કે એ દુઃખ આપણા હિત માટે આવ્યું હોય. કર્મની ગતિ ગહન છે, તેને આપણે પૂર્ણપણે જાણતા નથી, ફક્ત પરમાત્મા જ જાણે છે.''

શ્રી કબીરદાસજીએ આ જ વાતને આ રીતે લખી છે-

**કરતા થા સો ક્યૂં કિયા, અબ કરી ક્યૂં પછિતાઈ।**
**બોવૈ પેડ બબૂલ કા, આમ કહાં તે ખાઈ ॥**

''ખરાબ કર્મો કરતો હતો, તે શા માટે કર્યાં ? કર્યાં પછી અફસોસ શા માટે કરે છે ? બાવળનું ઝાડ વાવ્યું છે, તો કેરી ક્યાંથી ખાવા મળે ? સાધ્યને અનુરૂપ સાધન હોવાં જોઈએ.''

કબીરે ખૂબ સરળ ભાષામાં આપણને કર્મોની ગતિ સમજાવી દીધી છે. ભગવાન કહે છે કે જે તેમની સાથે યોગયુક્ત થઈને કર્મ કરે છે, તેનાં કર્મોના સ્વામી ભગવાન હોય છે. તે એ કર્મોનો નિમિત્ત માત્ર હોય છે, જે તેની પ્રકૃતિ પોતાના સ્વામીને જાણીને તેમના વશમાં રહીને કરે છે. તે જ્ઞાનની બળબળતી પ્રબળતા અને પવિત્રતામાં તેનાં કર્મ અગ્નિમાં ઈંધણની જેમ બળીને ભસ્મ થઈ જાય છે. તે સ્થિર, શાંત, અચલ, નિર્મળ, શુભ અને પવિત્ર રહે છે. આવા દિવ્યકર્મીનું, મહામાનવનું પ્રથમ લક્ષણ એ જ છે કે તે કર્તૃત્વના અભિમાનથી શૂન્ય મોક્ષદાયક જ્ઞાનમાં સ્થિત થઈને સમસ્ત કર્મ કરે છે. આ ઉપર્યુક્ત વિવેચન ઓગણીસ, વીસ અને એકવીસમા શ્લોકનો ભાવાર્થ છે, જે અહીં દર્શાવવામાં આવી રહ્યાં છે.

**યસ્ય સર્વે સમારમ્ભાઃ કામસંકલ્પવર્જિતાઃ ।**
**જ્ઞાનાગ્નિદગ્ધકર્માણં તમાહુઃ પંડિતં બુધાઃ ॥**
**ત્યક્ત્વા કર્મફલાસંગં નિત્યતૃપ્તો નિરાશ્રયઃ ।**
**કર્મણ્યભિપ્રવૃત્તોઽપિ નૈવ કિંચિત્કરોતિ સઃ ॥**
**નિરાશીર્યતચિત્તાત્મા ત્યક્તસર્વપરિગ્રહઃ ।**
**શારીરં કેવલં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ॥**

''જેનાં બધાં કાર્યો (શાસ્ત્રસંમત) કામના અને માનસિક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉદ્વેગ વિના થાય છે તથા જેનાં સમસ્ત કર્મ જ્ઞાનરૂપ અગ્નિ દ્વારા ભસ્મ થઈ ગયાં છે, તે મહાપુરુષને ઋષિગણ અને જ્ઞાનીજનો દ્વારા બુદ્ધિશાળી (પંડિત) કહેવામાં આવે છે.''

''આવી વ્યક્તિ બધા પ્રકારની કર્મફળ-આસક્તિ છોડી સદા પ્રભુમાં તૃપ્ત રહે છે, પ્રભુ સિવાય કોઈ અન્ય પર આશ્રિત ન રહેતાં તે બધા પ્રકારનાં કર્મો કરતી હોવા છતાં વાસ્તવમાં કશું જ કરતી નથી.''

''જેનું અંતઃકરણ અને ઈન્દ્રિયો સહિત શરીર જિતાયેલું છે, જેણે સમસ્ત ભોગસામગ્રીનો, સંગ્રહવૃત્તિનો પરિત્યાગ કરી દીધો છે, આવી આશારહિત (ઉદ્વિગ્નતાથી મુક્ત) વ્યક્તિ કેવળ શારીરિક કર્મ કરતી હોવા છતાં કોઈ પ્રકારનાં પાપો બાંધતી નથી.''

## દિવ્યકર્મીનાં લક્ષણ

ઉપર્યુક્ત ત્રણેય શ્લોક દિવ્યકર્મી મહામાનવોનાં લક્ષણ બતાવી રહ્યા છે. જ્યાં કામનાથી મુક્તિ મળી ગઈ, ત્યાં માનસિક ઉદ્વિગ્નતાનું શું કામ છે ? જ્યાં કર્તાનો વ્યક્તિગત અહંકાર હોતો નથી, ત્યાં કામનાનું અસ્તિત્વ અસંભવ થઈ જાય છે. આવી સ્થિતિમાં કામના નિરાહાર બની જાય છે, ક્ષીણ બનીને નષ્ટ થઈ જાય છે. બાહ્ય રીતે જોતાં મુક્ત પુરુષ પણ બીજા લોકોની જેમ બધાં કર્મ કરતો દેખાય છે અને શક્ય છે કે તે એટલા વધારે પ્રમાણમાં અને વધુ શક્તિશાળી સંકલ્પ તથા વેગીલી શક્તિ સાથે કરે છે, કેમ કે તેની સાથે ભગવત્‌સંકલ્પનું બળ જોડાયેલું હોય છે. પરંતુ આ બધાં કાર્યોમાં, પુરુષાર્થોમાં કામના સાથે જોડાયેલી નિમ્ન કોટિની ઈચ્છાઓનો અભાવ હોય છે, ''સર્વે સમારંભાઃ કામસંકલ્પવર્જિતાઃ ।'' તેને કર્મોના ફળમાં આસક્તિ હોતી નથી. ફળ માટે કર્મ કરવામાં આવતું નથી, પરંતુ બધાં કર્મોના સ્વામી પરમાત્માનું એક યંત્ર બનીને સંપૂર્ણ કર્મ કરવામાં આવે છે. ત્યાં કામના, વાસના, અહંતા માટે કોઈ સ્થાન હોતું નથી. જોકે ખરા અર્થમાં કર્તા તો સ્વયં ભગવાન છે, મુક્ત પુરુષનું અંતઃકરણ અને અંતરાત્મા કશું જ કરતો નથી (નૈવ કિંચિત્ કરોતિ). કર્મ તે પ્રકૃતિ, તે ચિન્મય ભગવતી કરે છે જે અંતર્યામી ભગવાન દ્વારા નિયંત્રિત થાય છે.

શબ્દાવલી અવશ્ય કઠિન છે, પરંતુ આ ત્રણ શ્લોકોના ભાવને સમજવાનું બહુ કઠિન નથી. અત્યાર સુધી કર્મોના વિષયમાં ચર્ચા થઈ. હવે અહીં ભગવાન જે વિષય પર ચર્ચા શરૂ કરી રહ્યા છે તે છે 'કર્મોમાં પૂર્ણ કુશળ' 'કર્મષુઃ કૌશલમ' એવા દિવ્યકર્મી મહામાનવોને કેવી રીતે ઓળખવા? કેટલીક વ્યક્તિ એવી હોય છે જે અંદરથી જ અવ્યવસ્થિત હોય છે અને તેમનાં કર્મોને વિષમય બનાવી દે છે. તેમના દ્વારા પૂર્ણ પરિશ્રમ કરવા છતાં અપૂર્ણ કર્મોનું જ સંપાદન થઈ શકે છે, જ્યારે અન્ય લોકો તેમની સુવ્યવસ્થિત આત્મસત્તા અને ઈચ્છાશક્તિ દ્વારા કર્મોને વરદાનનું સ્વરૂપ આપી દે છે. કોઈ પણ કર્મનો મહિમા તે કર્મમાં નહિ, પરંતુ કર્તાના હૃદયની શ્રેષ્ઠતા અને પવિત્રતામાં જ સમાયેલી હોય છે.

## તમાહુઃ પંડિતં બુધાઃ

જેઓ વ્યક્તિગત કામના તથા કોઈ પ્રકારની માનસિક ઉથલપાથલ વિનાનાં કર્મો કરતી રહે છે એવી વ્યક્તિઓને ગીતાકારે પંડિત (બુદ્ધિશાળી) કહી છે. એનું એકમાત્ર કારણ એ જ છે કે તેમની બધી વાસનાઓ સ્વાધ્યાયજનિત સમજ અને ધ્યાનજનિત અનુભવમાં અર્થાત્ જ્ઞાનાગ્નિમાં દગ્ધ થઈ ગઈ છે, બળીને ભસ્મ થઈ ગઈ છે. (જ્ઞાનાગ્નિદગ્ધ કર્માણં), જે કાર્યને હાથમાં લઈ લે તેને દિવ્યતા અર્પે, તે જ સાચા અર્થોમાં જ્ઞાની છે, પંડિત છે. પરમપૂજ્ય ગુરુદેવે જીવનભર આ જ કર્યું. એમણે કહ્યું, ''આ કાર્ય મહાકાળનું છે. યુગના નવનિર્માણની યોજના પરમસત્તાની છે. એની સાથે અમારો સંકલ્પ જોડાયેલો છે. અમે નિમિત્ત માત્ર છીએ. તમે પણ અમારી સાથે આ કાર્યમાં જોડાઈ જાવ.'' એ જ થયું. જે જોડાતો ગયો, તેનાં કર્મ દિવ્ય બની ગયાં. જ્ઞાનના અગ્નિમાં તેની વાસનાઓ ભસ્મ થતી ગઈ.

જ્યારે કોઈના સંકલ્પ સાથે કામના જોડાયેલી હોય ત્યારે તે વ્યકિતગત હોય છે. કામના એટલે કે આંધળી દોટ - અતૃપ્તિ. અંતર્જગતમાં તીવ્ર હલચલ. આ ન મળે તો કેમ ચાલશે ? કામનાનો અર્થ છે, પોતાની ઈન્દ્રિયોને તૃપ્તિ મળે એવો પ્રયાસ કરવો. પોતાની અંદર શાંતિ શોધવાની અસમર્થતા. બીજાઓને જોઈ-જોઈને પાગલ થઈ જવું, અંતહીન કામનાઓ પોતાની અંદર સમાવી રાખવી તે કામના સાથે જોડાઈને કર્મ કરનારાઓની નિશાની છે. પરંતુ જેમના સંકલ્પ સમષ્ટિગત છે, જેઓ બીજાના દુઃખમાં સહભાગી થાય છે તેઓ જ્ઞાની, દિવ્યકર્મી કહેવાય છે. હંમેશાં પ્રભુમાં લીન રહે છે તથા ક્યારેય પાપો બાંધતા નથી. આ જ વ્યાખ્યા દૃષ્ટાંતોના માધ્યમથી વધુ વિસ્તાર સાથે આગામી અંકમાં.

❋❋❋

*મધમાખી શ્રમ કરે છે માટે તેનો આદર થતો નથી, પરંતુ એ માટે થાય છે કે તે બીજાને માટે શ્રમ કરે છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સફળ અને સંતોષી જીવનની રીતિ-નીતિ

એકસરખી ક્ષમતાઓ જન્મથી જ મળવા છતાં કેટલાંક વ્યક્તિત્વ જે કોઈ ક્ષેત્રમાં ઊતરે છે તેમાં સફળતાઓ મેળવતા જાય છે અને કેટલાક જીવનપર્યંત દીન-હીન, અભાવગ્રસ્ત પરિસ્થિતિઓમાં જ રહે છે અને કોઈ પણ ક્ષેત્રમાં સફળ થઈ શકતાં નથી. આવા લોકો પરાવલંબી બનીને જીવન ખેંચતા રહે છે અને જેમતેમ બાકીના દિવસો પૂરા કરે છે. એકની સફળતા અને બીજાની નિષ્ફળતાને જોઈને મનમાં સાહજિક રીતે પ્રશ્ન ઊભો થાય છે કે સફળ-અસફળ થવાના મૂળભૂત કારણો કયાં ક્યાં છે ? કઈ વિશેષતાઓ હોવાને કારણે કેટલીક વ્યક્તિઓ જે કોઈ ક્ષેત્રમાં ઊતરે છે તેમાં પોતાના લક્ષ્યમાં સફળ થઈ જાય છે, જ્યારે બીજાઓ દ્વારા તેની ઉપેક્ષા થવાથી અસફળતા જ હાથમાં આવે છે.

કોઈપણ ક્ષેત્રમાં સફળ થવા માટે લગભગ ત્રણ સૂત્રોનો આધાર લેવાનો હોય છે. (૧) લક્ષ્યનું નિર્ધારણ, (૨) અભિરુચિ હોવી, (૩) ક્ષમતાઓનો સદુપયોગ. આ ત્રણ સિદ્ધાંત એવા છે, જેને અપનાવીને કોઈપણ ક્ષેત્રમાં સફળ થવાનું શક્ય છે.

સમાજની મોટાભાગની વ્યક્તિઓનો જીવનક્રમ લક્ષ્યવિહીન હોય છે. સફળ વ્યક્તિઓને જોઈને એમનું મન પણ એવું સૌભાગ્ય પ્રાપ્ત કરવા માટે લલચાયા કરે છે. ક્યારેક એક દિશામાં વધવાનું વિચારે છે તો ક્યારેક બીજી દિશામાં. વિદ્વાનને જોઈને વિદ્વાન, કલાકારને જોઈને કલાકાર બનવાની ઈચ્છા જાગે છે. ક્યારેક ધનવાન થવાની તો ક્યારેક બળવાન થવાની વાત વિચારે છે. પોતાનું કોઈ એક સુનિશ્ચિત લક્ષ્ય નિર્ધારિત કરી શકતા નથી. વાંદરાની માફક એમનું મન ભટકતું રહે છે, પરિણામે એક દિશામાં ક્ષમતાઓનું નિયોજન નથી થઈ શકતું. વેરવિખેર વિચારોને કારણે કોઈ પ્રયોજન પૂરું થઈ શકતું નથી. અસફળતા જ હાથમાં આવે છે.

જેવી રીતે પરદેશગમન માટે જહાજ ચલાવનારને નકશો અને દિશાસૂચકની જરૂર પડે છે, તેવી રીતે મનુષ્ય જીવનમાં લક્ષ્યનું નિર્ધારણ ખૂબ જરૂરી છે. શું બનવું છે અને શું કરવું છે, એનો બોધ હંમેશાં યાદ રહે તો એ જ દિશામાં પ્રયત્નો થાય છે. એક કહેવત છે કે "જે નાવિક પોતાની યાત્રાના અંતિમ બંદરને જાણતો નથી તેને અનુકૂળ હવા ક્યારેય પણ વહેતી નથી." અર્થાત સમુદ્રનાં તોફાનોની સાથે તે ઉદ્દેશ વગર ભટક્યા કરે છે. લક્ષ્યવિહીન વ્યક્તિની પણ આવી જ દુર્દશા થાય છે. આથી પોતાનું એક નિશ્ચિત લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવે, એ સૌથી પહેલી જરૂરિયાત છે.

સફળતાનું બીજું સૂત્ર છે - અભિરુચિ હોવી. જે લક્ષ્ય પસંદ કર્યુ છે તેના પ્રત્યે ઉત્સાહ અને ઉમંગ જગાડવો, મનોયોગ લગાવવો. લક્ષ્ય પ્રત્યે ઉત્સાહ, ઉમંગ ન હોય, મનોયોગ લગાવી ન શકાય તો સફળતા હંમેશાં સંદિગ્ધ બની રહેશે. અપૂર્ણ મનથી, પાણી વલોવવા જેવાં કામ કરવાથી કોઈ પણ મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિની આશા રાખી ન શકાય. મનોવિજ્ઞાનનો એક સિદ્ધાંત છે, કે "ઉત્સાહ અને ઉમંગ શક્તિઓના સ્રોત છે. એના અભાવે માનસિક શક્તિઓ પરિપૂર્ણ હોવા છતાં પણ કોઈ કામમાં પ્રયુક્ત થઈ શકતી નથી."

ઉત્સાહ કોઈપણ કાર્યનો પ્રાણ છે. શરીરમાં પ્રાણવાયુની માફક તે લક્ષ્ય તરફ ગતિશીલ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઉત્સાહરૂપી અગ્નિ જ કાર્યસંચાલન માટે વરાળ તૈયાર કરે છે. તે યુવાવસ્થાનું લક્ષણ છે. આથી અભિરુચિનો અર્થ છે, જે પણ લક્ષ્ય નિર્ધારિત કર્યું છે, તેમાં પૂર્ણ મનોયોગ જોડાયેલો હોય અને ઉત્સાહમાં ઓટ આવવા ન પામે. ઘણુંખરું કોઈપણ કાર્યની શરૂઆતમાં જેટલી અભિરુચિ જોવા મળે છે, તેટલી પછીથી રહી શકતી નથી. પરિણામે લક્ષ્ય પ્રત્યે જેટલી તત્પરતા અને તન્મયતા રહેવી જોઈએ તે ન રહેવાથી અધૂરી સફળતા જ મળી શકે છે.

સફળતા મેળવવાનું ત્રીજું સૂત્ર છે - પોતાની ક્ષમતાઓનું સુનિયોજન, સદુપયોગ. ઉપલબ્ધ સંપત્તિઓમાં સમય સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે. શરીર, મન અને મસ્તકની ક્ષમતાનો તથા સમયરૂપી સંપત્તિનો સાચો ઉપયોગ અસામાન્ય ઉપલબ્ધિઓનું કારણ બને છે. નિર્ધારિત લક્ષ્યની દિશામાં સમયની એક-એક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ક્ષણના સદુપયોગથી ચમત્કારિક પરિણામો મળે છે. શરીરથી શ્રમ કરવો એટલું જ પૂરતું નથી, પરંતુ મસ્તિષ્કની ક્ષમતાઓનું તેમાં પૂર્ણ યોગદાન હોવું જરૂરી છે. મસ્તકમાં અસીમ ક્ષમતાઓ ભરેલી છે. વિચારોની અસ્તવ્યસ્તતા અને એક દિશામાં સુનિયોજન ન થઈ શકવાથી જ તેની મોટાભાગની શક્તિ વ્યર્થ થઈ જાય છે. શક્તિઓ વિખરાઈ જવાથી કોઈ વિશિષ્ટ ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી. સૂર્યનાં કિરણો વિખરાયેલાં હોવાથી તેની શક્તિનો પૂરો લાભ મળતો નથી. બિલોરી કાચમાં એકઠાં થઈને તે જ કિરણો પ્રચંડ અગ્નિનું રૂપ લઈ લે છે. મસ્તકના સામર્થ્યની બાબતમાં પણ આ જ વાત લાગુ પડે છે.

સફળ અને અસફળ વ્યક્તિઓની શરૂઆતની ક્ષમતા, યોગ્યતા અને અન્ય બાહ્ય પરિસ્થિતિઓની સરખામણી કરતાં તેમાં કોઈ વિશેષ અંતર દેખાતું નથી, છતાં પણ બંનેની સ્થિતિમાં આભ-જમીનનું અંતર આવી જાય છે. એનું એકમાત્ર કારણ છે - એક વ્યક્તિએ પોતાની ક્ષમતાઓને એક સુનિશ્ચિત લક્ષ્ય તરફ સુનિયોજિત કરી જ્યારે બીજી વ્યક્તિના જીવનમાં લક્ષ્યવિહીનતા અને અસ્તવ્યસ્તતા જ રહી. સફળ અને શ્રેષ્ઠ જીવન માટે આ પણ હૃદયંગમ કરવું જરૂરી છે, પરંતુ મનુષ્ય જે પરિસ્થિતિઓમાં જન્મ લે છે તેમાં પૂર્ણરૂપે ગુણયુક્ત બની રહેવું લગભગ અસંભવ જેવું છે. દૈનિક વ્યવહાર અને લોકાચારમાં ભૂલો, ત્રુટિઓ અને અપરાધ થવાનું પણ શક્ય છે. સારાં-ખરાબનો વિવેક હંમેશા રહેતો નથી. મનોવિકાર જાગે છે ત્યારે મનુષ્ય દુષ્કર્મો તરફ પ્રેરાય છે. કોઈ ને કોઈ દોષ તો બધામાં હોય છે. પૂર્ણપણે સદ્‌ગુણી અને સદાચારી વ્યક્તિ ખૂબ ઓછી મળશે. મોટાભાગની વ્યક્તિઓના સ્વભાવમાં કોઈ ને કોઈ બુરાઈઓ જરૂર હોય છે. આ સંસાર ગુણ-દોષમય છે, એક જેવી સ્થિતિ અહીં ક્યાંય નથી.

દોષ મનુષ્યજીવનની સ્વાભાવિક પ્રક્રિયા છે, પરંતુ ૯૯ ટકા પ્રસંગોમાં કોઈ પણ મનુષ્ય પોતાને દોષિત નથી ઠરાવતો, ભલે ને તેનાથી ગમે તેટલી ભારે ભૂલ થઈ હોય?

ભૂલને સ્વીકારી લેવામાં કાંઈ નુકસાન નથી. આપણું મન નિર્મળ થઈ જાય છે અને આગળના જીવન માટે ચિત્ત સ્વસ્થ અને જાગરૂક થઈ જાય છે, પરંતુ દોષને જ્યારે દોષ તરીકે સ્વીકારવામાં આવતો નથી ત્યારે મનુષ્યનું દુઃસાહસ ઉદ્દીપ્ત થઈ જાય છે અને તેને અપરાધ કરવામાં જ આનંદ આવવા માંડે છે. છુપાવેલી ભૂલો પણ બીજા અનેક પ્રકારના અનર્થોને જન્મ આપે છે. આ રીતે પાપ અને દોષ-દુષ્કર્મથી પ્રત્યક્ષ રીતે એટલું બધું ઝેરીલું વાતાવરણ બનતું નથી, જેટલું એને છુપાવવાથી બને છે.

**એક વ્યક્તિ સંત સુકરાત પાસે વારંવાર સંપન્નતાના આશીર્વાદ લેવા આવતી, પરંતુ તેઓ તેને સમજાવીને રવાના કરી દેતા. એક વાર સંતે જોયું કે તે વ્યક્તિ ફળ વેચવા જઈ રહી છે, તો જાતે જઈને તેને સંપન્નતાના આશીર્વાદ આપ્યા. એણે પૂછ્યું કે વારંવાર આગ્રહ કરવા છતાં પણ પહેલા આશીર્વાદ ન આપ્યા, પરંતુ હવે જાતે જ આપવા કેમ આવ્યા? સંતે કહ્યું- ''પરિશ્રમવિહીન વ્યક્તિને આશીર્વાદ પણ ફળતા નથી. હવે તું શ્રમ કરવા માંડ્યો તેથી જાતે આશીર્વાદ આપ્યા.''**

છુપાવેલા અસ્વીકૃત દોષોનાં મૂળિયાં મનુષ્યના મસ્તકમાં ઊંડે સુધી ઊતરીને મજબૂત સ્થિતિ બનાવી લે છે, જે એકવાર તો શું વારંવાર દંડ આપવા છતાં પણ દૂર થતી નથી. બંધ બાંધીને રોકેલા પાણીની જેમ એને જ્યાંથી અસાવધાની અને નબળાઈ દેખાઈ આવે છે ત્યાં જ વારંવાર ફૂટી નીકળે છે. આમ થવાથી મનુષ્યની અશાંતિ વધે છે. બધી જ શક્તિ આ અપવ્યયને અટકાવવામાં જ ખર્ચાતી રહે છે અને રચનાત્મક કે ગુણાત્મક જીવનનાં તમામ સુખ અને આનંદ ડૂબી જાય છે. આત્મ-કલ્યાણના ઈચ્છુકને મનોગત દોષોને સુધારવામાં ખૂબ પરેશાન થવું પડે છે, પરંતુ જો આ દોષોને વ્યક્ત કરી દેવામાં આવે તો મસ્તકનો ઘણો બધો બોજ હળવો થઈ જાય છે અને આત્મ-વિકાસનો નૈતિક માર્ગ પ્રશસ્ત થવા લાગે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિચાર ક્રાંતિ યુગે-યુગે

ભારત ધાર્મિક ક્રાંતિઓનો ગઢ રહ્યો છે. અહીં વિચારો દ્વારા જ સંસ્કૃતિનો સંદેશ અને ધર્મ, અધ્યાત્મની સામયિક પરિભાષાઓ કરવામાં આવતી રહી છે. ભગવાન બુદ્ધે ''વૈદિકી હિંસા હિંસા ન ભવતિ''ની રૂઢ માન્યતાને નાબૂદ કરી, તો આગળ વધીને બૌદ્ધ દર્શનમાં બતાવેલા શૂન્યવાદની વિકૃતિને શંકરાચાર્યએ મિટાવી. 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા'ના આધાર પર જીવનની કઠોર યથાર્થતાઓને ભુલાવવામાં આવી, તો ગુરુ નાનક, ગુરુ ગોવિંદસિંહ વગેરે સંત મહાપુરુષોએ જીવનની સમસ્યાઓ સામે સંઘર્ષની પ્રેરણા આપી. આ બધાં જ કાર્ય વિચાર-પ્રસાર દ્વારા જ સંપન્ન કરવામાં આવતાં રહ્યાં.

અન્ય દેશોમાં પણ સમય-સમય પર આ પ્રકારની ધાર્મિક ક્રાંતિઓ થતી રહી અને જનમાનસનું સ્તર ઊંચું ઉઠાવતી રહી. ચીનમાં અસભ્ય અને અશિક્ષિત લોકોને નૈતિકતા અને માનવતાનો સંદેશ આપવા માટે કન્ફ્યૂશિયસ પ્રેરિત એક વૈચારિક આંદોલન જ ચાલ્યું હતું. બુદ્ધના સમકાલીન કન્ફ્યૂશિયસના વિચારોએ તે સમયે સામાન્ય વ્યક્તિથી માંડીને રાજસત્તાને પણ પ્રભાવિત કરી હતી.

પંદરમી-સોળમી શતાબ્દીમાં ઈસાઈ ધર્મ કેટલીય વિકૃતિઓ અને અંધ પરંપરાઓમાં ફસાઈ ચૂક્યો હતો. પરિણામે લોકો ધર્મના વાસ્તવિક સ્વરૂપને ભૂલીને ચિન્હ પૂજાને જ સર્વ કાંઈ સમજવા લાગ્યા. સ્પષ્ટ છે કે તેનું પરિણામ નૈતિક પતન અને તેના વડે જન્મેલી સમસ્યાઓ રૂપે સામે આવ્યું. માર્ટિન લ્યૂથર નામના એક વિદ્વાને તેની વિરુદ્ધ વૈચારિક ક્રાંતિનો શંખનાદ કર્યો હતો. તેના પરિણામે ફક્ત ઈશ્વરીય સત્તાને જ સર્વોચ્ચ માનનાર વિચારશીલ વ્યક્તિઓનો પ્રગતિશીલ વર્ગ તૈયાર થયો, બાકી તો તે પહેલાં ધર્મ-ગુરુઓના પ્રત્યેક આદેશને કોઈપણ જાતના વિવેક વગર સ્વીકારી લેવાની જડતા ઈસાઈ જાતના અનુસરણ કરનારાઓમાં પ્રવેશી ચૂકી હતી અને તેમને પોતાની પકડમાં સારી રીતે બાંધી ચૂકી હતી.

આધુનિક સભ્યતાના વિકાસની પ્રક્રિયા જ્યારથી શરૂ થઈ, તે પણ વિચાર-ક્રાંતિના ફળસ્વરૂપ જ હતી. તે સમયે રોમ, કલા અને સંસ્કૃતિનું કેન્દ્ર હતું. ઈસ્તમ્બૂલથી કેટલાંક રોમન વિચારકો પોતાની સાથે કલા અને સંસ્કૃતિની વિચારધારા લઈને ઈટાલી ગયા. તે દિવસોમાં જ પ્રેસની પણ શોધ થઈ, પરિણામે આમ જનતાને માટે પણ પુસ્તકોની સુગમતા પ્રાપ્ત થવા લાગી. રોમન વિચારકોએ પોતાના વિચાર પુસ્તકોના રૂપમાં છપાવીને જન-જન સુધી પહોંચાડવાની શરૂઆત કરી તેના ફળસ્વરૂપે એક અભૂતપૂર્વ જનજાગૃતિ આવી. વિશ્વ-ઈતિહાસમાં આ લોકજાગૃતિને 'રેનેસાં'ના નામથી ઓળખવામાં આવે છે. પુસ્તકોના પ્રચારથી જ લોકો સ્વતંત્ર દૃષ્ટિથી વિચાર કરવાનું શીખ્યા અને એક એવો વર્ગ તૈયાર થયો જે સ્વતંત્રરૂપે પોતાના વિવેકના આધારે કોઈ વાતને સ્વીકારવી કે નહીં તેનો નિર્ણય લેતો હતો.

સન ૧૭૮૯માં થયેલી ફ્રાંસની રાજક્રાંતિનો આધાર પણ વૈચારિક પરિવર્તન વડે જ મજબૂત બન્યો હતો. એ સમયે ફ્રાંસની જનતા કેટલીય સમસ્યાઓ અને રાષ્ટ્રીય સંસ્કારો વડે ત્રાસી ગઈ હતી. લૂઈ સોળમાનું સ્વેચ્છાચારી શાસન જ એના માટે જવાબદાર ગણવામાં આવતું હતું. તેને ન તો જનહિતનો ખ્યાલ હતો, ન જનસુવિધાઓની ચિંતા. જનતા તેના અત્યાચારોને ચૂપચાપ સહન કરતી હતી. એ સમયે ફ્રાંસની જનતા રાજસત્તાને બદલવાની વાત વિચારી પણ નહોતી શકતી. મિરાબો જિરોદિસ્ટો, મારા, દાંતે વગેરે વિચારકો અને લોકનેતાઓએ પરિવર્તનનો જયઘોષ કર્યો અને બતાવી આપ્યું કે આ પરિવર્તન વગર કાયમી થઈ ગયેલી સમસ્યાઓના સમાધાનનો બીજો કોઈ ઉપાય નથી. પરિણામે, જનતામાં એવી ચેતના ઉત્પન્ન થઈ કે સમ્રાટ લુઈના સ્વેચ્છાચારી શાસનનો અંત આવી ગયો.

કેટલીક શતાબ્દીઓ પહેલાં વિશ્વના બધા જ દેશોમાં રાજાશાહી હતી. રોમન દાર્શનિક સુકરાતના શિષ્ય પ્લેટોએ પ્રથમ વખત લોકશાહીની કલ્પના કરી તથા તેના સિદ્ધાંતોનું પોતાના પુસ્તક 'રિપબ્લિક'માં વિશ્લેષણ કર્યું. રુસો વગેરે વિચારકોએ આ સિદ્ધાંતની છણાવટ કરી અને લોકોને જણાવ્યું કે રાજાશાહીને સ્થાને લોકશાહીની સ્થાપના કરવામાં આવે અને તેનું સ્વરૂપ, વ્યાવહારિક કાર્યક્રમ તથા પરિણામ પણ તેમણે લોકોને જણાવ્યા. આ વિચાર આમજનતાને પ્રિય લાગ્યા. પરિણામે એક પછી એક રાજક્રાંતિઓ થતી ગઈ. જનતા વિદ્રોહી બની ગઈ અને રાજતંત્રોને ઉખાડીને તેમની જગ્યાએ પ્રજાતંત્ર સ્થાપિત કરી દીધાં. યુરોપ, અમેરિકા, એશિયા, આફ્રિકાના અનેક દેશોમાં એક પછી એક પ્રજાતંત્રનો ઉદય થતો ગયો. જનતાએ સશક્ત રાજસત્તાઓને જે તાકાતથી ઉથલાવવામાં સફળતા મેળવી તે તેમની વિચારશક્તિ જ હતી. પ્રજાતંત્રની જરૂરિયાત પર વિશ્વાસ કરીને સાધારણ લોકોએ રાજતંત્ર પલટાવી દીધાં, એને વિચારશક્તિનો જ વિજય કહેવાશે.

એક બીજી રાજનૈતિક વિચારક્રાંતિ છેલ્લા કેટલાક દિવસોમાં જ થઈ છે. કાર્લમાર્ક્સ જેવા દાર્શનિકોએ જણાવ્યું કે સામ્યવાદી સિદ્ધાંત જ જનતાના દુઃખો દૂર કરીને પ્રગતિના માર્ગ પર આગળ ધપાવી શકે છે. એમણે સામ્યવાદનું સ્વરૂપ, આધાર અને પ્રયોગ રજૂ કર્યા, જનતાએ તેને આવકાર્યા. એ વિચારધારા લોકપ્રિય થઈ, વિચારશીલ લોકોની દૃષ્ટિમાં તે ઉપયોગી જણાઈ. પરિણામે તેનો વિસ્તાર થતો ગયો. આજે વિશ્વની એક તૃતીયાંશથી વધારે જનતા સામ્યવાદી શાસન પદ્ધતિને અપનાવી ચૂકી છે અને એક તૃતીયાંશ જનતા એવી છે જે આ વિચારધારાથી પ્રભાવિત થયેલી છે. કોઈ યુદ્ધ આટલી જનતાને આટલા ઓછા સમયમાં, આટલી સરળતાપૂર્વક આ સમસ્યાનું સમાધાન કરવા માટે તૈયાર કરી શકે નહિ, જેટલી આ વિચારક્રાંતિઓ દ્વારા સફળતા મેળવી શકાઈ છે.

લોકોના સ્તર પર વૈચારિક ક્રાંતિનું સફળ આયોજન આપણે ભારતમાં બૌદ્ધકાળના સમયથી જ જોઈ શકીએ છીએ. બૌદ્ધમતના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રચાર પહેલાં ઈશ્વરને મનોકામના પૂરી કરનાર શક્તિ માત્ર જ સમજવામાં આવતા હતા. સ્થિતિ એ હતી કે અંધવિશ્વાસોના કારણે લોકો આળસુ અને નકામા જ બની રહ્યા હતા. પરિણામે, વ્યક્તિ અને સમાજની પ્રગતિ અવરોધાઈ ગઈ હતી. ભગવાન બુદ્ધે આ સ્થિતિને બદલવા માટે વિવેકશીલતાનો ઉપદેશ આપ્યો અને તેમના અનુયાયીઓએ આ સંદેશ લોકો સુધી પહોંચાડી વ્યાપક પરિવર્તન કર્યું. એના માટે ન તો લડાઈઓ લડવી પડી અને ન તો લોકોને ડરાવી, ધમકાવી દબાણમાં લાવીને પોતાની વાત મનાવવી પડી. કુમારજીવ પહેલી વ્યક્તિ હતા જેમણે ચીન જઈને ત્યાંની જનતાને બૌદ્ધધર્મનો, વિચારશીલતાનો સંદેશ આપ્યો હતો તથા બુદ્ધના શરણમાં જવાનો 'બુદ્ધં શરણં ગચ્છામિ'નો મંત્ર શિખવાડ્યો. એમના આ બૌદ્ધિક અભિયાનના ફળસ્વરૂપે જ ચીનમાં આમજનતાથી માંડીને રાજ્યના અધિકારીઓ અને રાજાઓ શાસકો સુધી બૌદ્ધમતનો પ્રસાર થઈ શક્યો. અશોકની પુત્રી સંઘમિત્રા તથા પુત્ર મહેન્દ્રએ પોતપોતાના પૈતૃક ઉત્તરાધિકારની પરવા ન કરીને, લંકામાં જઈને વૈચારિક ક્રાંતિની અસરકારક શરૂઆત કરી, એમને એ સારી રીતે સમજાઈ ગયું હતું કે તેઓ રાજ્ય કરીને એટલા લોકોને નહીં સુધારી શકે, જેટલા લોકો પાસે જઈને વિચાર પરિવર્તનનો પ્રયત્ન કરીને તેમને સુધારી શકે છે. આ નિષ્ઠાથી પ્રેરાઈને તેમણે લંકા સહિત કેટલાય દેશોની યાત્રા કરી.

વિચારક્રાંતિ માટે પ્રયત્ન કરનારા અને તેના માધ્યમથી સમાજમાં સુચારુ પરિવર્તનની સ્થિતિ નિર્માણ કરવાવાળા મહાપુરુષોમાં સુકરાતનું નામ પણ આગળ રહેશે. સુકરાતે ગ્રીસની જનતાને 'પોતાને જાણો' મંત્ર આપ્યો તથા તેના દ્વારા આત્મ-નિરીક્ષણ, વ્યક્તિત્વ-નિર્માણની પ્રેરણા આપી. સુકરાતના સમયનો ગ્રીક સમાજ પાપાચાર-નિકૃષ્ટ જીવનશૈલીમાં ફસાયેલો હતો. સુકરાતના વિચાર એટલા પ્રખર હતા કે તેનો તરત જ પ્રભાવ પડ્યો. પ્રજાહિત વિરુદ્ધના સ્વાર્થી લોકોને જ્યારે પોતાના સ્વાર્થો પર આંચ આવતી દેખાઈ, તો એમણે સુકરાતને મરાવી નાખ્યા. સુકરાતની હત્યા ભલે કરાવી દેવામાં આવી પરંતુ એના વિચારો એટલા તીક્ષ્ણ હતા કે આગળ જતાં એ જ પરંપરામાં અરસ્તૂ, પ્લેટો જેવા મનીષી ઉત્પન્ન થયા અને ગ્રીક સમાજનો નવીન કાયાકલ્પ થઈ શક્યો.

આધુનિક યુગમાં ટોલ્સટોય, કાગાવા, લોર્ડ બેડન પાવેલ, એલિઝાબેથ ફ્રાઈ, માર્ગરેટ સેંગર, પ્રિન્સ ક્રોપાટકિન, હેરિયર સ્ટો તથા ભારતના મહાત્મા ગાંધી, તિલક, રાજા રામમોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, વિનોબા, હૃદયનાથ કુંજરુ, ડૉ. હેડગેવાર, પં. શ્રીરામ શર્મા આચાર્ય જેવા મહાપુરુષોએ વિચારક્રાંતિ દ્વારા સમાજના પુનર્નિર્માણની કલ્પનાને સાકાર સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો.

રશિયામાં સામ્યવાદની સ્થાપના અને સામાન્ય લોકોના શોષણની સમાપ્તિનું શ્રેય લેનિનને આપવામાં આવે છે, પરંતુ સમતા, ન્યાય અને પ્રત્યેક નાગરિકને રોજગારની તક મેળવવાનો અધિકાર આપવા માટેનાં વિચારબીજ ટોલ્સટોય અને પ્રિન્સ ક્રોપાટકિને જ વાવ્યાં હતાં. ટોલ્સટોયે રશિયાની જનતાને શિક્ષિત અને સભ્ય બનાવવા માટે એક પ્રબળ વૈચારિક આંદોલન ચલાવ્યું, જેના સત્પરિણામ આગળ જતાં સમય-સમય પર જોવા મળ્યાં.

એક સમય હતો જ્યારે જાપાનના લોકોને વ્યવસ્થિત રીતે રહેતાં નહોતું આવડતું અને સારી રીતે ગુજરાન પણ નહોતા ચલાવી શકતા. ત્યાંના એક વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીએ પોતાના દેશના નાગરિકોને સભ્ય, સુસંસ્કૃત અને સંપન્ન બનાવવા માટે વિચાર અભિયાન શરૂ કરવાનો નિશ્ચય કર્યો. એ વિદ્યાર્થીનું નામ હતું - કાગાવા, જેમણે જાપાનમાં એટલું જ સન્માન પ્રાપ્ત કર્યું છે, જેટલું આપણા દેશમાં મહાત્મા ગાંધીને મળ્યું છે. કાગાવાએ પુસ્તકો લખ્યાં, ભાષણો આપ્યાં, જનસંપર્ક કર્યો અને લોકસેવકોની એક સેના ઊભી કરી દીધી. ફળસ્વરૂપે ત્યાં એક એવું વાતાવરણ બન્યું, જેના પરિણામે ભારતના એક રાજ્ય કરતાં પણ નાના દેશે જાપાને પોતાની પ્રગતિ વડે આખી દુનિયાને ચમત્કાર કરી બતાવ્યો.

વિશ્વમાં બધે જ થોડી દશાબ્દીઓ પહેલાં સુધી કેદીઓ સાથે ખૂબ અમાનવીય વ્યવહાર કરવામાં આવતો હતો. તેમને મનુષ્ય તો માનવામાં જ નહોતા આવતા, પશુ કરતાં પણ ખરાબ દંડ અને કઠોર યાતનાઓ એમને આપવામાં આવતી હતી. આ બધું જોઈને એલિઝાબેથ ફ્રાઈ નામની એક મહિલાનો આત્મા ખળભળી ઊઠ્યો અને કેદીઓ સાથે માનવીય વ્યવહાર કરવાની જરૂરિયાત પર એટલી સશક્ત રજૂઆતો કરી કે હજારો વ્યક્તિઓ તેની માંગણીના સમર્થનમાં ટેકો આપવા ઊભા થઈ ગયા. અંતે સરકારે પણ આ સ્વીકારવું પડ્યું અને એક પછી બીજા દેશોમાં કેદીઓને પણ મનુષ્ય માનવામાં આવ્યા તથા તેમની સાથે માનવતાનો વ્યવહાર શરૂ થયો. પરિણામે આખા વિશ્વમાં કેદીઓની પરિસ્થિતિ સુધરી.

અમેરિકાની સામાન્ય ગૃહિણી હેરિયર સ્ટોનું હૃદય પણ ત્યાંના ગુલામોની દુર્દશા જોઈને પીગળી ઊઠ્યું. સ્ટોએ કલમ ઉઠાવી અને એક નવલકથા લખી. 'કેબિન ઓફ ધ અંકલ ટોમ ' (ટોમકાકાની ઝૂંપડી). આ પુસ્તકમાં ગુલામોની પીડા એને તેમની અનુભૂતિઓ, ભાવનાઓ, પ્રતિક્રિયાઓનું એટલું માર્મિક ચિત્ર રજૂ કરવામાં આવ્યું કે આખા અમેરિકા રાષ્ટ્રમાં વિચારશીલ વ્યક્તિઓ ગુલામોની પરિસ્થિતિ સુધારવાની જરૂરિયાત સમજવા લાગ્યા. અમેરિકામાં ગુલામોની સ્થિતિ પહેલાં કરતાં જેટલી પણ સારી છે તે સ્થિતિનો સ્રોત 'ટોમકાકાની ઝૂંપડી' અને લેખિકા હેરિયર સ્ટો જ છે.

અમેરિકામાં સ્ત્રીઓની દશા પણ ખૂબ ખરાબ હતી. વધુ બાળકોને કારણે તેમની તંદુરસ્તી તો ખતમ થઈ જ જતી હતી, સામાજિક સ્થિતિ પણ એવી નહોતી કે તેઓ પોતાના માનવીય અધિકારોનો ઉપયોગ કરી શકે. પહેલી વખત માર્ગરેટ સેંગરે જન્મ અટકાવવા તથા પરિવાર નિયોજનની જરૂરિયાત લોકોને સમજાવી અને વિશ્વના કેટલાય દેશોમાં ફરી-ફરીને સીમિત કુટુંબનો પ્રચાર કર્યો. અત્યાર સુધી તો લોકો માનતા હતા કે સંતાન ભગવાનની કૃપા છે, એનો જન્મ કોઈપણ રીતે અટકાવી શકાય નહિ. માર્ગરેટ સેંગરે પોતાના તર્કો તથા રજુઆતો દ્વારા આ માન્યતાને ભસ્મીભૂત કરી નાંખી. આજે માત્ર અમેરિકા કે યુરોપીય દેશો જ નહીં, પરંતુ વિશ્વમાં બધે જ પરિવાર નાનો રાખવાને યોગ્ય માનવામાં આવે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મતદારો પોતાનું કર્તવ્ય સમજે

**પ્રજાતંત્ર વિશ્વની સર્વોત્તમ શાસનપદ્ધતિ છે.** એમાં પ્રજાનું ભાગ્યનિર્માણ પ્રજાના પોતાના હાથમાં જ હોય છે. પોતાની મરજી પ્રમાણેની વ્યવસ્થા તેના હાથમાં રહે છે. પ્રજાતંત્રનો લાભ ઉઠાવવા માટે અને તેનો પ્રાણ ટકાવી રાખવા માટે મતદાતાએ દૂરદર્શી, દેશભક્ત અને યોગ્ય નિર્ણય કરી શકવામાં સમર્થ હોવું જ જોઈએ, નહીં તો આ શાસન પદ્ધતિ સ્વાર્થીઓનું પોતાના સ્વાર્થ પૂરા કરતા રહેવા માટેનું સાધન માત્ર બની જાય છે.

પ્રજાતંત્રમાં દેશના અસલી માલિકો-મતદાતાએ જાણવું જરૂરી છે કે તેઓ પોતાના કર્મચારી કેવા રાખવા માગે છે અને તેમની નિયુક્તિ પહેલાં શું તપાસ કરી લેવી જોઈએ ? પાંચ રૂપિયાની માટીની હાંડલી ખરીદીએ છીએ, ત્યારે પણ ઠોકી-વગાડીને ખરીદીએ છીએ તો પછી આટલી મોટી દેશવ્યાપી અબજો-ખર્વો રૂપિયાની સંપત્તિની સાર-સંભાળ અને દેખભાળ રાખવા માટે જેમને મુખત્યાર નિયુક્ત કરવાના છે, તે પ્રતિનિધિની યોગ્યતા અને ઈમાનદારી પણ કસોટી કરી ચકાસવી જોઈએ. આ પદ એટલું નાનું નથી કે તેના પર જાણ્યા-સમજ્યા વગર ગમે તેની નિયુક્તિ કરી દેવામાં આવે.

મતદાતાએ હજાર વખત એ વિચારવું જોઈએ કે રાષ્ટ્રના વિકાસ અને વિનાશની જવાબદારી પ્રજાતંત્રએ તેના ખભા ઉપર મૂકી છે. તેને આ અદ્ભુત અધિકાર મળેલો છે કે ઈચ્છે તો દેશને ઊંચો ઉઠાવવામાં, આગળ વધારવામાં યોગદાન આપે અથવા તેનો પગ પકડીને પાછળ ઘસેડવામાં અને પતનની ઊંડી ખાઈમાં ધકેલી દેવાની પ્રક્રિયા પૂરી કરે.

આ અધિકાર તે કેટલાંય વર્ષો પછી ચૂંટણીના સમયે એક વખત જ વાપરી શકે છે. આ થોડા કલાકો માટે ચાલતું મતદાન એટલું મહત્ત્વપૂર્ણ છે કે તેને રમત ન સમજવી જોઈએ. તેમાં આપણા અને આપણા દેશના ભાગ્યને વેચી દેવા જેવી પ્રક્રિયા સંપન્ન થાય છે. દીકરીના લગ્ન કરીએ છીએ, ત્યારે છોકરાની અને તેના ખાનદાનની પૂરેપૂરી તપાસ કરીએ છીએ. રાષ્ટ્રમાતાની ગરિમા દીકરી કરતાં પણ મોટી છે. તેને કોઈના હાથમાં જ્યારે સોંપવાની હોય, ત્યારે શું કાંઈ પણ દેખભાળ ન કરવી જોઈએ ?

ભારતમાતાનો મહિમા ગાયમાતા કરતાં પણ મોટો છે. તેને કોઈને સોંપવાની પ્રક્રિયાનું નામ જ મતદાન છે. આ ધર્મકાર્યને એક પ્રકારનો યજ્ઞ સમજવો જોઈએ અને એ પુણ્યપ્રક્રિયાને સંપન્ન કરતી વખતે એ ધ્યાન રાખવું જોઈએ કે દેવતાઓનો ભાગ ક્યાંક કૂતરાં-શિયાળ ન ખાઈ જાય. ચાલાક ચોર રખેવાળી કરનાર કૂતરાને રોટલીના ટુકડા નાખીને ભસતાં બંધ થવાની લાલચ આપે છે જેથી તે ચૂપ રહે અને ચોરીમાં સફળ થવાય, પરંતુ સમજદાર કૂતરા એવી છેતરપિંડીમાં આવતા નથી. વોટ માગવા અને ઝડપી લેવાના સમયે આવી જ લાખ ચતુરાઈઓ વાપરવામાં આવે છે, જેમાં ભોળા મતદાતાઓને વસ્તુસ્થિતિની ખબર જ નથી પડતી અને નજીવી લાલચોમાં તથા જૂઠાં આશ્વાસનોના ચક્કરમાં પડીને તેની પાસે એવું કામ કરાવી લેવામાં આવે જે તેણે તે ન કરવું જોઈએ. હવે મતદાતાની બુદ્ધિમાની હોવી જોઈએ કે તે વસ્તુસ્થિતિને સમજે અને નિષ્પક્ષ ન્યાયાધીશની માફક પોતાનો ચુકાદો એ જ પક્ષમાં કરે, જે ન્યાય અનુસાર તેનો અધિકારી હોય. જે દિવસોમાં મતદાન થાય છે ત્યારે જાતિ-જ્ઞાતિવાદનું બહુ જ જોર દેખાય છે. પોતાની જ્ઞાતિવાળાને કહેવામાં આવે છે કે પોતાના જ પોતાના હોય છે, અમે તમારી જ્ઞાતિના, કુટુંબના સંબંધીમાં છીએ તેથી જેટલું આપનું ભલું કરીશું એટલું બીજાનું થોડું કરી શકીશું ? ચૂંટીને મોકલશો તો આપણી જ્ઞાતિનું માથું ઊંચુ રહેશે અને બીજી જ્ઞાતિવાળા આપણો મુકાબલો નહીં કરી શકે. આ પ્રકારની વાતો ભાવનાઓને ભડકાવવામાં જાદૂની માફક કામ કરે છે અને ભોળા લોકોને સહેલાઈથી તે દ્વારા બહેકાવી-ભરમાવી શકાય છે. બીજી જ્ઞાતિવાળાના વોટ આદર્શ-સિદ્ધાંત, લાલચ, ખુશામત, દોસ્તી, દબાણ વગેરેના આધાર પર મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. આજકાલ આવી જ તરકીબો લગભગ આખા દેશમાં અજમાવવામાં આવે છે અને એવી જ છેતરપિંડીથી ચૂંટણીઓ જીતવામાં આવે છે. જ્ઞાતિના દુ:ખી-દરિદ્ર લોકોની સુવિધાઓ માટે એમણે શું કર્યું એનો હિસાબ માગતું કોઈ જોવા નથી મળતું. તો પછી જ્ઞાતિ-જ્ઞાતિની વચ્ચે કોઈ યુદ્ધ તો ચાલી નથી રહ્યું જેમાં આપણી જાતિના લોકોની જીત જરૂરી હોય. સરકારી કોઈ કાયદો પણ નથી જેથી જાતિ વિશેષવાળા પોતાની જ જાતિવાળાનો ફાયદો કરાવી શકે.

ઠગાઈના ધંધામાં પડદા પાછળ કામ કરી રહેલા ત્રણ આધાર કાયમ રહે છે. એમાં પરિવર્તન લાવવાનું અત્યાર સુધી ઠગ-વિદ્યાના નિષ્ણાત દ્વારા પણ સંભવ થઈ શક્યું નથી. (૧) મીઠી વાતો કરીને પોતાને વિશ્વસનીય અને શુભચિંતક સાબિત કરવા (૨) નજીવી લાલચો અને ભેટ આપીને પોતાને ઉદાર તથા સજ્જન સાબિત કરવા. (૩) જલદીથી જ કોઈ મોટો ફાયદો કરાવી આપવાનો સુંદર મુસદ્દો સમજાવી દેવો. આ જ ત્રણ સિદ્ધાંતોને જુદી જુદી રીતે વાપરીને ઠગ લોકો ભોળા લોકોને આકર્ષિત કરે છે અને જ્યારે તેઓ આ પદ્ધતિઓથી થોડા નરમ પડે છે , લલચાયેલા દેખાય છે ત્યારે એમને તેઓ એવી રીતે ઠગીને મેદાન મારી જાય છે.

વોટ માગવાના સમયે કેટલાંય હલકાં સ્તર પર ચૂંટણી લડનારાઓ દ્વારા અજમાવવામાં આવતી તરકીબોને દરેક સમજદાર વ્યક્તિ સહેલાઈથી જોઈ શકે છે. વોટ લેતાં પહેલાંની મીઠાશ, ખુશામત અને પોતાનાપણાનો જે વરસાદ વરસાવવામાં આવે છે, કલ્પવૃક્ષની માફક મનોકામનાઓને પૂર્ણ કરાવી દેવા માટેની જે આશાઓ આપવામાં આવે છે એમાં કેટલી તાકાત હતી તેનું વાસ્તવિક સ્વરૂપ જોવું હોય તો ચૂંટણી પછી ચૂંટાયેલા સજ્જનના રંગ-ઢંગ, વ્યવહાર જોઈને સહેલાઈથી વસ્તુસ્થિતિ સમજી શકાય છે. આમ તો સાચી પદ્ધતિથી ચૂંટણી લડનારાઓ સૈદ્ધાંતિક મતભેદ કે કાર્યક્રમો સંબંધી વાતો લઈને જ જનતા પાસે જાય છે. એવી જ પદ્ધતિઓ અમલમાં લાવે છે, જે ઈમાનદાર પ્રતિનિધિએ લાવવી જોઈએ. પરંતુ આવા લોકોની સંખ્યા બહુ નથી હોતી.

હવે એ સમય આવી ગયો છે કે મતદાતાઓ પોતાને એટલા ભોળાં કે મૂર્ખ સાબિત ન થવા દે કે જેથી દરેક વખતે આવી જ તરકીબો દ્વારા તેને ઠગવામાં આવે અને પ્રતિનિધિત્વની પાઘડી એવા લોકોના માથે બાંધવામાં આવે જેમની પાસેથી લોકહિતની કોઈ આશા નથી રાખી શકાતી. ચૂંટણીઓમાં કરેલો આંધળુકિયો ખર્ચ વાસ્તવમાં જુગાર છે. જીતવાની શું ગેરંટી ? જુગાર એને કહેવાય છે, જેનું પરિણામ પૂર્ણ રીતે અનિશ્ચિત હોય. ચૂંટણીમાં જીત જ થશે, એવું ક્યાં નિશ્ચિત હોય છે? આમ છતાં જે લોકો આંધળુકિયો ખર્ચ કરે છે એમનો જરૂરથી કોઈ મોટો દાવ હોવો જોઈએ અને તે દાવ એટલો ફાયદાવાળો હોવો જોઈએ કે કદાચ દાવ હારી પણ જવાય તો તેની સફળતા વડે થનારા લાભને જોતાં એ જોખમને સહન પણ કરી શકાય. થોડાંકને બાદ કરતા આંધળો ખર્ચ કરનારનો દષ્ટિકોણ લગભગ આવો જ હોય છે, તેથી જ્યાં આંધળી રીતે પૈસા વેડફાતા હોય, ત્યાં તેની પાછળ કોઈ કુટિલતાની સંભાવના તપાસવી જોઈએ.

કોઈ ઈમાનદાર વ્યક્તિ દેશસેવાની તક મેળવવા માટે જ ચૂંટણીમાં આટલું ખર્ચ કરતી હોય તો પણ ન્યાયસંગત નથી. સમયની સાથે સાથે આટલું ધન પણ કેમ આપવું પડે અને શું કામ ખર્ચનું આટલું ઊંચું સ્તર વધે જેને ગરીબ પ્રતિનિધિ ચૂકવી જ ન શકે ? ખરી રીતે ચૂંટણીઓમાં આટલું ખર્ચ થવાની સ્થિતિ જ ન આવવી જોઈએ. ખૂબ જ ખર્ચ થઈ જવાથી તેને ચૂકવવાની જે ચિંતા આવી પડે છે તે કોઈને પણ ન કરવી પડે, એ જ ઉચિત છે.

પ્રશ્ન એ છે કે શું થઈ રહ્યું છે, થતું આવ્યું છે, તેને જ થવા દેવું કે તેમાં કાંઈ પરિવર્તન લાવવું જોઈએ. સરમુખત્યારશાહીમાં તો પ્રજાનો કાબૂ નથી રહેતો, પરંતુ લોકશાહીમાં એ શક્યતા રહે છે કે જો પ્રજા ઈચ્છે તો સારું શાસન લાવી શકાય છે અને તેના માધ્યમથી વ્યક્તિ અને સમાજની સુખ-શાંતિને સુરક્ષિત અને સમુન્નત બનાવી શકાય છે. નિ:શંકપણે આમ થઈ શકે છે, પરંતુ તે થઈ ત્યારે જ શકે છે, જ્યારે મતદાતા પોતાની જવાબદારીનો અનુભવ કરે અને એમ વિચારે કે મતદાનના રૂપે તેને કેટલો મોટો અધિકાર અને જવાબદારી મળેલી છે. પોતાના અને પોતાના દેશના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભાગ્ય-ભવિષ્યનું નિર્માણ કરી શકવામાં તેને કેટલું મોટું યોગદાન આપવાની તક મળી છે. આટલી મોટી તક મળવા છતાં પણ તેનો ઉપયોગ કરવાનું ન આવડે તો સમજવું કે સૂતી વખતે ચોકી કરવા માટે વાંદરાને હાથમાં તલવાર આપીને રાજાએ ભૂલ જ કરી છે. રાજાના મ્હોં પર માખી બેઠી તેને ઉડાડવા માટે વાંદરાએ તલવાર વાપરી, જેથી રાજાએ નાક ગુમાવવું પડ્યું. અનાડી મતદાતાઓ પેલા વાંદરા જેવા છે જેને તલવાર ચલાવવાનું યોગ્ય સ્થાન અને તક શોધવાની સમજણ નથી. છૂટેલું તીર પાછું નથી આવી શકતું. એવી જ રીતે આપી દીધેલો વોટ પાછો લઈ શકાતો નથી. આથી તેનો ઉપયોગ થાય, તે પહેલાં જ હજાર વખત વિચારવું જોઈએ કે આ રાષ્ટ્રની અમાનત અને સમાજના પવિત્ર આધારની શ્રદ્ધાંજલિને ક્યાં અર્પણ કરવામાં આવે ? તે દેવતાઓના ચરણોમાં ચઢાવવા યોગ્ય છે કે અસુરને સોંપવામાં આવે. વોટ કોને આપવામાં આવે, કોને ન આપવો જોઈએ તે બાબતમાં દેશના હિત અને સમાજના ભવિષ્યને ધ્યાનમાં રાખીને યોગ્ય પાત્રની તપાસ કરવી જોઈએ.

રાષ્ટ્રને પતન કે વિકાસની દિશામાં લઈ જવા માટે વોટ રૂપે મળેલા અધિકાર અને તકનો દૂરદર્શિતા સાથે ઉપયોગ કરવો જોઈએ. આ તથ્ય આપણે દેશના માલિકોને તત્પરતાપૂર્વક સમજાવવું જ જોઈએ અને તેને પૂરા મનોયોગ અને ગંભીરતા સાથે સમજવું જોઈએ. પ્રજાતંત્રની સફળતા માટે એ ખૂબ જ જરૂરી છે કે મતદાતા દીર્ઘદષ્ટિવાળા અને જવાબદાર બનીને પોતાના રાષ્ટ્રીય કર્તવ્યને સમજે અને દઢતા સાથે નિભાવે. વોટ ફક્ત તેઓને જ મળે જેઓ તેના હકદાર છે. ચૂંટણીમાં એ જ જીતે જેમના હાથમાં ન્યાય અને લોકહિત સુરક્ષિત છે. આવા લોકોને તેમની વાતોથી નહીં, પરંતુ આચરણથી પારખવા જોઈએ અને તેમના અત્યાર સુધીના ક્રિયાકલાપને સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોવું જોઈએ કે તેમના લોહીમાં અનૈતિકતાના જીવાણુંઓ-ઝેર તો નથી ને. સાહસ અને વિવેક અપનાવીને, સદાચાર અને આદર્શોની કસોટી પર સાચાં નથી ઊતરતા એવા લોકોને વોટ આપવાની આપણે સ્પષ્ટ ના પાડી દેવી જોઈએ.

આટલું સાહસ ન હોવાનો અને વસ્તુસ્થિતિને આંખો બંધ કરીને સ્વીકારતા રહેવાનો અર્થ એ થશે કે રાજનૈતિક અનીતિ અને અનિચ્છનીયતાઓ જેટલું ઈચ્છે તેટલું ખુલ્લેઆમ ફેલાશે. રાજસત્તાઓ જ્યાં પણ તૂટી પડી એનું જેટલું કારણ શાસકોની અનિયંત્રિત મહત્ત્વાકાંક્ષાઓ રહી છે તેનાથી વધુ પ્રજાની ચૂપચાપ અન્યાય સહન કરતા રહેવાની મૂર્ખતા પણ રહી છે. પ્રજાતંત્ર જ્યાં પણ અસફળ થઈ રહ્યા હોય, ત્યાં આ વાત સ્પષ્ટ જોઈ અને સમજી શકાય છે.

પ્રજાતંત્રની શાસનવ્યવસ્થામાં સરકાર પ્રજાના હિત માટે પ્રજા દ્વારા જ ચાલે છે, પરંતુ જો પ્રજાનું હિત ન થઈ રહ્યું હોય, થોડાક ગણ્યા-ગાંઠ્યા લોકોની સંપન્નતા તથા સુવિધા પ્રાપ્ત કરવાની સ્થિતિ વધતી જાય અને પ્રજાજનોનાં દુઃખ વધતાં જાય તો સમજવું જોઈએ કે ક્યાંક કોઈ મોટી ભૂલ થઈ રહી છે. આપણા દેશમાં આપણને આ ભૂલ મતદાતાની ગફલત અને અદૂરદર્શિતા રૂપે દેખાય છે.

જ્યાં સુધી ચૂંટણી આટલી મોંઘી રહેશે ત્યાં સુધી ફક્ત સંપન્ન લોકો જ વિજયી થતા રહેશે. આદર્શવાદી અને લોકસેવી જીવનક્રમ અપનાવનારી કોઈક વિરલ વ્યક્તિ જ આટલાં સાધન ભેગા કરી શકે છે જેના વડે મોંઘી ચૂંટણીઓનો ભાર વહન થઈ શકે. આવી દશામાં આ કાર્ય માટે કસોટી કરેલી અને સાધક સ્તરની વ્યક્તિઓ કે જેઓ નીડર અને નિષ્પક્ષ છે તથા જેઓમાં સમજદારી અને ક્ષમતા વણાયેલી છે તેમને શાસનસૂત્ર સંભાળવાના સ્થાન સુધી પહોંચવું અઘરું જ બની રહેશે.

આજની સ્થિતિમાં પ્રચારની ભ્રામક પદ્ધતિઓના પડદાને ચીરીને આપણે સાચી વસ્તુસ્થિતિની જાણકારી મેળવવી જોઈએ. પ્રતિનિધિના પાછલા જીવનની ગતિવિધિઓનું બારીકાઈપૂર્વક મૂલ્યાંકન કરવું જોઈએ. કોઈ વ્યક્તિ એક દિવસમાં જ લોકસેવક, પરમાર્થી કે દેશભક્ત નથી બની જતો. પોતાના જીવનમાં દોષ-દુર્ગુણ ભરેલા હોય, તે સાર્વજનિક જીવનમાં સાચી રીતે ઊભા રહેશે એમાં પૂરી શંકા છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરિવારમાં વૃદ્ધોનું સન્માન કરીએ

ભારતદેશની એક સાંસ્કૃતિક પરંપરા છે કે અહીં વડીલ-વૃદ્ધજનોને હંમેશાં સન્માન અને શ્રદ્ધાની નજરે જોવામાં આવે છે. ભારતીય સમાજમાં માતા-પિતાનું એક વિશિષ્ટ સ્થાન છે. યુવાનો, બાળકો પોતાના મા-બાપ, નાના-નાની તથા દાદા-દાદીને શ્રદ્ધાથી જુએ છે તથા હંમેશાં એમના પ્રેમ-આર્શીવાદ મેળવવા આતુર રહે છે. વૃદ્ધ વ્યક્તિઓના અનુભવી જીવનમાંથી કાંઈ ને કાંઈ શીખતાં રહે તથા પ્રેરણા-માર્ગદર્શન પ્રાપ્ત કરતાં રહે એવા બાળકોને સદ્ભાગી માનવામાં આવે છે. વડીલોનું આ સન્માન ફક્ત પોતાના પરિવાર સુધી જ સીમિત રહેતું નથી. પરંતુ તે સમાજ, ગામ, નગર, જાતિ, સંપ્રદાય વિશેષના બધા જ લોકો પોતાના માતા-પિતા સમાન સમજીને એમનું સન્માન કરે છે. સંયુક્ત પરિવાર પ્રણાલીમાં તો એવી પ્રથા હતી કે વડીલોની સંમતિ વગર ઘરમાં કોઈ કામકાજ થતું નહોતું. તથા સમગ્ર ઘર-પરિવારની વ્યવસ્થા વડીલોના નિર્દેશનમાં જ ચાલતી હતી. પરિવારના સભ્યોનાં શિક્ષણ, તંદુરસ્તી, રહેણી-કરણી, લગ્ન સંબંધ તથા અન્ય કેટલાય સામાજિક સંબંધો નિભાવવાની જવાબદારી વડીલો પર જ રહેતી હતી તથા તેઓ જ આવાં બધાં કાર્યોનું નિયમન-સંચાલન કર્યા કરતા હતા. જો કે સંયુક્ત પરિવાર પ્રણાલી હવે લગભગ લુપ્ત થઈ ગઈ છે, છતાં પણ જે ઘરોમાં આધુનિક યુગની કહેવાતી સભ્યતા પહોંચી શકી નથી ત્યાં વડીલોને પૂછીને બધાં કામ કરવામાં આવે છે તથા પરિવારમાં માતા-પિતાનું સ્થાન વડા તરીકેનું જ બની રહે છે. ભલે પછી, માતા-પિતા આર્થિક ઉપાર્જન તથા અન્ય કાર્યો કરવામાં અસમર્થ-અસહાય થઈ ગયાં હોય.

વર્તમાન સભ્યતાના પ્રચાર-પ્રસારને કારણે આપણી સાંસ્કૃતિક ધરોહરનાં એ મૂલ્યો હવે નષ્ટ થઈ રહ્યાં છે, જેના આધારે આપણે આપણા પૂર્વજો અને વડીલોને દેવતુલ્ય માનીને એમનું માન-સન્માન કરતા હતા. આધુનિક સભ્યતાના પરિણામે સંયુક્ત પરિવાર પ્રણાલી તૂટવા સાથે પરિવાર શબ્દની પરિભાષા જ કાંઈક એવી રીતે બદલાઈ ગઈ છે કે તેમાં માતા-પિતાને સામેલ કરવામાં આવતા નથી. પરિવારની પરિભાષાના ક્ષેત્રમાં માત્ર પત્ની તથા બાળકો (કમાતા ન હોય એવાં) જ આવે છે. આ સ્થિતિમાં જ્યાં આજની સભ્યતા માતા-પિતાને પરિવારની વ્યાખ્યામાં માનતી જ નથી, તો પછી મા-બાપની સેવા કરીને શ્રદ્ધા-સન્માન સાથે તેમને નિભાવવાની વાત તો માત્ર કલ્પના જ બની રહે છે. સંયુક્ત પરિવાર પ્રણાલી તૂટવાથી પરિવારના સભ્યોમાં જ્યાં પહેલાં સામૂહિક જવાબદારી, સામૂહિક આવક-ખર્ચ, સામૂહિક સંબંધોની સારી બાબતો હતી તે હવે ઓછી થતી જાય છે તથા હવે પતિ-પત્ની, બાળકો પોતાના 'સ્વ' સુધી જ સીમિત રહેવાનું વિચારે છે અને તેનાથી બહારનાં હિતોના સંરક્ષણની વાત તેમને વિચિત્ર લાગે છે. આધુનિક સભ્યતાના પ્રભાવથી કહો કે સામાજિક, આર્થિક રચનામાં પરિવર્તનના પ્રભાવથી કહો, આજે સર્વત્ર પ્રત્યેક મધ્યમવર્ગીય ઘર-પરિવારમાં એવી પરિસ્થિતિ પણ ઊભી થઈ રહી છે કે વ્યક્તિને પોતાને લાગે છે કે તેની આવક ખૂબ ઓછી છે, ખર્ચ વધારે છે અને તેનાથી ખુદ પોતાનો, પોતાનાં પત્ની-બાળકોનો નિર્વાહ કરવાનું જ મુશ્કેલ છે. આવી સ્થિતિમાં મનઃસ્થિતિ પણ થોડી એવી થઈ રહી છે કે પતિ-પત્ની પોતાની જ સમસ્યાઓમાં અટવાયેલાં રહે છે તથા પોતાના તથા બાળકો સિવાય કોઈ બીજા માટે ખર્ચની વાત એમને ખૂંચે છે. પોતાના 'સ્વ'માં જ લીન રહેવાની પ્રવૃતિ આજે મોટાભાગના ઘરોમાં એટલા માટે પણ વધી રહી છે પતિ-પત્ની તથા બાળકો પોતાના જીવનસ્તરને વધુ ને વધુ ઊંચે લાવવાનું વિચાર્યા કરે છે તથા જીવનનિર્વાહ તથા રહેણી-કરણીની રીત કાંઈક એવી રાખે છે કે તેમની આવક તેમાં જ ખર્ચાઈ જાય છે. કોઈ બીજા ખર્ચનો ભાર આવી પડે તો તેને ભારરૂપ માને છે. આ કારણે આજે મા-બાપનું ભરણપોષણ અને નિભાવનો પ્રશ્ન મોટાભાગનાં ઘરોમાં સમસ્યા બની ગયો છે અને પતિ-પત્ની મા-બાપને પોતાની પાસે રાખીને તેમને નિભાવવા પ્રતિ ઉદાસીન રહીને વિચારે છે કે તેમની વ્યવસ્થા બીજે થઈ જાય તો સારું રહે. વ્યક્તિ પોતાનાં મા-બાપ પ્રત્યે આવું વિચારે તે દુર્ભાગ્યપૂર્ણ છે. આવી વ્યક્તિઓએ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે તેમનું પોતાનું પાલન-પોષણ, નિભાવ, શિક્ષણ, સંસ્કારો વગેરે મા-બાપે ત્યાગ કરીને, પોતાની આવશ્યકતાઓ ઓછી કરીને, પોતાની સુખ-સુવિધાઓમાં ઘટાડો કરીને સંપન્ન કરેલ છે. આથી તેને અનુરૂપ હવે જ્યારે મા-બાપ આર્થિક ઉપાર્જન અને અન્ય પ્રકારનાં કાર્યો કરવામાં અસહાય-અસમર્થ છે ત્યારે તેમનાં બાળકોએ મા-બાપની સેવા કરવી જોઈએ. પછી ભલે આ સેવા કાર્ય માટે કદાચ તેમને તથા પત્ની અને બાળકોએ આર્થિક તંગીને કારણે થોડુંક કષ્ટમય જીવન ગુજારવું પડે આ ભાવનાત્મક મૂલ્યોને ક્ષણિક ન પણ માનીએ તો પણ એ વાત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યાદ રાખવી જોઈએ કે મા-બાપે આપણા માટે જે ખર્ચ કર્યું, આપણાં પાલન-પોષણમાં જે સમય અને શક્તિ ખર્ચ્યાં તેનું ઋણ આપણે ચૂકવવાનું છે અને એ દૃષ્ટિએ પણ આપણે સહર્ષ તેમના સન્માનજનક નિભાવનો ભાર વહન કરવો જોઈએ. વડીલો જાતે જ આર્થિક ઉપાર્જન માટે તથા અન્ય બીજા ઉપયોગી કામો કરવાની સ્થિતિમાં રહેતા નથી ત્યારે એમને ફક્ત મૂળભૂત આવશ્યકતાઓ પૂરી કરવાની જ સમસ્યા નથી રહેતી, પરંતુ અન્ય સમસ્યાઓ પણ હોય છે, જેમ કે કોઈ એમની સાથે બે સીને વાતચીત કરે. સ્થિતિ એવી હોય છે કે ઘરની દરેક વ્યક્તિ પોતપોતાનાં નિર્દિષ્ટ કાર્યો-કર્તવ્યોમાં વ્યસ્ત રહે છે. તેઓ પોતાના મિત્રવર્ગમાં જ મનોરંજન, ખેલકૂદ વગેરેમાં સમય પસાર કરે છે. આમાં તેમને છોડીને વડીલો સાથે વાતચીત કરવાનો કોઈને સમય મળતો નથી અને પોતાની મંડળી અને કાર્યક્ષેત્ર છોડીને કોઈ તેમની પાસે બેસતું પણ નથી. આ સ્થિતિમાં વડીલોને સમય પસાર કરવાની સમસ્યા આવી પડે છે. આ ઉપરાંત તેઓ ઈચ્છે છે કે તેમનાં સગા-વહાલાંઓ, દીકરી-જમાઈઓ વગેરેને પણ પ્રસંગોપાત્ત ઘરે બોલાવે, તહેવારો સંસ્કાર આયોજનોમાં તેમને કાંઈક આપે તથા એમને ત્યાં અને અન્ય ધાર્મિક સ્થળોએ આવતા-જતાં રહે. પતિ-પત્નીઓએ પોતાનાં વૃદ્ધ માતા-પિતાની આ જરૂરિયાતોને પણ યથાશક્તિ પૂર્ણ કરવી જોઈએ તથા એમની સાથે સન્માનપૂર્વક વાતચીત કરવી-કરાવવી જોઈએ.

વડીલોને નિભાવવાનો, તેમને સાથે રાખવાનો અને ઘર-પરિવારમાં સુખી-આનંદિત રાખવાનો પ્રશ્ન માત્ર આર્થિક કે ભૌતિક સુખ-સુવિધાઓનો જ નથી, પંરતુ ઉત્કૃષ્ટ તથા આત્મીય ભાવનાઓનો છે. મા-બાપને પુત્ર-પુત્રીઓ, વહુ-દીકરીઓ પાસેથી માત્ર એટલી જ અપેક્ષા નથી હોતી કે તેઓ એમનું પેટપાલન કરે, આજીવિકા ચલાવતા રહે, એમને નિભાવવાની સાથે તેમના ઘડપણના દિવસો પૂરા કરવામાં પણ મદદ કરે. પરંતુ એવી અપેક્ષા પણ હોય છે કે પુત્ર-પુત્રી, વહુ-દીકરીઓ, પૌત્ર-પૌત્રીઓ, માતા-પિતા પ્રત્યે શ્રદ્ધા, આદર, સન્માનનો ભાવ રાખે, હૃદયથી એમને માન આપે તથા એમના પ્રત્યે મનથી સમર્પિત રહે. મા-બાપનું ભરણપોષણ અને નિભાવનું સ્થૂળ કાર્ય તો ગૌણ માનવું જોઈએ. મા-બાપ પ્રત્યે સન્માન શ્રદ્ધાનો ભાવ રાખીને તેમને દેવતુલ્ય માનીને પરિવારમાં ઉચ્ચ સ્થાન તથા તેની ગરિમા જાળવી રાખવાની બાબત ને મુખ્ય કર્તવ્ય માનવું જોઈએ. માત્ર ઔપચારિક રીતે તથા સમાજના ડરથી કે કર્તવ્યોનો ભાર માનીને જો પતિ-પત્ની પોતાના મા-બાપ (સાસુ-સસરા)નું સ્થળ ભરણ-પોષણ, નિભાવ કરતા રહે અને એમના પ્રત્યે હૃદયથી શ્રદ્ધાપૂર્ણ ન રહે, એમને સન્માનની દૃષ્ટિથી ન જોઈને આદર-સન્માન ન આપે, ભાવનાત્મક આદરનું વાતાવરણ ન બનાવે તો પછી એવા ઘર-પરિવારમાં વાતાવરણ સ્વસ્થ રહેતું નથી. અને એવું થઈ જાય કે મા-બાપ પોતાના ભરણ-પોષણ માટે અસમર્થ થઈ જાય ત્યારે મજબૂરીથી પોતાનાં બાળકોને ત્યાં રહે, પરંતુ હૃદયથી તેઓ આવા વાતાવરણમાં રહેવાનું નહીં ઈચ્છે તથા એમનો આત્મા ક્યારેય પણ આનંદનો અનુભવ નહીં કરી શકે. આથી માતા-પિતાના નિભાવમાં ખૂબ આવશ્યક તત્ત્વ એ છે કે તેમની સાથે જીવંત આત્મીયતા જાળવી રાખવી તથા ઘર-પરિવારમાં એમનું સ્થાન દેવતુલ્ય બની રહે. જો આ પ્રકારનું ભાવનાત્મક વાતાવરણ બની રહે તો પછી પરિવારની આર્થિક સ્થિતિ ભલે નબળી હશે તો પણ માબાપ ઓછું ખાઈને તથા ઓછાં કપડાં પહેરીને પણ સંતુષ્ટ અવશ્ય બની રહેશે.

ક્યારેક ક્યારેક પરિવારોમાં એવી સ્થિતિ આવી શકે છે કે વડીલો પોતાની જૂની માન્યતાઓ પર અડગ રહે તથા પરિવારનાં બાળકોમાં સભ્યતાના પ્રચાર-પ્રસારના પરિણામે વિકસતી નવી માન્યતાઓને ન સ્વીકારી તેનો વિરોધ કરે. આ સ્થિતિમાં પતિ-પત્નીઓએ આજ અને કાલનો પરસ્પર સમન્વય કરતા રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો વડીલો પોતાના પૂર્વાગ્રહોને છોડી દઈ પોતાને નવીન મૂલ્યો પ્રમાણે ઢાળી લે તો ખૂબ સારું, નહિતર બાળકો, પતિ-પત્નીઓએ જ પોતાનાં કાર્યોમાં થોડું સમાયોજન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો મા-બાપ, બાળકો ઘર-પરિવારમાં પરસ્પર સહઅસ્તિત્વનો ભાવ રાખે, એકબીજાના વિચારો, માન્યતાઓ, આસ્થાઓને સમજીને માન આપતા રહે, તો વાતાવરણ અધિક સ્વસ્થ બની શકે છે. આવાં વાતાવરણમાં વડીલો પણ પોતાના પૂર્વાગ્રહ છોડવા કદાચ તૈયાર થઈ જશે. વડીલો પોતાના પૂર્વાગ્રહ ન છોડે તો પણ તેમનાં બાળકોએ હંમેશા તેમને પોતાના કર્તવ્યો, ભાવનાઓ તથા શ્રદ્ધાનો વિષય માનવો જોઈએ. વૃદ્ધ માતા-પિતાની સેવા કરવી, એમને સન્માનજનક જિંદગી જીવવા યોગ્ય બનાવી રાખવા તથા હંમેશાં એમને પ્રસન્ન રાખવા એ એમના પુત્રોની મૂળભૂત જવાબદારી છે. વૃદ્ધ મા-બાપ હાર્દિક સન્માન તથા શ્રદ્ધાને પાત્ર છે તથા તેમની મન, વચન, કર્મ અને તન-મન-ધનથી સેવા કરવી એ ભગવાનની સેવા કરવા કરતાં જરાય ઓછી નથી એમ માનીને વૃદ્ધ માતા-પિતાની જો સેવા તથા નિભાવ થતાં રહેશે તો એ વાતની સંભાવનાને બળ મળશે કે આ પ્રકારની સ્વસ્થ પરંપરા ભવિષ્યમાં પણ વિકસતી રહેશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(પ્રકૃતિ રહસ્ય)

# વિનાશથી બોધપાઠ લઈએ પ્રકૃતિને માતા માનીએ

મનુષ્યે હંમેશાં પ્રકૃતિ પાસેથી લીધું જ છે. પ્રકૃતિ પણ ઉદારતાપૂર્વક મનુષ્યની દરેક આવશ્યકતાની પૂર્તિ કરતી રહી છે, પરંતુ જ્યારથી મનુષ્યે તેના ભોગવિલાસ માટે પ્રાકૃતિક સંપદાઓના નિર્બાધ ઉપયોગની સાથેસાથે તેને નષ્ટ કરવાનો સિલસિલો પણ શરૂ કર્યો, ત્યારથી જ પોતાના વિનાશને પણ આમંત્રણ આપી દીધું. આજે સમગ્ર વિશ્વ જે રીતે કોઈ ને કોઈ પ્રાકૃતિક વિપત્તિની લપેટમાં આવીને જન-ધનની અપાર ક્ષતિ ભોગવી રહ્યું છે, તેણે મનુષ્યને પ્રકૃતિ સાથેના તેના સંબંધો પર પુનર્વિચાર ચિંતિત કરી દીધો છે.

બ્રાઝિલ અને બ્રોનિયોનાં જંગલોમાં ભયંકર દુકાળ અને તાપને લીધે લાગેલી આગ અત્યારે પણ પૂર્ણપણે ઠંડી થઈ નથી. ગત વર્ષે ઓરિસ્સામાં આવેલા સમુદ્રી તોફાનનું વિનાશકારી પરિણામ કોણ જાણે ક્યાં સુધી કેટલા લોકોને ભોગવવાનું છે. ગુજરાતમાં થયેલી ભૂકંપની વિનાશલીલા આજે પણ સમગ્ર દેશના અંતઃકરણને હચમચાવી રહી છે. ગત દિવસોમાં તે પછી તરત જ એક સમુદ્રી તોફાન આવી ચડ્યું. ચીનમાં આવેલા ભયંકર પૂરે તો ચીનની અર્થવ્યવસ્થાને જ ડગમગાવી મૂકી છે. બે કરોડ હેક્ટરથી વધારે જમીન જળબંબાકાર બની ગઈ છે. દોઢ કરોડથી વધુ લોકો બેઘર થઈ ગયા. હજારો મકાનો તથા રેલવે લાઈનો નષ્ટ થઈ ગયાં. દક્ષિણ ફ્લોરિડામાં આવેલ તોફાનથી પચાસ માઈલના વિસ્તારમાં રહેતા લગભગ બે લાખ લોકો બેઘર થઈ ગયા. તેર લાખ લોકોને લાંબા સમય સુધી વીજળી વગર રહેવું પડ્યું. બાંગલાદેશના તટીય ક્ષેત્રોમાં આવેલ ભયાનક સમુદ્રી તોફાન, આ જ વિસ્તારમાં અતિ વર્ષા તથા પૂરથી થયેલ વિનાશ, કેનેડાના કેટલાક ભાગોમાં બરફનાં તોફાનોનું આગમન, અમેરિકામાં કેટલાક સ્થળોએ અચાનક આવેલું જીવલેણ વાવાઝોડું તથા ઓસ્ટ્રેલિયા, ફિલીપાઈન્સ અને ઈન્ડોનેશિયાના ભયંકર દુકાળથી હજારો લોકો કસમયે કાળના મુખમાં ધકેલાઈ ગયા.

પર્વતીય ક્ષેત્રો પણ આ વિપત્તીઓથી બાકાત ન રહ્યાં ત્યાં પ્રકૃતિનો પ્રકોપ વાદળાં ફાટવાં તથા ભૂસ્ખલનના રૂપમાં દેખાય છે. વાદળાં ફાટવાથી આવેલ અચાનક પૂરથી જ્યાં ગામનાં ગામ વહી જાય છે, ત્યાં ભૂસ્ખલનના કારણે માર્ગ બંધ થઈ જવાથી યાત્રીઓને અનેક મુશ્કેલીઓ ભોગવવી પડે છે તથા ઘણા એમાં દબાઈને મરી જાય છે. પહાડોમાં ભૂસ્ખલનને કારણે અત્યાર સુધી એટલો બધો વિનાશ થઈ ચૂક્યો છે કે તેનું સચોટ અનુમાન લગાડવાનું મુશ્કેલ છે. ભૂસ્ખલનનાં કારણે ઘણીવાર પહાડ ખસીને નદીમાં પડી જાય છે, જેથી નદીમાં એક અસ્થાયી બંધ બની જાય છે. આ બંધના નિર્માણ પછી તેનું તૂટવાનું લગભગ નક્કી હોય છે, કેમ કે પહાડનો કાટમાળ લાંબા સમય સુધી પાણીનું દબાણ સહન કરી શકતો નથી તેથી બંધ તૂટી જાય છે. તે પછી થયેલી કેટલીક ક્ષણોની તબાહીમાં જ ઘણું નુકસાન થઈ જાય છે. કેટલાક સમય પહેલાં ગઢવાલમાં બિરહી નદીમાં આ રીતે બનેલું સરોવર તૂટી જવાથી આવેલા પૂરમાં એકત્રીસ મોટરો થોડીક ક્ષણોમાં જ ગાયબ થઈ ગઈ, એનાથી નુકસાનનો સહજ અંદાજ લગાવી શકાય છે.

> સંત રૈદાસ ચામડાનું કામ કરતા હતા. એમણે જનતામાં સત્પ્રવૃત્તિઓ સ્થાપવાના કાર્યને જ પોતાની સાધના માની હતી. આ કાર્ય તેઓ પ્રભુનું કાર્ય માનીને કરતા હતા. તેના પ્રભાવથી જ ચામડું પલાળવાના કથરોટમાં ગંગા અવતરી હતી.

આ બધાનું કારણ એ જ છે કે વાસ્તવમાં આજે આપણે વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓની ચમકદમકમાં આપણા મૂળ તત્ત્વ તથા સંસ્કૃતિને ભૂલી ચૂક્યાં છીએ. આપણી પોતાની સ્વાર્થપૂર્તિ માટે આપણે ધરતીની જીવનદાયી વ્યવસ્થામાં અડચણો ઊભી કરવા માટે પણ તૈયાર થઈ ગયા છીએ. આપણી ભૌતિક સુખ-સગવડો માટે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રકૃતિએ સ્વચાલિત સંતુલન વ્યવસ્થા રૂપે આપણને જે આપ્યું છે , તે પ્રાકૃતિક સંસાધનોને જ આપણે નષ્ટ કરી રહ્યા છીએ. અનેક વૈજ્ઞાનિક ચમત્કાર, અંતરિક્ષની શોધ, ધ્વનિ જેવી ગતિનાં યંત્રોનું નિર્માણ, અણુ વિસ્ફોટ, રાસાયણિક ખાતર અને કીટનાશક રસાયણોના પ્રયોગ દ્વારા ઉત્પાદન વૃદ્ધિ, આ બધાં આપણાં વિકાસનાં વિભિન્ન ચરણો છે.

વિકાસ કરતા રહી આપણે પ્રાકૃતિક સંતુલનના મહત્ત્વને સદંતર ભુલાવી દીધું. તેનાથી આવનારાં દૂરગામી પરિણામો રૂપે આપણે આપણા જ વિનાશને જોઈ ન શક્યા. આજે કાર્બનડાયોક્સાઈડ તથા અન્ય ગ્રીન હાઉસ ગેસોના ઉત્સર્જનમાં થઈ રહેલી વૃદ્ધિને કારણે ધરતીનું સરેરાશ તાપમાન ઘણું વધી ગયું છે. આ રીતે ગત દસકો ગઈ સદીનો સૌથી વધુ ગરમ દસકો રહ્યો છે. પરિવર્તનનો આ દર પાછલા દસ હજાર વર્ષોમાં તીવ્રતમ છે. મોસમના નિયંત્રણકર્તા માનવામાં આવતાં જંગલો પર કેવી ખતરનાક હદે દબાણ વધી ચૂક્યું છે તેનું અનુમાન એ તથ્યથી લગાવી શકાય છે કે વિશ્વબજારમાં દર વર્ષે લાકડાં અને તેનાં ઉત્પાદનોનો, એકસો ચૌદ અબજ ડોલરનો વેપાર થાય છે. આવી સ્થિતિમાં પ્રાકૃતિક સંતુલનનું છિન્નભિન્ન થવું સ્વાભાવિક છે.

પ્રાચીનકાળમાં સુખદ જીવનનો સાર એ જ હતો કે માનવી પ્રકૃતિ સાથે આત્મિક સંબંધ સ્થાપીને ઘણું જ સાદું જીવન વ્યતીત કરતો હતો. તે ફક્ત અનિવાર્ય જરૂરિયાતો માટે પ્રકૃતિનો ઉપયોગ કરતો હતો અને તે માટે એ પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞ રહેતો હતો. તેની આ ભાવનાને પરિણામે પ્રકૃતિ અને તેની વચ્ચેનો આંતરિક સંબંધ કાયમ હતો. તેનું જીવન સુખશાંતિથી પરિપૂર્ણ હતું. પ્રકૃતિની ગોદમાં મુક્ત મને વિચરણ કરતા રહી મનુષ્યનું મન સ્વર્ગીય સૌંદર્ય તથા આનંદની અનુભૂતિથી ભરાઈ જતું હતું.

વાસ્તવમાં માનવીનું જીવન પ્રકૃતિ સાથે એટલું એકરસ છે કે પ્રકૃતિની સીમાની બહાર કશું વિચારી જ શકાતું નથી એ વાત પણ સાચી છે. આપણું સંપૂર્ણ જીવન, આપણી ખુશીઓ, આપણું સુખ, આપણાં આવિષ્કાર, આપણું સ્વાસ્થ્ય બધું જ પ્રકૃતિમાં રહેલું છે. તેમ છતાં જો મનુષ્ય પ્રકૃતિ પર વિજય પ્રાપ્ત કરવાની વાત વિચારે, તો તે તેના મિથ્યા અહંકાર સિવાય બીજું શું કહી શકાય ! પ્રકૃતિ પર વિજયની આ ભાવનાએ જ પ્રકૃતિને વિનાશલીલા ફેલાવવા માટે વિવશ કરી દીધી છે. પ્રકૃતિનાં વિભિન્ન રૂપોમાં વિભિન્નતા હોવા છતાં પણ તેમનામાં નિયમબદ્ધતા છે. તેનાં બધાં જ રૂપોની અંદર કોઈ શૃંખલા પરોવાયેલી છે, કોઈ નિયમ ચાલી રહ્યો છે. જેના પરિણામે સમગ્ર સૃષ્ટિ સુવ્યવસ્થિતપણે ચાલતી રહે છે. બધાં જીવજંતુઓ, વૃક્ષ-છોડો તથા પશુપક્ષીઓ પર પ્રકૃતિનો પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રભાવ પડે જ છે. આ બધાં જ હજારો વર્ષોથી પ્રકૃતિના નિયમોનું પાલન કરી રહ્યાં છે. એક મનુષ્ય જ એવું પ્રાણી છે, જેણે પ્રાકૃતિક નિયમોની અવગણના કરી પ્રકૃતિનો વિધ્વંસ કરવામાં કોઈ કસર બાકી રાખી નથી.

હજી પણ સુધરવાનો સમય છે, અત્યાર સુધી થયેલા વિનાશમાંથી બોધપાઠ લઈને સાદાઈ તથા સંયમિત જીવન અપનાવીને, પ્રકૃતિ સાથે માતા સમાન વ્યવહાર કરીને જ આ સ્વનિર્મિત વિનાશથી માનવજાત બચી શકે છે અને એકવીસમી સદીનાં ઉજ્જવળ ભવિષ્યની સંભાવના સાકાર થઈ શકે છે.

*શ્રીરામના પરમભક્ત હનુમાન સક્રિયતા, ઉત્સાહ, સાહસના સાકાર અવતાર હતા. સંપૂર્ણ રામાયણમાં તેઓ એક મહાન યોદ્ધા, કર્મઠ, સાહસિક વ્યક્તિના રૂપમાં દેખાય છે. રામકાજમાં એમણે ક્યારેય પ્રમાદ કર્યો નથી. સીતાની શોધ, લંકાદહન, સમુદ્ર છલાંગ, રાવણ-મેઘનાદ સાથે સંવાદ, યુદ્ધમાં અપૂર્વ ક્ષમતાનો પરિચય વગેરે શ્રી હનુમાનજીના પુરુષાર્થ, સક્રિયતા, શક્તિ, સામર્થ્યના ઉદાહરણ છે. ભય, આળસ, ચિંતા, ક્ષોભ જેવી કોઈ વાત હનુમાનના જીવનમાં દેખાતી નથી. ધર્મપક્ષને સમર્થન આપવા માટે, અન્યાયી સામે લડવા માટે પોતાના જીવનનો ત્યાગ કરીને એમણે સામાન્ય લોકો સામે પોતાનું ઉજ્જવળ ઉદાહરણ મૂક્યું. આથી જ વાનર હોવા છતાં પણ દેવતા માનવામાં આવ્યા અને ભારતભરમાં ખૂબ શ્રદ્ધાપૂર્વક એમની પૂજા કરવામાં આવે છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ❋ અવતારી સત્તા કેવી હોય છે? ❋

કોઈક વ્યક્તિના શરીરમાં ઈશ્વરીય અંશની વિશિષ્ટ કળાઓ સ્વીકારવામાં આવશે જ એ વાતને મહત્ત્વ ન આપવું જોઈએ, કેમ કે આવો સ્વીકાર કરવો જનતાની ઈચ્છા ઉપર હોય છે.

એક સમયમાં એક ઉચ્ચ ઉદ્દેશ્યની પૂર્તિ માટે ક્યારેક ક્યારેક કેટલાય અવતાર એક સાથે પ્રગટ થાય છે. રામચંદ્રજીના યુગમાં પણ પરશુરામ અવતાર હાજર હતા. ભરત અને લક્ષ્મણના આત્માઓ પણ એવી જ ઉચ્ચકોટિના હતા. હનુમાનજીમાં પણ દૈવી કળાઓ ઘણી બધી હતી. શ્રીકૃષ્ણના સમયમાં પાંડવો ઉચ્ચ ઉદ્દેશ્યની પૂર્તિ માટે એક પ્રકારના અવતાર જ હતા.

મહાત્મા ગૌતમ બુદ્ધ અને મહાવીર પણ પોતપોતાના યુગના દિવ્ય અવતાર જ હતા. આ બધામાં પાપનો વિરોધ અને સત્ય, ન્યાયની સ્થાપનાનો અંશ હતો. આ ચમત્કારી મહાપુરુષોએ પોતાના આત્મબળથી દિવ્યજીવનની સ્થાપના કરી હતી.

**અવતાર મળ-મૂત્રની પોટલીમાં નહીં, પરંતુ એક ઉચ્ચ નૈતિક આધ્યાત્મિક ભાવના-વિશેષમાં થાય છે.** આ ભાવના અચાનક ખુબ તીવ્ર ગતિથી જ્યારે વધી જાય છે, તો તેના કર્તાને ચમત્કારી મહાપુરુષ માનવામાં આવે છે.

વાસ્તવમાં ઈશ્વરીય ઈચ્છાનું એ સમયની વ્યક્તિ માત્ર અનુકરણ કરે છે અને મહત્ત્વ પ્રાપ્ત કરે છે. આવાં એક કાલિક અવતારોમાં જે સર્વશ્રેષ્ઠ હોય છે તેને પ્રાધાન્ય મળે છે. આમ તો તે બધાં કાર્યો તેના એકલાથી થતાં નથી. અન્ય આત્માઓની શક્તિ પણ એટલી જ અને કેટલીક વાર તેનાથી પણ વધુ જોડાય છે, ત્યારે તે ઉદ્દેશ્ય પૂર્ણ થાય છે.

રાક્ષસોનો નાશ કરવામાં શ્રીરામના અન્ય સાથીઓની જે ક્ષમતા હતી તેને ભૂલી ન શકાય. લંકાનો નાશ કરવામાં શું વાનરસેના તથા અન્ય યોદ્ધાઓએ કશું નહોતું કર્યું ? શું શ્રી લક્ષ્મણજીની વીરતા કાંઈ ઓછી હતી ? અહિરાવણને ત્યાં કેદ થયેલા રામ-લક્ષ્મણને છોડાવનારા મહાબલી હનુમાનને શું ઓછાં શક્તિમાન સમજી શકાય છે ? ગોવર્ધન ઉઠાવવામાં ગોવાળોનો સહયોગ શું ઉપેક્ષા કરવા યોગ્ય છે ? મહાભારતના ધર્મયુદ્ધમાં શું એક શ્રીકૃષ્ણ જ વિજેતા હતા ?

વાસ્તવિકતા એ છે કે હિંદુ સંસ્કૃતિના દષ્ટિકોણ મુજબ એક સમયમાં અનેક અવતાર થાય છે અને તે બધાની સંઘશક્તિ વડે ભૌતિક પરિવર્તન થાય છે.

સૂક્ષ્મ પરિવર્તન કરનારી આદ્યશક્તિ છે, તે આદ્યશક્તિ યશોદાના ગર્ભ દ્વારા કંસને સચેત કરવા માટે ઉત્પન્ન થઈ હતી, જેને કંસે શિલા પર પટકીને મારી નાખી હતી. તે આદ્યશક્તિ અંતઃકરણની પ્રેરણા છે.

અવતાર થતાં પહેલાં દરેક માનવના હૃદયમાં એક પ્રકારનો ઝણઝણાટીભર્યો આધ્યાત્મિક પોકાર જાગે છે, તે એવો સ્પષ્ટ સંકેત કરે છે કે, ‘‘બસ, હવે હદ થઈ ગઈ. થોભો, રોકાવ, વિચારો અને ભૂલને સુધારો. હું ઈશ્વરીય પ્રેરણા લઈને આવી છું, મારું સ્વાગત કરો.’’ પરંતુ દુઃખ એ છે કે હજારો કંસ એ યુગવાણીને શિલા પર પટકીને મારી નાખે છે. આત્માના એ દિવ્ય પોકારને કચડી નાખે છે અને નિર્દયતાપૂર્વક પોતાના પાછલા પાપના વેપારને ચાલુ રાખે છે.

***રાવણ, કંસ, દુર્યોધન વગેરેએ જો આત્મસમીક્ષા કરી હોત તો સહેલાઈથી પોતાની ભૂલોને સુધારીને સુખ-સૌભાગ્ય મેળવી શક્યા હોત, પરંતુ એ પ્રવૃત્તિના અભાવે એક પછી એક ભૂલો કરતા ગયા અને નષ્ટ થયા.***

આ આદ્યશક્તિ અવતારની અગમચેતી દુંદુભિ છે, જે આકાશમાં અંતરિક્ષ લોકમાં બહુ પહેલાં સાવધાન કરવા માટે દોડધામ મચાવે છે. જેઓ આ વાણીને સાંભળવા નથી માગતા અને ઈશ્વરીય સંદેશની અવહેલના કરે છે, તેઓ આવનારા અવતારની તલવારથી ટુકડે-ટુકડા થઈ જાય છે.

‘‘જ્યારે કોઈ પ્રગટ શરીરમાં અવતાર થશે ત્યારે તેની આજ્ઞા માનવા લાગીશું.’’ એવી પ્રતીક્ષામાં બેઠા રહેનારાઓ પેલાં આંધળા જેવા છે, જે વિચારે છે કે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ્યારે સૂરજ દેખાશે ત્યારે ખાટલો છોડીને બેઠો થઈશ. આંખો વગર તેને સૂરજ દેખાતો નથી . તેની એ ઈચ્છા છે કે હંમેશાં ખાટલા પર જ પડ્યો પડ્યો મરી જાય કે બેઠો થાય.

અવતારને તેના જીવનકાળ દરમિયાન ઓળખનારા બહુ ઓછા હોય છે. મોટાભાગનાઓને તો તે વિરોધી જ દેખાય છે. કેમ કે તે તો નવા જીવન, નવા વિચારની સ્થાપના કરીને જનતાની જૂની સડી ગયેલી આદતોને છોડાવવા માટે આવે છે. શત્રુઓને પ્રકાશનો અણગમો હોય છે અને તેને ભરપેટ ભાંડતા રહે છે. જ્યારે તે ચાલ્યો જાય છે, તો પસ્તાય છે કે, ''હાય ! સૂર્ય ભગવાન ઊગ્યા હતા, પરંતુ અમે અજ્ઞાનવશ તેમને ગાળો આપવામાં જ લાગેલા રહ્યા.''

અવતારની દિવ્યકળાઓ ઓળખવી સહેલી નથી, એમાં બહુ સાવધાની જરૂરી છે. અનેક વખત શરીરધારી અવતારોને જોઈને તેમની પાછળ-પાછળ ચાલવાની ઈચ્છા રાખનારાઓ લગભગ છેતરાઈ જાય છે. કોઈ બીજો ઠગ તેમને બહેકાવીને લઈ જાય છે. બની શકે કે અવતારની ભ્રમણમાં તેઓ શેતાનની પૂજા કરતા રહે . કેમ કે સ્થૂળ આંખોનું જ્ઞાન બહુ જ અધૂરું છે. મૂર્ખો માટે મોરમુકુટ પીતાંબર ધારણ કરનારો છોકરો જ સાક્ષાત્ કૃષ્ણ છે, પરંતુ જ્ઞાની પુરુષ ભગવાનની ઝાંખી જ્ઞાનપૂર્વક દિવ્ય-દૃષ્ટિ દ્વારા કરે છે.

જે પોતાના મોઢે બૂમો પાડીને કહે છે કે હું અવતાર છું, તે જૂઠું બોલે છે. અવતાર જાતે જ પોતાનાં કાર્યો અને વિચારો દ્વારા પ્રગટ થઈ જાય છે.

ઈતિહાસમાં ક્યારેક-ક્યારેક એવું બને છે કે અવતારી સત્તા એકસાથે બહુઆયામી રૂપોમાં પ્રગટ થાય છે અને કરોડો જ નહિ સમગ્ર પૃથ્વીના ઉદ્ધાર ચેતનાત્મક મનોભૂમિ પર બધાના મનનું નવેસરથી નિર્માણ કરવા માટે આવે છે. પરમપૂજ્ય ગુરુદેવ પં. શ્રીરામ શર્મા આચાર્યને એક આવી જ સત્તા રૂપે જોઈ શકાય છે, જે યુગો-યુગો પછી ગુરુ અને અવતારી સત્તા બંનેય રૂપોમાં આપણાં બધાની વચ્ચે પ્રગટ થઈ, એંસી વર્ષનું જીવન જીવીને એક વિરાટ જ્યોતિ પ્રજ્જ્વલિત કરીને તે સૂક્ષ્મ ઋષિ ચેતના સાથે એકાકાર થઈ ગઈ, જે આજ યુગપરિવર્તનને પ્રત્યક્ષ લાવવા માટે પ્રતિબદ્ધ છે. પરમવંદનીય માતાજી શક્તિનું રૂપ હતાં. જે શક્તિ ક્યારેક મહાકાળી, ક્યારેક માતા જાનકી, ક્યારેક માતા શારદામણિ અને ક્યારેક માતા ભગવતીના રૂપે શિવની કલ્યાણકારી સત્તાને સાથ આપવા માટે આવતી રહી છે. એમણે પણ સૂક્ષ્મમાં વિલીન થઈ જઈને પોતાની જાતને પોતાના આરાધ્યની સાથે એકાકાર કરીને જ્યોતિપુરુષનું એક અંગ બનાવી લીધી. આજે બંને સશરીર આપણી વચ્ચે નથી, પરંતુ નૂતન સૃષ્ટિ કેવી રીતે બનાવવામાં આવી, કેવી રીતે માનવીઓનું ઘડતર કરવાનાં કેન્દ્રો બનાવવામાં આવ્યાં તેને શાંતિકુંજ, બ્રહ્મવર્ચસ્, ગાયત્રી તપોભૂમિ, અખંડજ્યોતિ સંસ્થાન અને યુગતીર્થ આંબલખેડા જેવી સ્થાપનાઓ તથા સંકલ્પિત સર્જનસેનાનીઓના વીરભદ્રોની કરોડોથી વધારે સંખ્યાના રૂપમાં જોઈ શકાય છે.

વિનમ્રતા અને બ્રાહ્મણત્વની કસોટી પર સાચા સાબિત થનાર વરિષ્ઠ પ્રજ્ઞાપુત્ર જ તેમના ઉત્તરાધિકારી કહેવાશે, એ ગુરુસત્તાનો ઉદ્‌ઘોષ હતો અને આ ક્ષેત્રમાં એકએકથી ઉત્તમ આદર્શવાદી પ્રતિસ્પર્ધા કરનારા અનેકાનેક પરિજનો હવે એમનાં સ્વપ્નને સાકાર કરવા આગળ આવી રહ્યા છે. 'હમ બદલેંગે - યુગ બદલેગા' ઉદ્‌ઘોષ દશેય દિશાઓમાં ફેલાઈ રહ્યો છે અને એકવીસમી સદી ઉજ્જવળ ભવિષ્ય, સતયુગના પુનરાગમનનું સ્વપ્ન સાકાર થતું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

*પૃથ્વી પર ભયંકર દુકાળ પડ્યો. વાસુદેવે બ્રહ્માજીને કહ્યું - પ્રભુ ! આપે પૃથ્વી પરથી પાણી કેમ હટાવી લીધું ? બ્રહ્માજીએ કહ્યું - ''વત્સ ! પૃથ્વી પર જળ હજુ પણ એટલું જ છે. સમુદ્રમાં તથા પહાડો પર સરોવરો અને હિમ રૂપે જમા છે. પૃથ્વીવાસીઓએ પ્રકૃતિનું સંતુલન ખોરવી નાખ્યું, આથી વિતરણ વ્યવસ્થા બગડી ગઈ છે. તમે મદદ કરો, વાદળોને જળ આપીને પોતાની સાથે જરૂરિયાતવાળાં સ્થાનો સુધી પહોંચાડીને વરસાવો, જળની તંગી નહીં પડે.''*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી)

# રક્ષાબંધન પર્વ પર કાર્યકર્તાઓની રીતિનીતિ

**(તા. ૨૬-૮-૮૫ના રોજ આપવામાં આવેલ વીડિયો સંદેશ)**

ગાયત્રીમંત્ર અમારી સાથે સાથે,

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ।

દેવીઓ, ભાઈઓ! અઢી વરસથી આપણું મિલન શક્ય બન્યું ન હતું. એકાદ માણસની વાત જુદી છે, પરંતુ મોટાભાગની વ્યક્તિઓને અમે મળી ન શક્યા. આટલા દિવસો સુધી આપણે અલગ અલગ રહ્યા, તેથી અમે અમારા મનની વાતો આપને કહેવા માગીએ છીએ. આ કોઈ વ્યાખ્યાન નથી. તેથી રક્ષાબંધનના આ શુભ અવસરે આપની સાથે થોડી વાતો કરવાની ઈચ્છા છે.

જે દિવસે આપ પોતાનો કામધંધો છોડીને, ઘર છોડીને અહીં આવ્યા હતા, તે દિવસ આપને યાદ છે ? અમને તો આ વાતની પૂરેપરી ખબર છે, આપને યાદ હોય કે ન હોય, પરંતુ અમને યાદ છે કે આપે કેટલું ત્યાગ ભરેલું પગલું ઉઠાવ્યું હતું. કેટલી કમાણીનું નુકસાન ભોગવ્યું એ વાત હું નથી કહેતો. પોતાના વ્યવસ્થિત બનાવેલા માળાને છોડી આવવાનો પ્રયાસ કર્યો. આપના ઘરના લોકો અને પડોસીઓ સાથે આપનો સંપર્ક હતો. તે પણ પોતાનું મહત્ત્વ ધરાવે છે. સવાલ ધનનો નથી કે આપની પાસે કેટલું હતું અને આપે કેટલો ત્યાગ કર્યો. આપની પાસે સો મણ મીઠાઈ હતી, એમાંથી નેવું મણ આપે દાનમાં આપી દીધી. ચાર રોટલીમાંથી ત્રણ રોટલીનું દાન કરવા જેટલું જ આનું મહત્ત્વ છે. આપે કેટલું શિક્ષણ મેળવ્યું તે પણ કહી શકતો નથી, પરંતુ અમે આપના ત્યાગના આભારી છીએ. અમે આપના રહેવાની પણ વ્યવસ્થા કરી ન શક્યા. એક ઓરડામાં આપના આખા પરિવારને રહેવું પડ્યું. અમે જાણીએ છીએ કે આ વખતે આપને મરઘાં-કબૂતરની જેમ રહેવું પડ્યું છે. તેની આપને ખબર હતી, અહીંની વ્યવસ્થા આપ જોઈ ગયા હતા. જ્યારે આપ અહીં આવ્યા હતા, ત્યારે એ પણ જોઈને ગયા હતા કે અહીં ધનની કોઈ વિશેષ વ્યવસ્થા નથી. અહીં બ્રાહ્મણોચિત જીવન જીવવાની વાત હતી.

### બ્રાહ્મણોચિત જીવન

મિત્રો ! જ્યારે ધન વધે છે, ત્યારે માણસની આદત ખરાબ થઈ જાય છે. તે પોતાની સુવિધા વધારી લે છે. પરંતુ જ્યારે આપ એ અનુભવશો કે જે રકમ આપને આપવામાં આવી રહી છે, તે આપણાં બાળકોના પેટે પાટા બાંધીને, બાળકોના દૂધનો ખર્ચ ઓછો કરીને અમારી પાસે મોકલવામાં આવી રહી છે, તે વખતે આપ અવશ્ય આપનું ખર્ચ ઓછું કરવાનો પ્રયત્ન કરશો. કેટલી શ્રદ્ધા અને ભાવનાથી લોકોએ આપ્યું છે, તેને આપણે કઈ રીતે ખર્ચવું જોઈએ, એ વાત સમજાવી જોઈએ.

મિત્રો ! આપને એ ખબર હતી કે આપણે અહીં બહારની વ્યક્તિની જેમ નહિ પણ એક સામાન્ય બ્રાહ્મણનું જીવન જીવી શકીએ છીએ. આ જાણી લઈ તે વખતે આપે હિંમત સાથે પગ ઉપાડ્યો હતો, તે અમારે માટે ખૂબ ખુશીની બાબત છે. ગાંધીજીને જ્યારે જરૂર પડી ત્યારે અનેક સત્યાગ્રહીઓ ગોળી ખાવા, મરવા, કપાઈ જવા માટે તૈયાર થઈને આવી ગયા. અમને એ જમાનો યાદ છે કે જ્યારે બુદ્ધ માટે હજારો નરનારીઓ પોતાનું બધું છોડી દઈને તેમનાં કાર્યો પૂરાં કરવા માટે આગળ આવ્યા હતા.

મિત્રો ! આપે એ જ પરંપરા અપનાવી, તે જોઈને અમને આનંદ છે, ઘણી ખુશી છે. આપના માટે અમારું મન કૃતજ્ઞતાથી ભરાઈ ગયું છે. આપના મનમાં એક સંકલ્પ જાગ્યો અને આપે બધી બાધાઓને, બધા રસ્તાઓને પાર કરીને અહીં આવવાનો પ્રયાસ કર્યો, આપની એ ભાવના અમને યાદ છે. શિવાજીએ સમર્થ ગુરુ રામદાસને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું હતું અને તેમના નોકર બની ગયા હતા. આપ સૌએ પણ ભાવનાની દૃષ્ટિએ તેમના જેવું જ સાહસિક પગલું ભર્યું. આપની ભાવના, શ્રદ્ધા ડગમગવા લાગશે, તો એ આપના માટે ખરાબ હશે અને અમારા માટે ખરાબ બની જશે. તેથી એવું થવા દેશો નહિ.

મિત્રો ! જો કોઈ સ્ત્રીનો પતિ મરી જાય તથા તે પતિ સાથે સતી થવા માટે તૈયાર થઈ જાય. આખુ ગામ તેને જોવા માટે આવે તથા તેનો જયજયકાર કરે અને ફૂલ વરસાવવા લાગે. તે પછી જ્યારે તેની ચિતામાં આગ લાગી જાય તે જ વખતે એ સ્ત્રી ભાગી જાય, તો બહુ ખરાબ થાય છે. માણસ શ્રદ્ધા-ભાવના લઈને આવે અને પછી કહે કે અમારું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીવન બરબાદ થઈ ગયું. મિત્રો ! આપ આવું થવા ન દેશો. આપે હંમેશાં પોતાની ઈજ્જત બચાવી રાખવાની છે. આપે એ જોવું પડશે કે જ્યારે આપ ઘર છોડીને આવ્યા હતા, ત્યારે આપની શું ભાવના હતી ? જ્યારે આપ ઘરેથી નીકળ્યા હતા અને આપનું જે સ્તર હતું તે સ્તર ઓછું થઈ જાય અથવા ખતમ થઈ જાય ત્યારે આપની હાલત અમે હમણાં જ કહ્યું એમ લોકો જેને ધિક્કારવા લાગ્યા હતા એવી પેલી સ્ત્રી જેવી થઈ જશે.

## સ્તર ઓછું થવા ન દેશો

સાથીઓ ! આપનું સ્તર ઓછું થઈ ન જાય તે માટે અમે આપને એક દર્પણ આપવા માગીએ છીએ, જેમાં આપ પોતાનો ચેહરો જોશો કે આપના નાક, દાંત, મોઢું ઠીક છે કે કેમ. આ આપ સ્વયં સમજી શકો છો, એ વિશે અમે શું કહીએ . આ દર્પણની એક નંબરની કસોટી થઈ. બીજી એ કે અમે સોનાને કસોટી પર પારખીને જોવા માગીએ છીએ કે આપ જેવા આવ્યા હતા તેવા જ છો કે બદલાઈ ગયા છો. આપ એ જ બિરાદરીમાં છો કે બીજી બિરાદરીમાં ચાલ્યા તો નથી ગયા ને. આ સંસારમાં સારાં કામ પણ થાય છે અને ખરાબમાં ખરાબ કામ પણ થાય છે. આપ શૂરવીર પણ બની શકો છો તથા ખોટાં કામ કરીને પોલીસ કસ્ટડીમાં પણ જઈ શકો છો. માણસ જો ટકાઉ હોય તો કહેવું જ શું ? આપ આપનો વેશ બદલશો નહિ, ટકાઉ બનો. વેશ બદલવામાં શોભા નથી. તેની ઈજ્જત નથી. સંત જ્ઞાનેશ્વરના પિતાએ પોતાનો વેશ બદલી નાખ્યો હતો. કેવી રીતે બદલ્યો તે હું નથી કહેતો, પરંતુ પછી તેઓ પરેશાન થઈ ગયા. સંત જ્ઞાનેશ્વરે તેમનું પ્રાયશ્ચિત્ત કરવું પડ્યું.

મિત્રો ! સિદ્ધાંતોના રસ્તા પર ચાલવું એ મોટી વાત છે. ક્યાં જઈ રહ્યા છીએ ? ઉચ્ચ આદર્શોનું જીવન જીવવા જઈ રહ્યા છીએ. જે પીછેહઠ કરે છે, તે બે કોડીનો બની જાય છે. ગૃહસ્થજીવનમાં બાળક પેદા થઈ જાય તો કોઈ વાંધો નથી, પરંતુ કોઈ બાબાજી બની જાય અને પછી બાળક પેદા કરી લે, તો અનર્થ થઈ જશે. તે બાળક કે બાળકી માટે સમાજમાં મુશ્કેલીઓ પેદા થઈ જશે તથા સંત સમાજ માટે પણ તેને અપનાવવાનું મુશ્કેલ બની જશે. તેવી જ રીતે જ્યારે આપ આવ્યા હતા, ત્યારે ત્યાંના લોકોએ આપને વિદાય આપી હતી અને જ્યારે આપ અહીં આવ્યા હતા ત્યારે અમે પણ પ્રસન્નતા વ્યક્ત કરી હતી, કેમ કે આપે ખૂબ ઉચ્ચ કાર્ય કરવા માટે પગલું ભર્યું હતું.

જીવન કેટલા દિવસનું હોય છે ? વિવેકાનંદનું મૃત્યુ ઓગણચાળીસ વર્ષની વયે થઈ ગયું હતું. શંકરાચાર્યનું પણ બત્રીસ વર્ષમાં મૃત્યુ થયું હતું. રામકૃષ્ણ પરમહંસ પણ વધારે દિવસ જીવ્યા ન હતા. બાકી જેટલા મહાપુરુષ હતા, તેમને પણ યુવાની આવી ન આવી અને તેઓ આ દુનિયામાંથી ચાલ્યા ગયા હતા. ભગવાન કરે કે આપ હજાર વર્ષ જીવો, પરંતુ આવતીકાલ માટે પણ તૈયાર રહો. આપ જોતા જ હશો કે રસ્તે ચાલતાં કોઈનું હાર્ટફેઈલ થઈ જાય છે. માણસની ચામડી એ પાણીથી ભરેલો ઘડો છે. તે ક્યારે ફૂટી જશે એની કોને ખબર છે ? માણસનું શરીર એક ફુગ્ગા જેવું છે. એમાંથી ક્યારે હવા નીકળી જશે તે કોણ જાણે છે ? આ કોઈ આશ્ચર્ય નથી. તેથી આપે જે માટે સાહસિક પગલું ભર્યું હતું એ ત્યાગને, પોતાની ભાવનાને અને કેવળ ભાવનાને જ નહિ, એ કાર્યને હંમેશાં યાદ રાખો. જિંદગી ખૂબ સરસ છે, એ તથ્ય આપે સમજવું જોઈએ.

મિત્રો ! આપે એ સમજવું જોઈએ કે ભગવાને આપને ખૂબ જ શાનદાર જિંદગી આપી છે તથા આપ જે કામ કરી રહ્યા છો, તે ખૂબ જ શાનદાર છે. એમાં કરોડો લોકોનું ભાગ્ય છુપાયેલું છે. આપ એ સમજતા નથી, પરંતુ અમે સ્પષ્ટ રીતે જોઈ રહ્યા છીએ. એક ઈતિહાસ બનવાનો છે. આગામી દિવસોમાં ગાંધીજીના આંદોલન બાદ જો આ દુનિયામાં કોઈ કાર્યક્રમ હશે અને જો તેની કોઈ ચર્ચા થશે, તો તે શાંતિકુંજ, યુગનિર્માણ યોજનાનો કાર્યક્રમ હશે. આટલું વિશાળ તથા મહત્ત્વનું કાર્ય કયારેય બન્યું નથી તથા આવો કોઈ કાર્યક્રમ બનાવી પણ ન શકે. એ સફળ થશે અને અવશ્ય સફળ થશે, અમને પૂર્ણ વિશ્વાસ છે, આપને વિશ્વાસ હોય કે ન હોય. અમે જ્યારે ભગવાન પાસે બેસીએ છીએ, ત્યારે અમને આ વાતનો પૂરેપૂરો વિશ્વાસ આપવામાં આવે છે.

મિત્રો ! આપનામાંથી કોઈના મનમાં એ વાત નહિ આવવી જોઈએ કે આ યોજના સફળ નહિ થાય. સફળ ન થવાથી અમે ભટકતા ફરીશું એવી વાત ક્યારેય પોતાના મનમાં ન વિચારવી જોઈએ. આ મિશનમાં આપ એવા સફળ થશો, જે ક્યારેય ઈતિહાસનાં પૃષ્ઠો પર લખાયું ન હોય. પરંતુ તે સ્થિતિ આવતાં કયારેક રુકાવટ પણ આવી જાય છે. આપે સૂર્ય અને ચંદ્રને ગ્રહણ લાગતા જોયા હશે. માણસ ક્યારેક ગુસ્સામાં આવીને મા-બાપને ગાળો પણ આપી દે છે અને હલકો બની જાય છે. અમે આપને બધા જ પ્રકારની હલકટતાથી સાવધ કરવા માગીએ છીએ, જેથી આપની તરફ કોઈ આંગળી ન ચીંધે અને ક્યાંય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપનો રસ્તો બદલાઈ ન જાય. રેલગાડીઓ પાટા પર ફરી જાય છે અને પોતાની દિશા બદલી નાખે છે તથા અમને અને આપને ખબર પણ પડતી નથી.

### કસોટી દ્વારા પરીક્ષા થશે

સાથીઓ ! અમે આપને કસોટીએ કસવા માગીએ છીએ. અમે એ જોવા માગીએ છીએ કે આપ જ્યારે અહીં આવ્યા હતા અને તે સમયે આપની જે ભાવના હતી, એમાં ક્યાંક કચાશ તો આવી નથી રહી ને ? આપ ક્યાંક પહેલાંની સ્થિતિએ જ પાછા વળી જવાનો પ્રયત્ન તો નથી કરી રહ્યા ને ? આપની અંદર ક્યાંક એવા વિચારો તો ઊઠી રહ્યા નથી કે અમે જતા રહીશું અને મજામાં રહીશું, વધુ ખર્ચ કરીશું. વધુ સુખસગવડમાં રહીશું. આપની પાસે જે દાનદક્ષિણાનો પૈસો આવી રહ્યો છે, તેમાંથી બિનજરૂરી ખર્ચ કરવાનો આપને કોઈ હક નથી. ગાંધીજીને કોઈએ મુઠ્ઠી ભરીને પૈસા આપી દીધા હતા, એમાંથી ચાર આનાનો એક સિક્કો નીચે પડી ગયો. ગાંધીજી ત્યાં જ બેસી ગયા. લોકોએ એમને કહ્યું કે આપ હટી જાવ, અહીં ટોળું આવી રહ્યું છે, આપ દબાઈ જશો. ગાંધીજીએ કહ્યું કે અમને દબાઈ જવાનું મંજૂર છે, પરંતુ જે શ્રદ્ધાથી એ માણસે દાન આપ્યું છે, તેનો દુરુપયોગ કરવાનું મંજૂર નથી.

તેવી જ રીતે જે માણસે અહીં સંસ્થાને દાન આપ્યું છે તે શ્રેષ્ઠ ભાવનાઓ સાથે આપ્યું છે. જો આપને દાનના પૈસા વધુ ખર્ચવાની ઈચ્છા થઈ ગઈ હોય તો એ આપનું અને અમારું દુર્ભાગ્ય છે. જો આપ એકવાર પણ આ છત પર ચઢી ગયા તો અમે માનીશું કે આપ ઊંધા મોઢે જમીન પર પડી ગયા. આના કરતાં તો આપ છત પર ન ચઢ્યા હોત તો સારું હતું. આપ ધન વિશેની આપની મહત્ત્વાકાંક્ષાને રોકો. આપ વિલાસી ન બનો અને કુટુંબ ન વધારો. જો કુટુંબ વધશે તો ખર્ચ વધશે, કાપડ, શિક્ષણ વગેરેનો ખર્ચ વધશે. તેથી આપનામાંથી જેઓ સ્થાયી કાર્યકર્તા છે, તેમને મારી પ્રાર્થના છે કે આપ ફેમિલી પ્લાનીંગ કરાવી લો, કેમ કે અમે જાણીએ છીએ કે આપ બ્રહ્મચર્ય પાળી શકવાના નથી. આપનો લોભ, મોહ વધશે તો આપ બ્રાહ્મણ રહી નહિ શકો, ત્યારે આપ વાણિયા બની જશો. આપને વાણિયા બનાવવા માટે અમે અહીં બોલાવ્યા નથી. જો આપને ખર્ચ કરવાની ટેવ પડી ગઈ હોય તો તેને રોકો અને ઓછા ખર્ચે કામ ચલાવો. આપની કમજોરી આપ પોતે જ દૂર કરી શકો છો. આપ આ બાબતોનું પાલન કરો.

### સ્વયંસેવક બનીને રહો

મિત્રો ! આપની બીજી એક નબળાઈ એવી છે જે મનુષ્ય સામૂહિક જીવનમાં પ્રવેશે ત્યારે આવે છે અને તે છે લોકેષણા, પુત્રેષણા અને વિત્તેષણા. એમાંથી પણ સૌથી મોટી ઈચ્છા જાગે છે, તે છે નેતા બનવાની મહત્ત્વાકાંક્ષા. આ મનુષ્યને નીચે પાડનારી પ્રવૃત્તિ છે. સંત માટે આ ત્રણે વસ્તુઓ જરૂરી નથી. નેતા એ હોય છે જે ફોટો છપાવવા, નામ અને યશ પ્રાપ્ત કરવા માગે છે. એ નેતા નહિ અભિનેતા છે. જો મોટાઈ પ્રાપ્ત કરવી હોય તો સૌથી નાના બનીને રહેવું જોઈએ. ગાંધીજી કોઈ સંસ્થાના પદાધિકારી પણ ન હતા, પરંતુ લોકોએ તેમને ઉચ્ચ સ્થાને મૂકી દીધા હતા. તેઓ જ રાષ્ટ્રપિતા બાપુ બન્યા. કરોડોનું સ્મારક તેમનું જ બન્યું.

વિનોબાને આપ જાણો છો. તેઓ ટ્રસ્ટી ન હતા, સભાપતિ ન હતા. ઈસુ, વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસને જ જોઈ લો. સમાજમાં લોકો નમ્રતાની, શાલીનતાની, વ્યાવહારિકતાની કદર કરે છે. આજે તો લીડર એ હોય છે જે તસ્કર હોય છે, બદમિજાજ હોય છે. મિત્રો ! બીજા દ્વારા આપવામાં આવેલ સન્માન તો આપની ઈજ્જત વધારે છે, પરંતુ જ્યારે આપ સ્વયં પોતાની મોટાઈ બતાવીને સન્માન પ્રાપ્ત કરવા ઈચ્છો છો, ત્યારે પ્રગતિ થઈ શકતી નથી. આજે જે લોકોએ અનેક સંસ્થાઓને નષ્ટ કરી દીધી છે, તે બધા નેતા બનવા માગતા હતા. એમને નેતા બનવામાં જો કોઈ મુશ્કેલી આવી કે અવરોધ આવ્યો, તો એમણે અન્ય સાથીઓનાં ગળાં દબાવવાનું શરૂ કરી દીધું અને તેને બરબાદ કરીને જ જંપ્યા. પરંતુ તેઓ જાણતા નહોતા કે ભગવાનનો ડંડો ખૂબ પ્રબળ છે. તેનાથી તેઓ બચી નહિ શકે.

મિત્રો ! નેતાગીરી એક જાતનો નશો છે. આ નશો શરાબ, ભાંગ અને હેરોઈન કરતાં પણ મોટો છે. જો એ કોઈના મનમાં આવી ગયો હોય કે આપણે મહેનત કરવી નથી, આપણે સ્વયંસેવક બનીને રહેવું નથી, આપણે પોતાની મરજીથી રહેવું જોઈએ. આપણે કોઈની વાત ન માની એ બતાવવાનું છે કે જુઓ અમે કેટલા સક્ષમ છીએ કે લોકોને આવું કરી શકીએ છીએ. જો આપ આવું કરો તો આપને ધિક્કાર છે. જો આપ પોતાની મરજી ચલાવવા માગતા હો તથા મિશનને બરબાદ કરવા માગતા હો, તો અમે આપને શાપ આપીએ છીએ કે આપ ક્યારેય સફળ નહિ થાવ. થોડા સમય માટે આપના હાથમાં નેતાગીરી આવી પણ જાય, તો તે પછી આપનો સત્યાનાશ થઈ જશે, આપ પર લોકો થૂંકશે. જો આવું ન થાય તો આપની જે ઈચ્છા હોય તે અમને કહી દેજો.

મિત્રો ! આપને એ જોવું પડશે કે આપના પોતાના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીવનમાં ક્યાંક અપવ્યય, નેતાગીરી તથા હરામખોરી તો આવી નથી. હરામખોરીથી કોઈ મહાન બનતો નથી. કામ દ્વારા જ વ્યક્તિ મહાન બને છે. હરામખોરી એટલે કે જે હાથ વડે કામ કરતો નથી, તેના મગજમાં ખોટી વાતો આવતી રહે છે. આવો માણસ જ્યાં ત્યાં બેસતો રહે છે અને એ બતાવતો રહે છે કે અમે પતિત છીએ અને તમારે પણ પતિત થવું જોઈએ. આવો માણસ મિશનની જ્યાં ત્યાં વાતો કરતો રહે છે. બેટા, અમારી પાસે કોઈ નોકરી નથી કે આપને ત્રણ મહિનાનો પગાર આપી ઘેર મોકલી દઈએ. આ કાર્યમાં અમને પણ શરમ આવે છે, આપને આવે છે કે નહિ, ખબર નથી. અમારે આપની પથારી ફેંકી પણ દેવી પડે પરંતુ આ કામ કરવામાં અમને ખૂબ શરમ આવશે. જો આપ કોઈ કામ કરવા માગતા હો તો જરૂર કરો, પરંતુ આપ જે દિવસે આવ્યા હતા ત્યારે જે ત્રણ પ્રતિજ્ઞાઓ કરી હતી, તેમને નિભાવવાનો પ્રયાસ કરો.

## યાદ કરો એ પ્રતિજ્ઞાઓ

કઈ ત્રણ પ્રતિજ્ઞાઓ લીધી હતી ? પહેલી પ્રતિજ્ઞા હતી કે અમે વિત્તેષણાથી બચીશું. ઓછામાં ઓછા ખર્ચે નિર્વાહ કરીશું. આપ સંબંધીઓ માટે, ફરવા માટે ખર્ચ નહિ કરી શકો. જો કરતા હો, તો આપ એવું કામ કરો છો કે જેના માટે આપનો આત્મા આપને આજે નહિ તો કાલે અવશ્ય ધિક્કારશે. બીજી એ કે જો આપ સંતાન વધારી રહ્યા હો, તો એ ખોટું થશે. પરંતુ જો એ માનતા હો કે અમારો પુત્ર પણ સ્વયંસેવક બનશે, તો ઠીક છે. પરંતુ જો એવું સ્વપ્ન જોતા હશો કે અમારો પુત્ર મોટો માણસ બનશે, વિલાયત જશે, તો એ ખોટું હશે.

મહાત્મા ગાંધી પાસે એક માણસ આવ્યો અને એણે પોતાની શૈક્ષણિક લાયકાત બતાવી તથા તેની યોગ્યતા મુજબ કામ આપવાની વિનંતી કરી. ગાંધીજીએ કહ્યું કે અમે યોગ્યતા મુજબ કામ તો નથી આપી શકતા. આપને અમે જે કામ આપીશું તે કરવું પડશે. તેમણે એને ઘઉં સાફ કરવાનું કામ સોંપ્યું અને એણે કરી દીધું. આ ઘટના હું આપને એ માટે સંભળાવું છું કે એ આપને પણ લાગુ પડે છે. આપને પણ અમે શિક્ષણ અને યોગ્યતા મુજબ કામ આપી શકતા નથી. અમે જે પણ કામ સોંપીશું, તે આપે કરવાનું છે. જે માણસ આ પ્રકારનો હોય છે, તે પોતાની ઉપર અંકુશ સહન કરી શકતો નથી. તે સ્વચ્છંદ રહેવાનું પસંદ કરે છે. આપને અનુશાસનમાં રહેવું પડશે, જેથી આપ વધુ મહત્ત્વનું કાર્ય કરી શકો. આપ વધુ વ્યસ્ત રહી શકો તથા આપના ક્રિયાકલાપોનો પ્રભાવ લોકો પર પડી શકે.

જનતા પાર્ટીનું શું થયું તે આપે જોયું નથી ? બધા વડાપ્રધાન બનવા માગતા હતા. આ લોકોએ દેશની બરબાદી કરી નાખી તે તમે જોયું નથી ? આ કામ મહત્ત્વાકાંક્ષા ધરાવતી વ્યક્તિઓનું છે. હરદ્વારમાં માલવીયજીએ એક બ્રહ્મચર્યાશ્રમ બનાવ્યો હતો. જે એક જમાનામાં ગુરુકુળ કક્ષાનો હતો. તેને પણ હિંદુ વિશ્વવિદ્યાલય જેવું બનાવવાનું સપનું હતું. એમાં ઘણી ઈમારતો બની હતી. રાજાઓ દ્વારા આર્થિક વ્યવસ્થા બનાવવામાં આવી હતી. માલવીયજીના મૃત્યુ બાદ ત્યાંના કાર્યકર્તાઓએ એવી લૂંટ મચાવી દીધી કે શું કહેવું ? પોતાનો સ્વાર્થ સાધવા માટે એમણે એ સંસ્થાનું કોણ જાણે શુંનું શું કરી નાખ્યું. જો એ આશ્રમ આજે રહ્યો હોત, તો હિંદુ વિશ્વવિદ્યાલય સ્તરનો હોત, પરંતુ તેનો સર્વનાશ થઈ ગયો.

મિત્રો ! જેમને અમે પોતાના હાથ, પગ અને હોઠ સમજ્યા હતા તેમના ઉપર જ્યારે ગંદકીના થર જામતા જાય છે, ત્યારે અમને તે સમયે સૌથી વધારે દુઃખ થાય છે. તેઓ આજે નહિ તો કાલે આ સંસ્થાના મૂળ પર કુહાડી ચલાવશે તથા એને કાપી નાખશે અને એનો સર્વનાશ કરી નાખશે. પરંતુ આવી સ્થિતિમાં આપ પણ પ્રશંસાના ભાગીદાર થઈ નહિ શકો. તેઓ પોતે તો બરબાદ થઈ જ ગયા અને એ સંસ્થાનો પણ સર્વનાશ કરી નાખ્યો, એ બધું અમે ચાળીસ વર્ષની અંદર જોઈ લીધું છે. અમે આવું થવા દઈશું નહિ. મિત્રો ! આપનું કામથી ભાગવું તથા આપની અનુશાસનહીનતા અમને બિલકુલ પસંદ નથી. જો આપનામાંથી કોઈની પણ અંદર નેતાગીરીનું બીજ વિકસી રહ્યું હોય તો તેને કચડી નાખો. આ બાબતે અમને દુઃખ છે. આવી આદતો અમને જરાય પસંદ નથી. આપ અમારું મન દુભાવવાનું કષ્ટ કરશો નહીં. એનાથી આપ પણ સુખી નહિ રહી શકો. આપ પણ આ રીતે ત્રાસ આપશો, તો આપ સુખી નહિ રહી શકો.

## અમારું લક્ષ્ય ઉજ્જ્વળ ભવિષ્ય

ખેડૂત બે મહિના પહેલાં તેના ખેતરમાં ઊગેલો પાક જોઈને રોજ નવી નવી યોજનાઓ બનાવે છે તથા મનમાં ખુશ રહે છે. વસંતના મહિનામાં જ્યારે કોયલ આંબાના મહોર જોઈને પ્રસન્ન થાય છે ત્યારે ગાતી રહે છે. અમારી અંદર પણ ઉજ્જ્વળ ભવિષ્યને લઈને પ્રસન્નતા છે. સ્ત્રીના પેટમાં જ્યારે બાળક હોય છે, ત્યારે તેની માતા પહેલાંથી જ કપડાં સીવી તૈયાર રાખે છે. અમારું પણ લક્ષ્ય છે કે આ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દુનિયાને સુંદર બનાવવા માટે આપણે જેટલો પ્રયત્ન કરી રહ્યા છીએ તેનાથી પણ વધારે પ્રયત્ન કરીએ. આ કાર્ય થતું જોઈને અમને આનંદ થાય છે. અમારા કાર્યકર્તાઓને જોઈ અમને ઘણો આનંદ થાય છે. આપનામાંથી કેટલીક પાકી કેરીઓ છે, તો કેટલીક કાચી છે. બન્નેમાં શુ કોઈ ફરક છે? ના, કોઈ ફરક નથી. ગાયત્રી તપોભૂમિ, શાંતિકુંજ, બ્રહ્મવર્ચસ્ તથા શક્તિપીઠો પર કામ કરતા કાર્યકર્તા અને સમયદાની પણ અમારાં પ્રિય બાળકો છે, જેમણે સાથેસાથે ચાલવાનો સંકલ્પ લીધો છે.

મિત્રો ! આજે રક્ષાબંધનના દિવસે જેઓ મારો સંદેશ સાંભળી રહ્યા છે, તે બધા સમયદાની છે. કેવા સમયદાની છે ? આપ એક માસ પછી જન્મ લેવાના છો તથા તે પછી ગોદમાં રમશો. પછી તૈયાર થઈ જશો અને અમને સહકાર આપશો. અહીં જેટલા છે તેઓ વિચાર કરીને આગળ પાછળ આવ્યા છે. આપણી એક વંશ પરંપરા છે. આ ઋષિઓની પરંપરા છે. આપ તેના સભ્ય છો. ભવિષ્યમાં આ વધવાનું છે. જેઓ વૃદ્ધ થઈ જશે તેઓ મરશે તથા નવયુવાન આવતા રહેશે અને પરંપરા ચાલતી રહેશે. અમે આટલું સાહિત્ય લખીશું એવો નિશ્ચય કર્યો હતો તે પૂર્ણ કર્યો. શું એ અમારું કોઈ લક્ષ્ય હતું ? ના, એ લક્ષ્ય નહોતું. અમારું લક્ષ્ય એનાથી વધારે હતું. અમે નવો જમાનો લાવવાનો, કુરીતિઓને ખતમ કરવાનો તથા આ ધરતી પર સ્વર્ગનું અવતરણ કરવાનો સંકલ્પ લીધો છે. આ કાર્ય માટે લાંબી લડાઈ લડવાની જરૂર છે. અમને આનંદ છે કે અમારી સાથે અસંખ્ય લોકો ચાલી રહ્યા છે. અનુશાસિત સિપાઈની જેમ બંદૂક ચલાવવા માગે છે.

અમારું બીજું લક્ષ્ય નવો યુગ લાવવાનું, નવું વાતાવરણ બનાવવાનું, નવી પરંપરા તથા નવો મનુષ્ય બનાવવાનું અને અમારી બીજી કેટલીય યોજનાઓ છે. દેશ, સમાજ, પરિવાર તથા જનમાનસ બનાવવા માટે અમારે કેટલાંય કામો કરવાનાં છે. આ કામ અમે એકલા પૂર્ણ કરી શકતા નથી. આ કામ અમારો જીવાત્મા કરશે. તેનો અર્થ એ કે અમારા સહયોગી આ કાર્ય પુરું કરી શકે છે. મિત્રો ! અમે એકલા શાંતિકુંજ ન બનાવી શકત, ન પ્રજ્ઞા-સંગઠન બનાવી શકત કે ન આટલું વિશાળ પ્રચારતંત્ર ઊભું કરી શકત, પરંતુ અમારા અસંખ્ય સહયોગીઓ દ્વારા એ કાર્ય પુરું થઈ ગયું. એ અમારા હાથપગ છે. અમારાં સાધન, સંપ્રદાય, સંગઠનનો અર્થ અમે છીએ. અમે એ એકલા કરતા નથી. સંગઠન ન હોત તો અમે એકલા શું કરવાના હતા. અમારી સાથે માતાજી છે, જે અમારું બધું કાર્ય સંભાળે છે. અમારા સહયોગી અમને દુઃખ-બીમારી, મુશ્કેલીઓમાં સલાહ આપે છે. લેખન-સંપાદન પણ કરે છે. એકલો માણસ કશું કરી શકતો નથી. શાખા-સંગઠન વિના કશું થઈ ન શકે. આપ અમારી બિરાદરીના છો તો આપ અમારા વિચારનો ખ્યાલ રાખો, અમારી ઈજ્જતનો ખ્યાલ રાખો, કેમ કે હવે આપ અમારા કુટુંબ-પરિવારમાં સામેલ થઈ ગયા છો. અમારી દસસૂત્રી યોજના, વીસસૂત્રી યોજના અને બીજી ઘણી યોજનાઓ છે. જે માણસની જે યોગ્યતા, જે ક્ષમતા હોય તે મુજબ વૃક્ષારોપણથી માંડીને અનેક કામો કરી શકે છે.

## ત્રણ વસ્તુઓ ઓછી કરી લો

મિત્રો ! અમારે એ કહેવાનું છે કે આપ ત્રણ વસ્તુઓ ઓછી કરી લો તો આપ સેવા કરી શકો છો તો આપ અમારા પાકા, ઈમાનદાર તથા મહાન કુટુંબી સભ્ય છો. આ ત્રણ વસ્તુઓ છે - લોભ, મોહ અને અહંકાર.

૧. આપ આપનો લોભ ઓછો કરો. ઓછામાં ઓછાથી જ જીવન ચલાવવાનો પ્રયાસ કરો. આગામી દિવસોમાં કોઈ પણ વ્યક્તિ ધનવાન નહિ રહી શકે. આવનાર યુગમાં જેઓ વધુ ભેગું કરશે, વધુ ઠાઠમાઠમાં રહેવા માગશે, તેમને લોકો જીવિત રહેવા દેશે નહિ. આપની યોગ્યતા હોય, તો વધારે આપશે. આપને કલમ, ચશ્મા વગેરેની જરૂર છે, તો અમે આપીશું. પરંતુ આપ જરૂરિયાત કરતાં વધારે રાખી નહિ શકો. આપે સરેરાશ ભારતીય નાગરિકનું જીવન જીવવું પડશે. આપ વધારે ભોજન લઈ શકતા નથી. આપ અમને એકવીસ રોટલીઓ ખાઈ બતાવો. આપ ઘણાં કપડાં પહેરીને બતાવો. આ સંસારમાં દરેક માણસનો કોટા છે. એ જ સીમામાં રહેવું જોઈએ. જે માણસ જેટલો લોભ ઓછો કરી લેશે, તે આધ્યાત્મિકતાની દૃષ્ટિએ તેટલો જ મહાન બનતો જશે.

૨. કુટુંબ હોય તો તેને સીમિત બનાવવાનો પ્રયત્ન કરજો. આપ સંતાનોની સંખ્યા જેટલી વધારશો, તેટલી આપ સમાજની સેવા કરી નહિ શકો. જ્યારે આપનું કુટુંબ વિશાળ હશે, ત્યારે આપ અમારા હાથપગ, કુટુંબી અને પરિવારનું અંગ બનીને કામ કરી નહિ શકો. આજના જમાનામાં બાળક પેદા કરવું તે એક ગુન્હો છે.

૩. ત્રીજી વાત છે 'અહં'ની. 'અહં' એટલે અહંકાર. આ એક એવો મોટો ચાંડાળ છે, એવો મોટો કસાઈ છે કે તેના જેવો સાર્વજનિક સેવાકાર્યમાં બાધા લાવનાર બીજો કોઈ શત્રુ હોઈ જ ન શકે. લોકસેવાના ક્ષેત્રે જે અહંકારી છે, તે મરશે. તેથી આપ આપના વિશે એ તૈયારી કરો કે નાનામાં નાના કાર્યકર્તા બનીને કામ કરી શકો. આપ


Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વધારેમાં વધારે મહેનત કરવાનો પ્રયાસ કરો. આપ અમારાં હાડકાં ખોલીને જોઈ લો, અમે અમારું તેલ કાઢી નાખ્યું છે. દધીચિ જેવું દાન તો નથી આપ્યું, પરંતુ અમે મહેનત કરી છે. મહેનત, પરિશ્રમ, શ્રમ અને મનોયોગ જ સફળતાની ચાવી છે.

બીજી મહત્ત્વની વાત છે, બધાને પોતાના કરતાં મોટો માનવો, પોતે સૌથી નાના બનીને રહેવું. 'એટમ' સૌથી નાનો છે, પરંતુ કેવું તોફાન પેદા કરી દે છે. પોતાના વ્યક્તિત્વને નાનું બનાવીને ઊંચે ઊઠવાનો પ્રયાસ કરવો. ગાંધીજીએ અમને સૌથી નાનું કામ જે ભંગીનું હતું, તે સોંપ્યું. એમણે કહ્યું કે જો તું આ કરી લઈશ તો અમારા આશ્રમ તથા ગાંધીજીને સમજી લઈશ. નાના કામમાં પણ મહાનતા શીખવી જોઈએ. જે માણસ નાનું કામ કરશે, તે એટલો જ મોટો માણસ છે તથા જે વક્તા બનીને, મેનેજર બનીને, ગાયક બનીને રહેશે એમ વિચારશે તે હલકો માણસ બનશે. ગાંધીજી, વિનોબા, વિવેકાનંદ વગેરે નાના બનીને જીવ્યા અને મહાન બની ગયા.

મિત્રો ! ભારત દેશ જ્યારે આઝાદ થઈ ગયો ત્યારે ગાંધીજીને રાષ્ટ્રપતિ બનવા માટે કહ્યું હતું, તો એમણે કહ્યું કે ખબરદાર, આવું ફરીથી કહેશો નહિ. જનતા પાર્ટીની સરકાર આવી તે સમયે જયપ્રકાશ નારાયણને પણ રાષ્ટ્રપતિ બનવા માટે કહેવામાં આવ્યું, ત્યારે એમણે સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. જો તમારામાં નેતા બનવાની, ખુરશીની, મંચની ઈચ્છાનો દોષ ક્યારેક આવી ગયો, તો બેકાર બની જશો. પોતાના આત્માના વિકાસ વિશે વિચારો, નહિ તો બે કોડીના બની જશો. આ રીતે બનશો, તો અમને દુઃખ થશે. અમે ઈચ્છીએ છીએ કે અમારો પ્યાર અને તપ આપના ઉપર ન્યોછાવર કરી દઈએ, પરંતુ પુણ્ય અને જ્ઞાન, અમારાથી નહિ થાય. આને આપે જાતે પ્રાપ્ત કરવું પડે છે. જો બાળકના શરીરમાં ગંદકી લાગેલી હોય, તો તેને અમે ગોદમાં કેવી રીતે લઈ શકીએ છીએ ? જેઓ મોટાં કામ કરવા માગે છે અને નાનાં કામ કરવામાં આનાકાની કરે છે, તેમની સફળતા વિશે શંકા રહે છે. ના સાહેબ, અમે તો બેસી રહીએ, શેઠ બેઠા રહે છે, કામ તો મજૂરો કરે છે. અમારે કામ સાથે શું સંબંધ ? તો બેટા, અમારું તમારું બનશે નહિ, નભશે નહિ.

### સફળતાનાં સૂત્ર

મિત્રો ! આપને લોભ-લાલચ થશે તો આપ પ્રગતિ નહિ કરી શકો. જે જેટલું કમાયા છે તેટલું જ ખર્ચ કરી નાંખે, તો તે ખાલી હાથે રહેશે. આપ મોહ પણ ઓછો કરી નાખો, ઓછાં બાળકો પેદા કરો તથા એમ ન વિચારશો કે આપનું બાળક વિદેશ જશે, વકીલ બની જશે. આપ પોતાના પરિશ્રમ તથા નમ્રતા વિશે પૂરેપૂરો પ્રયાસ કરશો. કોઈ વખતે જ્યારે અમે રસોડા તરફ નજર કરીએ છીએ, ત્યારે અમારો સ્વંયસેવક ખૂબ જ તત્પરતા સાથે કામ કરતો દેખાય છે. તે અસલી નેતા લાગે છે. જ્યારે જોઈએ ત્યારે તેની ધોતી કસાયેલી હોય છે. તેને જોઈ અમને ઘણો આનંદ થાય છે. અમે આપના વિશે પણ આવી જ માન્યતા રાખીએ છીએ. આપની સાથે પણ અમારી ત્રણ કસોટી છે, ૧) શું આપ અમારો સ્નેહ ઈચ્છો છો ? ૨) શું આપ ભગવાન પર વિશ્વાસ રાખો છો ? ૩) શું આપ સમયની માગને પૂરી કરવા માટે પોતાની અંદર ઉત્સાહથી ભરેલા છો ?

જો એ આપને પ્રાપ્ત થઈ જશે તો આપના શત્રુઓ ભાગી જશે તથા આપનો અહંકાર ખતમ થઈ જશે અને આપ વજનદાર, ઈજ્જતદાર વ્યક્તિ બની જશો તથા આપને દરેક સ્થળે સન્માન મળશે. જો આ ત્રણ વસ્તુઓ થઈ જશે, તો આપ અમારી પાસે ખેંચાતા આવશો. લોઢાને ચુંબક ખેંચી લે છે. આપ લોઢું બની જાવ, અમે ખેંચી લઈશું. અમારી પાસે જીવનનો જે કાંઈ સાર છે, તે આપને સોંપી દઈશું. આ સિવાય આપને હું શું કહું ? આપનામાંથી જેઓ જૂના કાર્યકર્તા છે અને જેઓ નવા આવી રહ્યા છે, તેમને અમે ખૂબ પ્રેમ કરીએ છીએ અને હંમેશાં કરતા રહીશું. અમને પૂર્ણ આશા છે કે સંપૂર્ણ વિશ્વનું જે નવું ભવિષ્ય બનવાનું છે, તે આપના સહકારથી જ બનશે. તે માટે આપે આપનું વ્યક્તિત્વ લઈને અમારી પાસે ઊભા થવું પડશે. આપનું ફૂવડ, નકામું અને અણઘડ વ્યક્તિત્વ લઈને અમે શું કરીશું ? આપનું વધારાનું વજન અમારે સહન કરવું પડશે.

આપ દરરોજ વિચારો કે અમારો લોભ, મોહ, અહંકાર ઘટ્યો કે નહિ, અમારી શ્રમશીલતા અને કાર્યક્ષમતા વધી કે નહિ. જો આ રીતે નિત્ય ચિંતન કરી શકશો, તો આપનો જીવાત્મા જ આપને એટલો ઊંચે લઈ જશે કે આપ જોતા રહી જશો. તે સમયે આપ અમારા પ્રાણપ્રિય બની જશો તથા મિશન માટે ખૂબ જ ઉપયોગી બની જશો. આ જ વાત અમે હંમેશાં આપને સમજાવતા રહીએ છીએ. એ માટે આપે હંમેશાં પ્રયાસ કરતા રહેવું જોઈએ તથા અમારા પ્રાણપ્રિય બનીને રહેવું જોઈએ. અમે ઈચ્છીએ છીએ કે આપ આ કાર્યને એકસાથે પૂરું કરો તથા નવયુગને લાવી શકો. ।। ૐ શાંતિ ।।



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# પરમ પૂજ્ય ગુરુદેવનું ગાયત્રી યજ્ઞ અભિયાન અને તેની ફળશ્રુતિ

**યજ્ઞો વૈ શ્રેષ્ઠતમં કર્મ.**

શત. બ્રા. ૧-૭-૧૫

પરમ પૂજ્ય ગુરૂદેવે પોતાના યુગ પરિવર્તન અભિયાનનો આધાર ગાયત્રી અને યજ્ઞને માન્યો. ગાયત્રી એટલે સદ્‌બુધ્ધિ તથા યજ્ઞનું તાત્પર્ય સત્કર્મથી છે. સદ્‌બુધ્ધિ અને સત્કર્મનો સમન્વય જ સત્પ્રવૃત્તિઓને વધારતા વિશ્વ શાંતિ તથા માનવ કલ્યાણનું માધ્યમ બને છે અને પ્રાણમાત્રના કલ્યાણની સંભાવનાઓ વધે છે.

યજ્ઞના ત્રણ અર્થ છે-દેવપૂજન, દાન અને સંગતિકરણ. સંગતિકરણનું તાત્પર્ય- દેવત્વનું સંગઠન, સજ્જનોનું સંગઠન, સહકારિતા, કળિયુગમાં સંઘ શક્તિ પ્રમુખ બતાવાઈ છે. તેથી સંગઠિત થઈ સામૂહિક શક્તિના બળ પર જ સામાજિક સમસ્યાઓનો ઉકેલ થઈ શકે. પૂજ્યવરે હંમેશા એકાકી યજ્ઞના બદલે સામૂહિક યજ્ઞોને જ મહત્ત્વ આપ્યું. ગાયત્રી યજ્ઞનો વાસ્તવિક લાભ પણ જન સહયોગ દ્વારા સામૂહિક રૂપે કરવાથી થાય છે.

યજ્ઞનું તાત્પર્ય ત્યાગ, બલિદાન, શુભકર્મ (સેવા) છે. વાસ્તવમાં પ્રત્યક્ષ યજ્ઞકુંડમાં યજ્ઞાગ્નિને જે કંઈ અપાય છે, તે ત્યાગનું પ્રતીક છે. મૂલ્યવાન, સુગંધિત જડી-બુટિઓ, દ્રવ્ય તથા ઔષધિઓ તથા ઘૃત (ઘી) સૂકી દ્રાક્ષ, ગોળ-ખાંડ વગેરે ખાદ્યાન્નને યજ્ઞના માધ્યમથી સમસ્ત વિશ્વના કલ્યાણને માટે વિતરિત કરવામાં આવે છે. વાયુ શુધ્ધતાથી બધાને આરોગ્યવર્ધક શ્વાસ લેવાનો અવસર મળે છે. આ યજ્ઞનું એક નાનું સ્વરૂપ થઈ શકે, પરંતુ સંપૂર્ણ વિશ્વ યજ્ઞથી જ ચાલી રહેલ છે. એક મિનિટ પણ યજ્ઞ બંધ થઈ જાય તો સૃષ્ટિનો ક્રમ બગડી જશે, વિનાશ થઈ જશે. પ્રકૃતિ નિરંતર યજ્ઞ કરી રહી છે. સૂર્ય યજ્ઞ કરી રહ્યો છે. ચંદ્રમા યજ્ઞ કરી રહેલ છે. વાયુ, જળ, નદી, ઝાડ, સમુદ્ર, વાદળ, પૃથ્વી વગેરે યજ્ઞ કરી રહ્યા છે. ત્યારે આપણું જીવન ચાલી રહ્યું છે.

ઉન્નતિ વ્યક્તિગત હોય કે સમષ્ટિગત પૂરો આધાર સહકારિતા, ત્યાગ, સેવા, પરોપકાર પર જ નિર્ભર છે. જો મા પોતાના લોહી-માંસનો એક ભાગ શિશુના નિર્માણ માટે ન લગાવે, પ્રસવ પીડા ન સહે, પોતાનું શરીર નીચોવી તેને દૂધ ન પીવડાવે, પાલન પોષણનું કષ્ટ ન સહે તો મનુષ્ય જીવન ધારણ કેવી રીતે થઈ શકે. માતાની યજ્ઞીય ભાવનાઓ, યજ્ઞીય કાર્ય જ જીવન ધારણની ક્ષમતા આપે છે. ત્યારે તો કહેવાય છે કે મનુષ્યનો જન્મ યજ્ઞ ભાવના દ્વારા જ સંભવી શકે છે.

ગીતામાં ભગવાને આ તથ્યને સ્પષ્ટ કર્યું છે કે બ્રહ્માજીએ સૃષ્ટિની સંરચનાની સાથે જ યજ્ઞને મનુષ્યના જોડકાં ભાઈની માફક જ પેદા કર્યો છે. ઉપનિષદ્‌માં તો યજ્ઞને ''સંસાર ચક્રની ધરી'' કહેવાય છે. ગાડીની ધરી તૂટી જાય તો ગાડી ચાલી ન શકે. તેવી રીતે સંસાર ચક્ર વગર યજ્ઞ ચાલવો અશક્ય છે.

પ્રકૃતિનો સ્વભાવ યજ્ઞ પરંપરા અનુસાર છે. મનુષ્ય જાતિમાં કૃપણતા આવવા લાગી, યજ્ઞીય ભાવનાઓ ઓછી થવા લાગી. પ્રકૃતિથી દૂર જવા લાગ્યા, તેથી આજે અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, ભૂકંપ જેવા ત્રાસો વધી રહ્યા છે. માનવ જાતિનું અસ્તિત્વ સંકટમાં છે.

યજ્ઞ એક વિજ્ઞાન છે. ઋષિ-મુનિઓની પાવન પરંપરા છે. યજ્ઞમાં મંત્રોચ્ચાર સાથે અપાયેલ આહુતિઓ સૂક્ષ્મીભૂત થઈ અનેક ગણી શક્તિશાળી થઈ જાય છે. પર્યાવરણનું શુધ્ધીકરણ થાય છે. જીવ, જંતુ, વનસ્પતિ, પશુ-પક્ષીઓ માટે પણ સ્વાસ્થ્ય પ્રદ સિધ્ધ થાય છે. યજ્ઞની ઊષ્મા મનુષ્યના અંતઃકરણ પર પણ દેવત્વની, સુસંસ્કારોની છાપ ઉભી કરે છે. જ્યાં નિયમિત યજ્ઞ થાય છે, તે સ્થાન જીવંત તીર્થ બની જાય છે. માનસિક રોગ જેવા કામ, ક્રોધ, મદ, લોભ, મત્સર વગેરેનો ઉપચાર પણ યજ્ઞ દ્વારા થાય છે. ભૌતિક રૂપે યજ્ઞની ઊર્જા પોષકતત્વ રૂપે વાદળમાં ભળી જાય છે. તે વાદળ જ્યાં વરસે છે, ભારોભાર ધન-ધાન પૃથ્વી ઉપજાવે છે. આ પ્રાણ શક્તિના અભાવના કારણે જ આજની પેઢીમાં જીવની શક્તિનો વધુ અભાવ દેખાય છે.

એ જરૂરી છે કે વાદળોને સાત્વિક ગુણોવાળા નિર્મળ પુષ્ટ બનાવનારા યજ્ઞીય ધુમાડાના અણુ મળતા રહે. આ કારણે જ્યારે દેશમાં અધિક યજ્ઞ તથા અગ્નિહોત્ર સંપન્ન થતા રહ્યા, તે સમયની વૃષ્ટિ સત્વગુણોયુક્ત હોવાના કારણે અન્ન અને ઔષધીઓમાં પણ તે ગુણ ઓત-પ્રોત થઈ જતા હતા. અન્નનું સૂક્ષ્મ રૂપ જ મનને પુષ્ટ કરે છે. એ જ કારણ છે કે પુરાતન યજ્ઞીય સંસ્કૃતિનિવાસિઓના મન પણ સાત્વિક નિર્મળતા ભર્યા રહે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યજ્ઞ આયોજનો સાથે સંસારની સુખ સમૃદ્ધિને વધારવાની વિજ્ઞાન સંમત પરંપરા સમાયેલી છે. જ્યાં દેવશક્તિઓનું આવાહન ભાવભર્યા પૂજનનો મંગલમય સમાવેશ છે, ત્યાં પ્રેરણાઓ પણ ખૂબ છે. યજ્ઞ આયોજનમાં ભાગીદાર લોકો યજ્ઞીય ભાવનાઓને જીવનમાં ઉતારે, એ ઉદ્દેશ્ય પણ છે. પરમાર્થ પરાયણતાનું જીવન જીવે. યજ્ઞથી તેજસ્વીતા, પ્રખરતા, પરમાર્થ પરાયણતાની પ્રેરણા મળે છે. જે રીતે યજ્ઞમાં ઘી, સાકર, મેવા, ઔષધિઓ વગેરે બહુમૂલ્ય વસ્તુઓ પરમાર્થ પ્રયોજનોમાં આહુતિઓ રૂપે સમર્પિત કરવામાં આવે છે. તેવી રીતે અમારી પ્રતિભા, વિદ્યા, બુધ્ધિ, સમૃધ્ધિ, ક્ષમતા વગેરે પણ વિરાટ ભગવાનને સમર્પિત કરવા જોઈએ.

ઋગ્વેદનો પહેલો મંત્ર છે-**"ૐ અગ્નિમીલે પુરોહિતં યજ્ઞસ્ય દેવમૃત્વિજમ્."** અગ્નિને પુરોહિતની સંજ્ઞા આપવામાં આવી છે. અગ્નિ પરોપકાર કરે છે. તેની શિક્ષાઓને જીવનમાં ઉતારી લોક જ નહીં, પરલોક પણ સુધારી શકાય છે. શિક્ષાઓ પર વિચાર કરવો જોઈએ.

જે પણ પદાર્થ આપણે અગ્નિને આપીએ છીએ, તે સંગ્રહ નથી કરતો, પૂરા વિશ્વ માટે સૂક્ષ્મીભૂત કરી વિખેરી નાખે છે. ઈશ્વરે આપણને જે કંઈ આપ્યું છે. તેનું આપણે સારા વિશ્વ માટે લોક-કલ્યાણની દૃષ્ટિએ નિયોજિત કરવું જોઈએ. આ શિક્ષણ યજ્ઞાગ્નિ પુરોહિતથી મળે છે. સ્વાર્થપરતા, કૃપણતા, સંકોચીનતાના દાયરાને તોડી વિશ્વ કલ્યાણના માર્ગ પર દરેકે ચાલવું જોઈએ.

બીજુ શિક્ષણ યજ્ઞાગ્નિ આપે છે-આત્મસાત્ કરવું. અગ્નિના સંપર્કમાં જે કંઈ આવે છે. તેને પોતાના સમાન બનાવી લે છે. આપણા સંપર્કમાં પછાત નાના પરિજન આવે તો તેમને પોતાના સમાન બનાવવાનો આદર્શ અપનાવો. ત્રીજો ગુણ છે. ઊર્ધ્વગામિતા, અગ્નિની જ્વાળા હંમેશા ઉપર તરફ રહે છે. ગમે તેટલો પ્રયાસ કરો જ્વાળા દબાતી નથી. અમારા આદર્શ પણ ઊંચા હોવા જોઈએ. અમારી સંકલ્પ નિષ્ઠા હંમેશા અગ્નિની જેમ ઊંચી જ બને.

ચોથો ગુણ છે-પ્રકાશવાન. અગ્નિમાં જ્યાં સુધી જીવન છે, પ્રકાશ આપે છે. ઊષ્મા આપે છે. ગતિશીલ જીવન છે. પ્રકાશ આપવાનો સ્વભાવ છે. આપણે પણ જ્યાં સુધી શ્વાસ છે. બીજાને પ્રકાશ આપીએ. પુરુષાર્થપરાયણતાનો ક્રમ જીવનભર ચાલતો રહે. નિષ્ક્રિય જીવન નહીં સક્રિય, સતેજ જીવન જીવીએ.

પાંચમું શિક્ષણ છે. યજ્ઞ અગ્નિના અવશેષ ભસ્મના રૂપમાં બચે છે. તેથી અમારા જીવનનો અંત પણ **"ભસ્માંતં શરીરમ્"** યજુ ૪૦.૧૫ના રૂપમાં છે. આપણે પોતાના જીવનના અંતને એટલે કે મોતને યાદ રાખી સદૈવ સમયનો સદુપયોગ તથા સત્કર્મની વાત વિચારવી જોઈએ.

પોતાની થોડી વસ્તુને સૂક્ષ્મ વાયુ રૂપમાં બનાવી સમસ્ત જડ-ચેતન પ્રાણિઓને કોઈ પણ પોતાના-પરાયા, મિત્ર-શત્રુના ભેદ વગર શ્વાસ દ્વારા આ રીતે ગુપ્તદાનના રૂપમાં ખવડાવવું કે તેમને ખબર પણ ન પડે કે કોઈ દાનીએ અમને આટલું પૌષ્ટિક તત્ત્વ ખવડાવ્યું. સાચે જ એક શ્રેષ્ઠ બ્રહ્મભોજનું પુણ્ય પ્રાપ્ત કરવાનો એક સર્વોત્તમ ઉપાય છે-યજ્ઞ. કહેવાય છે-

**"દેવાધીનઃ પ્રજા સર્વા યજ્ઞાધીનાશ્ચ દેવતા"**

એટલે કે યજ્ઞથી દેવતા જીવિત રહે છે. ઉપરોક્ત તથ્યોની સત્યતા સ્પષ્ટ થઈ જાય છે કે પૃથ્વી, જળ (વરુણ), પવન (મરુત), આકાશ, અગ્નિ જેને આપણે પ્રત્યક્ષ દેવતા માનીએ છીએ, વાસ્તવમાં તે યજ્ઞથી જીવન મેળવે છે. એટલે કે શુધ્ધ, પરિપુષ્ટ બને છે. યજ્ઞથી પંચતત્ત્વોની શુધ્ધિ થાય છે. એવું યજ્ઞ વિજ્ઞાનનું માનવું છે. શાસ્ત્રોમાં એ પણ કહેવાય છે-

**"અગ્નિ વૈ દેવાનાં મુખમ્"**

અગ્નિ દેવતાઓનું મુખ છે, તેથી જે કંઈ દેવતાઓને ખવડાવવા માંગીએ છીએ, અગ્નિમાં હવન કરી દેવું જોઈએ. યજ્ઞને વિષ્ણુ એટલા માટે કહેવામાં આવે છે. કારણ કે યજ્ઞ પણ ભગવાન વિષ્ણુની માફક પ્રજાપાલક છે.

પ્રકૃતિથી આપણે શીખીએ, પ્રાકૃતિક જીવન જીવીએ. પ્રજ્ઞાયુગનું સતયુગી વાતાવરણ બનાવવામાં પોતાની ક્ષમતાઓનું નિયોજન કરી દેવ પરાયણ પ્રેરણાપદ જીવન જીવીએ.

યજ્ઞ સાથે રચનાત્મક આંદોલનો માટે રીતિ-નીતિ તથા વ્યવસ્થા નક્કી કરી સૃજનાત્મક વિચાર વિકસિત કરવાનું આપણું ધ્યેય હોય. બીજાને નહીં પોતાને જુઓ. પોતાની ક્ષમતાઓના, ભાવનાઓના નિયોજન સત્કાર્યમાં કેટલા થઈ રહ્યા છે. તેનું આત્માવલોકન કરો. છ અરબ લોકોના ''બ્રેઈન વોશિંગ''નું ધ્યેય પણ ધ્યાનમાં રાખો અને જન-જનમાં સ્વાધ્યાય પ્રત્યે રૂચિ જગાવો. યુગ ચેતના સાહિત્ય વાંચવા-વંચાવવાની પ્રેરણા આપો. ઘેર-ઘેર યુગ શક્તિ ગાયત્રી તથા અખંડ જ્યોતિ, યુગ નિર્માણ યોજના પત્રિકાના નિયમિત સદસ્ય બનાવવા માટે પ્રેરિત કરો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## યુગ નિર્માણ સમાચાર

**બાંખોર**-હિંમતનગર પાસેના બાંખોર ગામે તા. ૨૫-થી ૩૧-૭ દરમ્યાન ગાંધીનગર, ગાયત્રી શક્તિપીઠના પરિવ્રાજક શ્રી નાનકદાસજી સાધુ તથા પ્રજ્ઞા પરિજન શ્રી રમેશકુમાર મિસ્ત્રીની ટોળીએ ગ્રામના વિશાળ નર્મદેશ્વર મહાદેવ મંદિરનાં પ્રાંગણમાં પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન પ્રજ્ઞા પુરાણ તથા સટીક શિવ કથા પુરાણનું સંયુક્ત પારાયણ સંપન્ન કર્યું. રોચક ઉદાહરણો અને રમેશભાઈના યુગ સંગીતથી કાર્યક્રમ ઘણો જ સરાહનીય રહ્યો. નારાયણપૂરિ ગોસ્વામી, મહેષ ભાઈ ભટ્ટ, સુરેશચંદ્ર સોની, જ્યંતિલાલ સોલંકી, ડાહ્યાલાલ પ્રજાપતિનો સંનિષ્ઠ સહયોગ પુરાણ કથા સપ્તાહ અને આધ્યાત્મિક પ્રવચનોમાં ઉત્કૃષ્ટ રહ્યો.

**સારસા**-ગાયત્રી શક્તિપીઠના તીર્થભૂમિ વાતાવરણમાં મા ગાયત્રીના સાનિધ્યમાં મિશનના અનુશાસનથી કાર્યક્રમની શરૂઆત ગાયત્રી મહામંત્ર, ગુરૂવંદના કન્યા પ્રાથમિકશાળાની પ્રજ્ઞા બાળાઓએ અભિનય સાથે "વહ શક્તિ હમે દો દયાનિધે" ગાવામાં આવ્યું હતું. સ્વાગત ગીતે બધાના અંતરભાવોને મંત્ર મુગ્ધ કરી દીધા.

પ્રાસંગિક સ્વાગત પ્રવચન પ્રાથમિક શાળાના શ્રી રાજેન્દ્રગીરી સાહેબે કર્યું હતું પધારેલ મહાનુભાવોનું સ્વાગત પુષ્પગુચ્છથી પ્રજ્ઞા બાલિકાઓ દ્વારા કરવામાં આવ્યું. સમારંભના પ્રમુખશ્રી રણજીતભાઈ પટેલ (જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી) સમારંભના મુખ્ય મહેમાન નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, શ્રી ડી. વી. પટેલ આણંદ તાલુકા પ્રા. શિ. સંઘના પ્રમુખશ્રી અરવિંદભાઈ ચાવડા, તાલુકા કેળવણી નિરીક્ષક શ્રી દિલીપસિંહ મહીડા, આણંદ તાલુકા શિક્ષણ સંઘ મંત્રીશ્રી સિકંદરભાઈ વહોરા ગાયત્રી શક્તિપીઠના સક્રિય કાર્યકર્તા શ્રી કાંતિભાઈ, જ્યંતિભાઈ, વિનુભાઈ, જગદીશભાઈ, હર્ષદભાઈ તાલુકાશાળા સારસા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી તથા બેઠવા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી પધાર્યા હતા.

ગાયત્રી શક્તિપીઠ સારસાની પ્રજ્ઞાટોળી દ્વારા વિદ્યારંભ સંસ્કારની વૈદિક ઋષિ પરંપરા મુજબ સંસ્કાર સંપન્ન કરવામાં આવ્યા. પાંચસો બાળકોએ સંસ્કારની દિવ્યતાનો લાભ લીધો આમ સંકલ્પપૂર્વક આધ્યાત્મિક પ્રવેશોત્સવ ઉજવાયો હતો. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન શ્રી નવનીતભાઈ પટેલ તથા જીતુભાઈ પટેલે આપ્યું હતું.

**અમરેલી**-ગત દિવસોમાં શહેરનાં અમૃતનગર વિસ્તારની બહેનો દ્વારા પ્રજ્ઞા પુરાણ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશાળ શોભાયાત્રા સાથે કથાનો પ્રારંભ કરવામાં આવેલ તથા ૨૪૦૦ દિપયજ્ઞ સાથે પૂર્ણાહુતિ કરવામાં આવી. ભવ્ય સમિયાણામાં ગીત-સંગીત સાથે કથાનું રસપાન શાખાનાં પરિજનો દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરાંત કથાનાં સ્થળે જ્ઞાનરથ રાખી પૂ. શ્રીનું સાહિત્ય વિતરણ કરવામાં આવ્યું હતું.

આયોજનને સફળ બનાવવા માટે માણેકપરા અને અમૃતનગરની મહિલા મંડળની બહેનોનો શ્રમ અને સહયોગ સત્પરિણામનાં રૂપમાં ઉગી નીકળ્યો. આવા ૧૧ આયોજનો કરવા માટે બહેનો દ્વારા સંકલ્પ લેવામાં આવ્યા છે.

**ઝાલોદમુવાડા**-પ્રજ્ઞા મંદિરનાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમની શોભાયાત્રા, પ્રજ્ઞા મંદિરથી નીકળી ઝાલોદ નગરમાં ફરી પ્રજ્ઞા મંદિરમાં આવતાં આદરણીય ગૌડજીએ તેનું સ્વાગત કરેલ. સાંજે મહિલા સંમેલન રાખવામાં આવેલ. જેમાં ગૌડજીએ બહેનોમાં જાગ્રતિ લાવવા અંગે સુંદર વક્તવ્ય આપેલું. તા. ૨૬-૭ના રોજ સવારે સંસ્કારોમાં ૧૧ પુંસવન સંસ્કાર, ૨૦૦ મંત્રદિક્ષા, ૩૦૦ વિદ્યારંભ સંસ્કાર સાથે પાંચકુંડી ગાયત્રી યજ્ઞ અને પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ સફળ થયો. રાત્રે દિપયજ્ઞનો કાર્યક્રમ સંપન્ન કરવામાં આવેલો અને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવેલી.

**વડોદરા**-ગાયત્રી શક્તિપીઠ આમોદર-ખટંબા (વડોદરા) દ્વારા શક્તિપીઠની વિશાળ જગ્યામાં શહેર તથા જીલ્લાની વિવિધ ગાયત્રી પરિવાર શાખા તથા વનવિભાગના સહયોગથી લગભગ ૧૧૦૦ વૃક્ષોનું વાવેતર કર્યું તેમાં લીમડો, પીપળો, વડ, સરૂ, આસોપાલવ, ગુલાબ વિગેરે ફુલઝાડ તથા કુવરપાઠું, ગોખરૂ, અરીઠા, નાગોડ, અડુસી વિગેરે આયુર્વેદના છોડ, ફળઝાડ વિગેરેનું વાવેતર કર્યું.

શક્તિપીઠની પરીધના ખેડુતો તથા અગ્રગણ્ય, નાગરીકો વિગેરેએ પણ આ વૃક્ષારોપણ યજ્ઞમાં છોડમાં રણછોડની ભાવનાથી પૂર્ણ સહયોગ આપી ગાયત્રી પરિવારના આ ઉમદા કાર્યને બિરદાવ્યું હતું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.